# આશીર્વાદ

વર્ષ ૩જુ · અંક ૯મો · સળંગ અંક ૩૩ જુલાઇ ૧૯૬૯



શ્રી ભાગવંત વિદ્યાપીઠ અને માનવમંદિરના સૌજન્યથી

# —: ૫૧ ઉપરાંત ગ્રાહક બનાવનાર સેવાભાવી પ્રતિનિધિઓ :

**અમદાવાદ**

શ્રી હરિવદન એસ. ભટ્ટ
૩૨, શ્રી ગંગામૈયા હા. સો.
ખોખરા મહેમદાવાદ ૮

શ્રી ચીમનલાલ છોટાલાલ કાચવાલા
પૂલનીચે, રીચીરોડ,

શ્રી બાલગોવિંદભાઈ છગનલાલ પટેલ
ગળનારાની પોળ, શાહપુર

નવીનચંદ્ર જે રાવલ
ડો.નીચાલી ખોખરા મહેમદવાદ ૮

શ્રી ગોવિંદભાઇ ચતુરભાઈ પટેલ
(પ્રાંતિયાવાલા) ખારીકૂઇ,
ખોખરા મહેમદવાદ ૮

શ્રી મુકુન્દરાય જે જાની
પાવરહાઉસ, સાબરમતી,

શ્રી ભાલચંદ દશરથલાલ બારોટ
૩૦૨, હરિપુરા, અસારવા પાસે

શ્રી ઘનસ્યામચંદ્ર બદ્રીનાથ પંડયા
દોલતખાના, મોઢવાડો, સારંગપુર

શ્રી પ્રબોધ સી. મહેતા
લાખિયાની પોળ, ખાડિયા

શ્રી કેશવલાલ કાળીદાસ પટેલ
૪, રામધર, બંધુ સમાજ સોસાયટી
ઉસ્માનપુરા

શ્રી નંદુભાઇ ભાઈશંકર ઠાકર
૬૪૪, ટોકરશાની પોળ, જમાલપુર

શ્રી ધનુભાઈ ડાહ્યાભાઇ દલવાડી
દરજીની વાડીપાસે, દોલતખાના
સારંગપુર

શ્રી વિઠ્ઠલભાઇ ના. પટેલ
[ ગૃહપાલ ]
શ્રી કડવા પાટીદાર વિદ્યાર્થી ભવન
એલીસબ્રીજ

શ્રી રસિકલાલ સોમનાથ ભટ્ટ
સીટીસિવિલ કોર્ટ, ભદ્ર

શ્રી હિરાલાલ આશાભાઇ અમીન
૨૧ વિજય કોલોની,
ઉસ્માન પુરા—૧૩

**કોલ્હાપુર**

શ્રી હંસરાજ ગો. વેદ
૧૭૮૪, રાજારામપૂરી,

**કલકત્તા**

શ્રી ચંદ્રિકાબેન વી. રાવલ
૨૨, સ્કુલ રોડ ભવાનીપુર

**ગોંદિયા**

શ્રી જોઇતારામભાઇ
C/o મોહનલાલ હરગોવિંદદાસની કું.

**ગોંડલ**

શ્રી કાન્તિલાલ છગનલાલ શેઠ
નાની બજાર

**ગણદેવી**

શ્રી છગનલાલ ગાંડાલાલ ભટ્ટ
દવે મહોલ્લા

શ્રી મનુભાઈ મથુરાદાસ ભટ્ટ
હવેલી સ્ટ્રીટ

**ગોધરા**

શ્રી રતિલાલ દ્વારકાદાસ દેસાઇ
"ભગવદ" પરભારોડ

**જંબુસર**

શ્રી જયંતિલાલ છોટાલાલ ચોકસી
હશીખુશી સ્ટોર્સ,

**ડભોઇ**

શ્રી બિપિનચંદ્ર ગોવિંદલાલ
વસાઇવાળા, પુનિત સ્મૃતિ

**ધોળકા**

શ્રી નારણદાસ પ્રેમચંદ ગાંધી
ધમક વાડો.

**જામનગર**

શ્રી ગુણવંતપ્રસાદ પો. પરીખ
રણજીત માર્ગ

**બિલિમોરા**

શ્રી રમણલાલ છોટાલાલ ચોકસી
શ્રીમહાદેવનગર. લોખંડવાળાની ઉપર

શ્રી ભગવાનદાસ ગુલાબભાઇ પંચાલ
હિન્દુ વ્યાયામ મંદિર સામે

શ્રી છગનલાલ પંડયા
બિશનપુર, જમશેદપુર

**નડિયાદ**

શ્રી શાંતાબેન ત્રીભોવનદાસ મીસ્ત્રી
વીઠ્ઠલ કન્યાવિદ્યાલય રોડ.

શ્રી રજનીકાન્ત ચોકસી
સિદુશીપોળ,

**મુંબઇ**

શ્રી ભગવાનદાસ કે. કાપડીયા
માનવ મંદિર, માનવ
મંદિર રોડ,

શ્રી અમરતલાલ દવે
માનવ મંદિર માનવ મંદિર રોડ

બાશંકરલાલ હરગોવિંદદાસ પંડયા
અન્નપૂર્ણા નિવાસ, ૨૯, ક્રોસ;
રોડ નં. ૨ વિલેપાર્લા

શ્રી ઉષાબહેન મ. ભૂખણવાલા
૩૯, બજાજ રોડ, વિલેપાર્લા

શ્રી રામશંકર ટી. જાની
જાની વિલા એસ્ટેટ, નેહરૂ રોડ.
વિલેપાર્લા

**મીણકચ્છ**

શ્રી માધવભાઇ વલ્લભાઈ પટેલ

**ભરૂચ**

શ્રી વલ્લભદાસ છોટાલાલ ચોકસી
સી/૩૧૧ શેઠ ફળીયા

**સોલા [ દસક્રોઇ ]**

શ્રી ડાહ્યાભાઇ જગન્નાથ પુરાણી

**સુરત**

શ્રી મોહનલાલ મગનલાલ જરીવાલા
ધીઆ શેરી, મહિધરપુરા—સુરત

શ્રી રણછોડદાસ વનમાળીદાસ
બરફીવાલા, બરાનપુરી ભાગોળ

શ્રી મનુભાઇ જી. યાજ્ઞિક
ડાંગશેરી, દિલ્હીગેટ

**વલસાડ**

શ્રી જીતેન્દ્ર હીરાલાલ દેસાઇ
ક્વાટર ન. ૪૭૧ વેસ્ટ યાર્ડ

શ્રી કાન્તિલાલ રાવલ
રમેશ એન્ડ કંપની
સમર્થેશ્વર મહાદેવ પાસે

सत्यं शिवं सुन्दरम्

# આશીર્વાદ

સર્વે સુખિનઃ સન્તુ

વર્ષ : ૩જું ]    સંવત ૨૦૨૫ અધિક આષાઢ : ૧૫ જુલાઈ ૧૯૬૯    [ અંક : ૯મો

**સંસ્થાપક**
**દેવેન્દ્રવિજય**
'જય ભગવાન'

*

**અધ્યક્ષ**
**કૃષ્ણશંકર શાસ્ત્રી**

*

**સંપાદનસમિતિ**
**એમ. જે. ગોરધનદાસ**
**કનૈયાલાલ દવે**

*

**કાર્યાલય**
ભાઉની પોળની બારી પાસે,
રાયપુર, અમદાવાદ-૧
ફોન નં. ૫૭૪૭૫

*

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨-૦૦

## અનિવાર્ય આધારભૂમિ

**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।**

ઈશ્વરની ઈચ્છા અથવા જગતની યોજના પ્રાણીઓના જીવનનો વિકાસ થાય એમ કરવાની છે. માણસને ઇંદ્રિયોના સુખભોગો અને ધન પ્રાપ્ત થાય એ જ કંઈ જીવનની સાર્થકતા નથી અને એમાં જ કંઈ જીવનના વિકાસનો છેડો નથી. જીવનમાં જ્ઞાન, પ્રકાશ, આનંદ ઉત્પન્ન થાય અને વૃદ્ધિ પામે તથા માણસ છેવટે પરમાત્માના સ્વરૂપને સમજી શકે અને પ્રાપ્ત કરી શકે એ જ જીવનનો વિકાસ છે, જીવનનું કલ્યાણ અથવા સાર્થકતા છે.

આને માટે મનુષ્યે કર્મ કરવાં જોઈએ. જ્ઞાન, પ્રકાશ, વિકાસ, પ્રેમ, કલ્યાણ અર્થાત્ જીવનની સાર્થકતા આ દરેકની સિદ્ધિ કર્મ દ્વારા જ છે. બુદ્ધિ કર્મને અનુસરે છે. અર્થાત્ જ્ઞાન અથવા પ્રકાશ એ કર્મ દ્વારા પ્રકટે છે. કર્મહીન મનુષ્યમાં જ્ઞાન, પ્રકાશ, અનુભવ કે યોગ્યતા કંઈ પ્રકટતું નથી. જીવનની સંસિદ્ધિને અર્થાત્ પરમ સ્થિતિને જનક વગેરે કર્મ દ્વારા જ પ્રાપ્ત થયા છે.

જડ અથવા સ્થૂલ દેખાતું કર્મ એ જીવનમાં જ્ઞાનનું, લાગણીનું, આનંદનું, પ્રકાશનું સૂક્ષ્મ અથવા દિવ્ય સ્વરૂપ પ્રકટવા માટેની અનિવાર્ય આધારભૂમિ છે. જીવનનાં અથવા જગતનાં દરેક જાતનાં ફળો અને પરિણામો કર્મથી જ ઉત્પન્ન થનારાં છે.

આમ છતાં ફળની પસંદગી માણસે કરવાની નથી. માણસનું તેના જીવનની ચાલુ સ્થિતિમાં જે પ્રકારના ફળથી વધારેમાં વધારે કલ્યાણ અથવા વિકાસ થાય એ ભગવાન જાણે છે. એથી તેના કર્મનું તે પ્રકારનું ફળ તેઓ આપે છે. અથવા ભગવાનની પ્રકૃતિરૂપ કુદરતમાંથી તે પ્રકારનું ફળ મળે છે. માણસનો અધિકાર તો પોતાની શક્તિનો જગત માટે સારામાં સારો ઉપયોગ થાય એ રીતે કર્મ કરવાનો જ છે.

'ૐ'

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧ | અનિવાર્ય આધારભૂમિ | ૐ | ૧ |
| ૨ | અસ્ખલિત આનંદધારા | શ્રી વિનોબા ભાવે | ૩ |
| ૩ | પતિ અને પત્ની | શ્રી કેશવચંદ્ર સેન | ૪ |
| ૪ | ભક્તિ અને માયાનું સ્વરૂપ | શ્રી ડોંગરે મહારાજ | ૬ |
| ૫ | ફાંસી | શ્રી રવીન્દ્રનાથ ટાગોર | ૧૦ |
| ૬ | બાપુ સાથેના પાવન પ્રસંગો | શ્રી પુરુષોત્તમ લાલજી બાવીશી | ૧૭ |
| ૭ | જાગિયે રઘુનાથ | તુલસીદાસજી | ૧૮ |
| ૮ | ગામડાના ધરમરાજા | શ્રી બબલભાઈ મહેતા | ૧૯ |
| ૯ | બાળકો અને સિનેમા | શ્રી જીવરામ જોષી | ૨૩ |
| ૧૦ | સંકલ્પનું બળ | શ્રી રવિશંકર મહારાજ | ૨૫ |
| ૧૧ | કોઈક હનુમાન | ભક્તકવિ શ્રી દુલા ભાયા ‘કાગ’ | ૨૬ |
| ૧૨ | માણસની વાત | શ્રી હરિશ્ચંદ્ર | ૨૭ |
| ૧૩ | પ્રણામ કહના | શ્રી દેવેન્દ્રવિજય ‘જય ભગવાન’ | ૨૮ |
| ૧૪ | ભગવાનનો ભક્ત કોણ? | શ્રી ‘મધ્યબિંદુ’ | ૨૯ |
| ૧૫ | કમળો | આર્યવૈદ્ય પં. મિલિન્દ | ૩૦ |
| ૧૬ | ગીતગંગા (કાવ્યો) | શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી, મંગળદાસ જ. ગોરધનદાસ | ૩૧ |
| ૧૭ | ક્ષમા | શ્રી પરમાનંદ | ૩૨ |
| ૧૮ | જીવન એટલે શું? | શ્રી મુકુલભાઈ | ૩૩ |
| ૧૯ | આ શરીર પણ સમાજનું | શ્રી સાને ગુરુજી | ૩૩ |
| ૨૦ | ભક્ત દામોદર અને તેમનાં આદર્શ પત્ની | — | ૩૪ |
| ૨૧ | સમાચાર સમીક્ષા | — | ૩૯ |
| ૨૨ | સંસ્થા સમાચાર | — | ૪૦ |



**જીવનમાં પ્રકાશ અને પ્રેરણા આપી નવીન પ્રાણસંચાર કરનાર**

## ‘આશીર્વાદ’ માસિક

આ માસિક તેની સામગ્રીની દૃષ્ટિએ ખાસ વિશિષ્ટતા ધરાવતું માસિક છે

તેની સામગ્રીની ઉત્કૃષ્ટતા માણસને વિચાર કરવા પ્રેરે છે.

સાચી શ્રદ્ધા અને સાચા કર્તવ્યનો માર્ગ દર્શાવે છે.

મનુષ્યને અંધશ્રદ્ધા અને ગાડરિયા પ્રવાહમાંથી સાવધાન કરે છે.

સત્ય અને અસત્યના વિવેકની દૃષ્ટિ આપે છે.

એથી સુશિક્ષિત, વિચારશીલ, સમજુ વર્ગ ‘આશીર્વાદ’ને ખાસ પસંદ કરે છે.

‘આશીર્વાદ’ના વાંચેલા એક જ અંકમાંથી પણ ચિરકાળપર્યંત પ્રેરણા મળતી રહે છે.

એક વાર ‘આશીર્વાદ’ વાંચ્યા પછી હંમેશ માટે તેને આપ પોતાના કુટુંબનું માસિક બનાવવો.

ગ્રાહક બનવા માટે અમદાવાદ કાર્યાલયને લખો અથવા એજન્ટને ત્યાં લવાજમ ભરી પહોંચ મેળવો.

વાર્ષિક લવાજમ ભારતમાં માત્ર રૂ. ૫/– પરદેશમાં શિલિંગ ૧૦/–

**‘આશીર્વાદ’ કાર્યાલય**, ભાઉની પોળની બારી પાસે, રાયપુર, **અમદાવાદ–૧**

# અસ્ખલિત આનંદધારા

**શ્રી વિનોબા ભાવે**

ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરનું એક ગીત છે. તેમાં એમણે કહ્યું છે કે દુનિયામાં સર્વત્ર આનંદધારા વહી રહી છે. આ બાબતમાં ગુરુદેવ સાથે ઘણા લોકોને મતભેદ છે. લોકો એવો અનુભવ નથી કરતા કે દુનિયામાં આનંદધારા વહી રહી છે. બલ્કે એમને તો એવો અનુભવ થાય છે કે દુનિયા દુઃખથી ભરી છે. સંતોએ ને મોટા મોટા ગ્રંથોએ પણ એમ કહ્યું છે કે દુનિયા દુઃખમય છે. હવે, આ ગંભીર મતભેદનો ઉકેલ કેમ થાય? સમજવાની વાત એ છે કે વિશ્વભુવનમાં તો આનંદધારા જ વહી રહી છે. વિશ્વમાં તો સર્વત્ર આનંદ જ ભર્યો છે. કેમ કે વિશ્વમાં બધી ચીજો બધા માટે છે. હર કોઈ ત્યાગપરાયણ છે. પણ માનવસમાજની હાલત જુદી છે ત્યાં અત્યારે નિરંતર આનંદધારા વહી રહી નથી.

વિશ્વભુવનમાં આપણે શું જોઈએ છીએ? સામે આ વૃક્ષ છે. તે પોતાને માટે કાંઈ નહીં રાખે. પાંદડાં, ફળ, ફૂલ, છાયા, બધું જ લોકોને દઈ દેશે. તે અત્યંત ઉદાર ને સહનશીલ છે. કોઈ તેને કાપશે, તોયે કાંઈ નહીં કહે. બલ્કે તેને તે લાકડું આપશે. તુલસીદાસજીએ કહ્યું છે કે હાથમાં કુહાડી લઈને કોઈ ચંદનવૃક્ષને કાપશે, તો ચંદન તેને સુગંધ આપશે.

સામે આ નદી વહી રહી છે. તે બીજાઓને આપતી જ જાય છે. તેનું આપવાનું અખંડ ચાલે છે. સામે સૂર્યનારાયણ પ્રગટ થયા છે. એમની નિરંતર સેવા ચાલે છે. કોઈનું બારણું બંધ થાય છે, તો સૌમ્યતાથી બહાર ઊભા રહી જાય છે. ધક્કો મારીને અંદર નથી જતા; કેમ કે સેવકની એક મર્યાદા છે. પરંતુ દરવાજો જરા ખૂલ્યો કે એકદમ અંદર પ્રવેશે છે. એટલા બધા સેવામય છે.

આમ, આખી સૃષ્ટિ પરોપકારમાં મગ્ન છે. તેમાં દરેક ચીજ બીજાઓના ઉપકાર માટે છે. એટલા માટે અહીં આનંદધારા વહી રહી છે. બીજાઓ માટે જીવશે, તે આનંદનો અનુભવ કરશે. સૃષ્ટિમાં બધો પરાર્થ જ પરાર્થ છે, જ્યારે માણસમાં સ્વાર્થ જ સ્વાર્થ છે. એટલે માનવજીવન દુઃખમય છે. માણસ સ્વાર્થમગ્ન રહે છે, એટલે તેના જીવનમાં દુઃખધારા વહે છે.

તેથી ગુરુદેવ કહે છે કે સ્વાર્થ છોડશો, તો આનંદધારા વહેશે. ચારેકોર જે સૃષ્ટિ છે, તેને જોશો તો તમને દર્શન થશે કે બધાં કેવા બીજાઓને માટે જીવી રહ્યાં છે. હૃદય પ્રસારીને જોશો, હૃદય વિકસિત કરીને જોશો, તો દુનિયામાં જે આનંદધારા વહી રહી છે, તેનો અનુભવ આવશે, તેનું રહસ્ય તમારી સમક્ષ ખૂલશે. માટે હૃદય પ્રસારો, હૃદય વિસ્તારો. પોતાના હૃદયમાં બીજાઓનો સમાવેશ કરો. ક્ષુદ્ર સુખ પાછળ પડયા રહેશો, તો જીવનમાં દુઃખ જ પામશો માટે એ સુખને તુચ્છ માનો, અને પરોપકારમય જીવન બનાવો, હૃદય વિશાળ બનાવો, એમ ગુરુદેવ કહે છે.

ઉપનિષદમાં આવે છે કે ગુરુ ને શિષ્ય નદીકિનારે ખુલ્લી હવામાં બેઠા છે. સામે વિશાળ આકાશ છે. ગુરુ કહે છે કે આ સામે જેટલું મોટું, વ્યાપક અને વિશાળ આકાશ છે, એટલું જ વિશાળ આકાશ તારા હૃદયમાં છે. तावान् अेष: अन्तरहृदये अ काशः। દેખાવમાં તો હૃદય બાર આંગળીઓ જેવડું દેખાય છે. પણ આ સમસ્ત આકાશ, જેમાં સ્વર્ગ ને પૃથ્વી સમાયલાં છે, તે આખું ને આખું હૃદયમાં છે. જે બહાર છે અને જે બહાર નથી, તે પણ હૃદયમાં છે. એવડું વિશાળ હૃદય છે. તેથી કવિ કલ્પના કરી શકે છે. જે કલ્પના સૃષ્ટિમાંયે નથી મળતી, તે હૃદયમાં છે. હૃદય પ્રસારીને જોશો, તો આનંદધારાની કુંજી હાથમાં આવશે. સેવાનિમગ્ન બનશો, અને ક્ષુદ્ર સુખ છોડશો, તો જે મહાન આનંદરાશિ છે, તેને માટે દરવાજો ખૂલી જશે.

વરસોથી હું આ જ સમજાવતો આવ્યો છું. સૃષ્ટિમાંથી બોધ ગ્રહણ કરો. ગામમાં જે શ્રમ છે, ધન છે, શક્તિ છે, બુદ્ધિ છે, જમીન છે, તે સહુને માટે છે, સહુના ભલા માટે છે. તે સહુ સાથે ભોગવો. વહેંચીને ભોગવો. ગુરુદેવ કહે છે કે મને સમજાતું નથી કે લોકોમાં આટલી સ્વાર્થમગ્નતા કેમ છે. આનંદધારાનું પાન કરવાનો મોકો છોડીને આપણે જો પરસ્પર વિરોધી જીવન વિતાવીશું, તો પરસ્પરના સુખ વચ્ચે ટક્કર થતી રહેશે, અને તેને પરિણામે દુઃખધારા વહેશે.

# પતિ અને પત્ની

**શ્રી કેશવચંદ્ર સેન**

લગ્ન અથવા વિવાહ એ દૈવી સંબંધ છે; એટલા માટે સઘળાઓએ તેને પવિત્ર ગણવો જોઈએ.

જેઓ આ ગંભીર સંબંધને કેવળ સ્થૂલ માની લઈ માત્ર ઐહિક વ્યવહાર પૂરતો જ ગણે છે, તેઓ તેનું પૂર્ણ મહત્ત્વ સમજતા નથી.

પતિ અથવા તો પત્ની, એ શું બજારમાં વેચાતી ચીજ છે કે તે ગમે તેવી રીતે ખરીદ કરી કે વેચી શકાય?

રાજદરબારમાં કે સરકારના અધિકારીઓના ચોપડામાં લગ્નની નોંધ કરવામાં આવે છે, તેટલાથી જ શું તે ઈશ્વરને ઘેર પણ મંજૂર થઈ શકે છે?

લગ્ન એ કંઈ માત્ર શારીરિક સંબંધ જ નથી, પણ આત્મિક સંબંધ છે. લગ્નમાંની પ્રેમગાંઠ સાક્ષાત્ પરમેશ્વર પોતાને હાથે જ બાંધે છે; અને એક આત્માનો બીજા આત્માની સાથે પ્રેમસંબંધ જોડે છે.

જે વિવાહસંબંધ પ્રત્યક્ષ પરમેશ્વરની સાક્ષીથી થતો નથી તે લગ્ન એ નામને પાત્ર થઈ શકતો જ નથી.

એટલા માટે જેઓને લગ્ન કરવું હોય તેમણે સરકારી અધિકારીઓની સહાયતાથી એકબીજાને ખરીદી લેવાં નહિ, પરંતુ સર્વ રાજાઓનો રાજાધિરાજ એવો જે પરમેશ્વર તેની જ સાક્ષીથી અને તેના જ હાથથી લગ્નની પવિત્ર ગાંઠ બાંધવી, અને તેના ઉપર તે દયાળુ પ્રભુના જ મંગલમય આશીર્વાદનો સિક્કો મારી લેવો.

કારણ કે પ્રભુના આશીર્વાદ વિના અને અનુગ્રહ વિના લગ્ન જેવી અત્યંત મહત્ત્વની જવાબદારી વહોરી લઈને, સંસારી ગૃહસ્થનાં કર્તવ્યો કેવળ પોતાના એકલાના જ બળ ઉપર કરી શકવાને માટે કોણ શક્તિમાન છે? કોઈ નથી.

એટલા માટે લગ્નદેવતાની સામે મસ્તક નમાવી નમ્ર બનો. તેનો આશીર્વાદ મેળવો, તેની કૃપા અને શક્તિ અંતઃકરણમાં સંગ્રહો, અને ત્યાર બાદ સંસારરૂપ મંદિરમાં પ્રવેશ કરો. નહિ તો પછી સંસારમાંના અનેક સંકટોનું નિવારણ કરવા માટે અને ભયંકર મોહપાશ તોડવા માટે તમે કદી પણ શક્તિમાન થશો નહિ.

તમારા શરીરમાં જીવ છે ત્યાં સુધી હમેશાં પરમાત્મા પાસે એ જ માગો કે, 'હે પ્રભો! અમારો આ આત્મિક સંબંધ દિનપ્રતિદિન વધારે ને વધારે દૃઢ થતો જઈને આખરે અમે બંને નિરંતર ઐક્યાવસ્થામાં રહીએ એવી કૃપા કરો.'

લગ્નસંબંધ થયો એટલે વિવાહિત અવસ્થામાંના સુખની સીમા આવી રહી એમ કાંઈ નથી. પ્રેમ અને પવિત્રતા એ આત્માના બે ગુણો જે અવસ્થામાં સતત વૃદ્ધિ પામ્યા જ કરે એવી જે લગ્નાવસ્થા, તેનો આ લગ્નથી કેવળ પ્રારંભ થાય છે, એમ જ સમજવાનું છે. આ સ્થૂલ લોકમાં સ્ત્રીપુરુષોનો વિવાહ-લગ્નસંબંધ કદી પણ પૂર્ણ થઈ શકતો નથી. આખરે મરણ પછી પણ પતિપત્નીના આત્માઓનું શાશ્વત ઐક્ય બનીને, બંનેને એકબીજાંના સમાગમનું અવિચ્છિન્ન સુખ પ્રાપ્ત થવાનું છે. લગ્ન એ તો માત્ર તે સુખનું પહેલું પગથિયું છે.

એટલા માટે પતિપત્નીએ આ આત્મિક ઐક્ય વધારવાનો સતત પ્રયત્ન કરવો.

આ લોકમાં પતિ અને પત્ની એ બંને જુદી જુદી વ્યક્તિઓ દેખાય છે, તોપણ મૃત્યુ પછી એકબીજાંના આત્માઓનું ઐક્ય થયા પછી તેમની વચ્ચેનો તમામ ભેદ નાશ પામશે. તેઓ બંને પૂર્ણ રીતે એક બનશે. તેમની વચ્ચે કોઈ પણ પ્રકારનો વિયોગ કે અંતરાય રહેશે નહિ. એ જ ખરું લગ્ન છે.

મતલબ કે લગ્નસંસ્કાર એ આત્મિક વિવાહનું ઉત્તમ દ્યોતક છે; એટલા માટે પતિપત્નીએ એકબીજાં ઉપર પૂર્ણ વિશ્વાસ રાખવો, શુદ્ધ પ્રેમ કરવો, અને ઐહિક તથા પારલૌકિક વિષયોમાં ઐક્યભાવથી હળીમળીને રહેવું; એમ થયા વિના લગ્ન સફળ થતું નથી.

પતિએ પત્નીનો અથવા પત્નીએ પતિનો તિરસ્કાર કરીને પોતાનામાં ઉચ્ચપણું છે, એમ માની લઈ એકબીજાં ઉપર કોઈ પણ પ્રકારના મોટાપણાની છાપ બેસાડવાનો પ્રયત્ન કરવો નહિ. પ્રભુના ઘરમાં બંનેનો અધિકાર સરખો જ છે, એ હમેશાં ધ્યાનમાં રાખીને સંસારમાં વર્તવું.

જે પુરુષો પોતાની સ્ત્રીને કેવળ ગુલામની પેઠે રાખે છે, અને તેમને ઘરની અંદર કેદીની માફક રાખ્યા સિવાય તેમનું પતિવ્રત કદી પણ સચવાવાનું

નથી, એમ જેઓને લાગે છે, તેમ જ જેઓ તેમની સુધારણા નહિ કરતાં તેમને હંમેશાં કેવળ ગુલામગીરીમાં રાખવા ઇચ્છે છે, તેઓ ખચીત માનજો કે 'પતિ' કહેવડાવવાને જરા પણ યોગ્ય નથી.

તેમ જ પતિનો અનેક પ્રકારે છળ કરીને અથવા મોહપાશથી બાંધી લઈને તેની ઉપર પોતાનું ઉચ્ચપણું રાખવા ઇચ્છનારી સ્ત્રી 'પત્ની' કહેવડાવવાને જરા પણ યોગ્ય નથી.

સંસારમાં પતિએ પત્ની ઉપર અને પત્નીએ પતિ ઉપર કોઈ પણ પ્રકારનો જુલમ કરવો નહિ, બંનેએ એક મતથી સંસાર ચલાવવો.

સ્ત્રીપુરુષોની યોગ્યતા અને અધિકાર સરખાં છે, તોપણ પુરુષે અને સ્ત્રીએ પણ પોતપોતાનાં કર્તવ્યમાં દક્ષ-ખબરદાર રહેવું. એકબીજાંનો અધિકાર પચાવી પાડવાનો પ્રયત્ન કરવો નહિ,

કુટુંબમાંના દરેક જણને એક એક કાર્ય સોંપી દીધેલું છે. તે કાર્ય કોઈએ પણ મૂકી દેવું નહિ.

પુરુષે સ્ત્રીપણું સ્વીકારીને ઘરની અંદરનાં ઘરકામો કરવાની ઇચ્છા કદી પણ કરવી નહિ; તેમ જ સ્ત્રીએ પણ પોતાનામાં પુરુષપણું લાવીને પુરુષોનું કામ કરવાની લાલસા રાખવી નહિ.

પરમાત્માએ દરેક જણને જે કંઈ કર્તવ્ય સોંપ્યું છે તે સ્ત્રીએ કે પુરુષે સંતોષથી કરવું. બંનેએ એકબીજાંને પોતાનાં સહાયક તરીકે સમજવાં; પણ પ્રતિસ્પર્ધી સમજવાં નહિ.

જે સ્ત્રી પ્રભુના હુકમની અવજ્ઞા કરીને પોતાનો કોમળ એવો દેહસ્વભાવ ભૂલી જાય છે, અને પોતાનો વાસ્તવિક કાર્યભાગ તજીને અતિશય કષ્ટસાધ્ય, એટલું જ નહિ પણ સ્ત્રીજાતિને અયોગ્ય એવાં પુરુષોનાં કાર્યો કરે છે, તેને ધિક્કાર છે! એવી સ્ત્રીનો સર્વ રીતે વિનાશ થશે. આખરે તેને લજ્જા તથા અપ્રતિષ્ઠા પ્રાપ્ત થશે.

ગર્વથી કુટુંબનો વિનાશ થાય છે, તેમ જ ઈર્ષ્યા અથવા મત્સરથી પણ સંસાર કથળી જઈ કુટુંબસુખનો સર્વથા વિનાશ થાય છે; એટલા માટે ઈર્ષ્યા કરવી એ મહાન પાપ છે, એમ સમજી તેથી દૂર રહેવું.

વિશ્વાસઘાત સમાન બીજું કોઈ મહાન પાપ નથી, અને સ્ત્રીએ પોતાનું પાતિવ્રત્ય અને પુરુષે પોતાનું પત્નીવ્રત ભંગ થવા દેવું એના જેવો મહાન વિશ્વાસઘાત બીજો કોઈ નથી; એટલા માટે એ વ્રત બહુ કુશળતાથી સાવધ રહીને પાળવું જોઈએ. એવો વિશ્વાસઘાત કરવાના વિચારમાત્રથી કે તેની છાયાથી પણ અંતઃકરણ અભડાઈ જાય છે.

જે પાતિવ્રત્ય સંભાળી રાખવાને માટે મહાન પ્રયાસો કરવા પડે છે, નિર્ભય સ્થળમાં જ જેનું રક્ષણ થઈ શકે છે—એટલે કે છેક નજીવા મોહથી પણ જેનો નાશ થાય છે—તે કંઈ ખરું પાતિવ્રત્ય નથી. સ્ત્રીપુરુષમાં પરસ્પરનો પ્રેમ એટલો મજબૂત હોવો જોઈએ કે ગમે તેવો બળવાન મોહ ઉત્પન્ન થાય, તોપણ જેથી કરીને આ પ્રેમનો વિનાશ થવાનો સંભવ છે, એવી જાતના વિચાર પણ મનમાં આવી શકે નહિ.

પાતિવ્રત્યની સાથે પોતાનામાં અડગ પ્રેમ પણ હોવો જોઈએ. તેમાં પતિવ્રતના સદ્‌ગુણથી સ્ત્રીઓની યોગ્યતા કાયમ રહે છે. અને પ્રેમના સદ્‌ગુણથી તેઓ બીજાંની પણ યોગ્યતા વધારે છે. પાતિવ્રત્ય એ નહિ ઊઘડેલું ફૂલ કે કળી છે, એમ કહીએ, તો પ્રેમને પ્રફુલ્લિત થયેલું પુષ્પ છે, એમ કહેવામાં કોઈ પણ જાતની હરકત નથી.

એટલા માટે પતિપત્નીએ એકબીજાં ઉપર નિર્ભર પ્રેમ કરવો, અને એકબીજાંનાં અંતઃકરણમાં પ્રેમ વડે નિરંતર નિવાસ કરવો.

બંને જણાં એકબીજાંની સહાયથી જેવી રીતે ગૃહસંસાર ચલાવે છે, તેમ તેઓ બંનેએ મળીને હંમેશાં ઈશ્વરની ઉપાસના કરવી. તેમ જ કોઈ કોઈ પ્રસંગે પારમાર્થિક વિષયો ઉપર વાતચીત કરીને પોતાના વિચારો એકબીજાંને નિવેદિત કરવા.

પતિપત્ની એકાન્ત સ્થળમાં બેસીને આનંદપ્રદ અંતઃકરણથી જે સમયે પ્રભુનું ધ્યાન, ભજન તથા ચિંતન કરે છે તે સમયનો દેખાવ અત્યંત રમણીય અને સુંદર હોય છે. તે દૃશ્ય જોઈને અંતર્યામી જગદાત્મા પ્રભુને પરમ સંતોષ થાય છે.

આવી રીતે સંસારમાં વર્તનાર સ્ત્રીપુરુષોનાં સ્વર્ગીય સુખોનો પ્રારંભ આ લોકમાં જ થાય છે અને મરણ પછી તેઓ શાશ્વત સુખના આનંદમાં સદા માટે નિવાસ કરે છે.

*

# ભક્તિ અને માયાનું સ્વરૂપ

શ્રી ડોંગરે મહારાજ

ઈશ્વરથી વિભક્ત (જુદું) ન થાય તેનું નામ ભક્તિ. સત્ય શું અને અસત્ય શું, ન્યાય શું અને અન્યાય શું, ધર્મ શું અને અધર્મ શું, નીતિ શું અને અનીતિ શું, એનો દરેક બાબતમાં સતત વિચાર કરતા રહેવું જોઈએ. તે ભગવાનની માનસિક ભક્તિ છે. સત્ય શું અને અસત્ય શું એ વિચારતાં જે સત્ય, ન્યાય, ધર્મ અને નીતિયુક્ત જણાય તેના પ્રત્યે પ્રેમ એ હાર્દિક ભક્તિ છે. અને એ પ્રેમ અથવા હાર્દિક ભક્તિ અનુસાર કર્મ કરવું, આચરણ કરવું તે શારીરિક (અર્થાત્ કાયિક) ભક્તિ છે. માનસિક, હાર્દિક (અર્થાત્ ભાવપૂર્વક) અને શારીરિક ત્રણે રીતે નિષ્કપટ ભાવે, દંભ તથા દેખાવના હેતુ વિના સત્યનું આચરણ કરવું એમાં ભક્તિની સંપૂર્ણતા છે. સર્વ સાધનોમાં ભક્તિ શ્રેષ્ઠ છે. ભક્તિશૂન્ય મનુષ્યોની સર્વ સાધનાઓ નિષ્ફળ જાય છે. ભક્તિભાવ જાગૃત કરનારી કથા એ જીવ અને ઈશ્વરનું મિલન કરવાનું સાધન છે.

ભાગવતમાં જ્યાં જ્યાં ભક્તિ શબ્દ વપરાયો છે, ત્યાં ત્યાં તીવ્ર શબ્દ પણ સાથે વાપરેલો છે. ભક્તિ તીવ્ર જોઈએ. તીવ્રતા વગરની સાધારણ ભક્તિ ન ચાલે. સત્ય, અહિંસા અને જનતાની સેવા માટે ગાંધીજીમાં કેટલીક તીવ્ર ભક્તિ હતી? **तीव्रेण भक्तियोगेन यजेत पुरुषं परम्॥** તીવ્ર ભક્તિયોગથી (લાગણીથી) જનતારૂપી જનાર્દનની સેવા કરવી જોઈએ. **इदं हि विश्वं भगवानिवेतरः।** આ આખું વિશ્વ 'બીજ' જેવું દેખાય છે, પણ તે ભગવાન જ છે. ભગવાનથી બીજો (ભિન્ન) કોઈ પદાર્થ જ નથી. આખા વિશ્વમાં ભગવાન એક જ પદાર્થ છે. અને એ જ ભગવાન આપણું સાચું સ્વરૂપ છે.

શુકદેવજી વર્ણન કરે છે: હે રાજન્, કોઈ પણ પ્રકારે મુક્તિ મેળવવી હોય તો ભોગનો ત્યાગ કરવો પડશે. ભોગી માણસ જ્ઞાનમાર્ગમાં આગળ વધી શકતો નથી. ભોગ જ્ઞાનમાં પણ બાધક છે અને ભક્તિમાં પણ બાધક છે. હે રાજન્, ભોગ ભોગવવા કરતાં ભોગના ત્યાગમાં અનંતગણું સુખ છે. આ વાત અનુભવ કરી જોવાથી જ સમજાય છે. જે માણસ અંદરથી ભરેલો છે, અંતરથી ગરીબ નથી, પણ સંતુષ્ટ છે, સ્વાભાવિક તૃપ્તિવાળો છે, તેને ભોગવવા કરતાં ત્યાગમાં જ વધુ સુખ જણાય છે. ઇંદ્રિયોથી ઉત્પન્ન થતું સુખ સર્વ પ્રાણીઓનું સરખું જ હોય છે. ત્વચેન્દ્રિય(ચામડી)નું સ્પર્શસુખ અને જિહ્વેન્દ્રિયનું રસસુખ પશુનું, મનુષ્યનું અને દેવો તથા ગંધર્વોનું સરખું છે. મનુષ્યને ઇંદ્રિયસુખ ભોગવતાં જે આનંદ મળે છે, તે જ આનંદ પશુને પણ મળે છે. છપ્પન મણ રૂની તળાઈમાં આળોટતાં શેઠિયાને જે સુખ મળે છે તેવું જ સુખ ગધેડાને ઉકરડા પર આળોટવામાં મળે છે. માટે મનુષ્યે બુદ્ધિથી વિચાર કરીને ભોગો છોડવા જોઈએ. ભોગોમાં ક્ષણિક સુખ છે અને ત્યાગમાં હંમેશનું અનંત સુખ છે.

ભોગથી શાન્તિ મળતી નથી, ત્યાગથી શાન્તિ મળે છે. ઇંદ્રિયજન્ય સુખ પશુ, પક્ષી અને મનુષ્યનું સરખું છે. ભૂંડને વિષ્ઠા ખાવામાં જે સુખ મળે છે તેવું સુખ મનુષ્યને શ્રીખંડ ખાવામાં મળે છે. હે રાજન્, આજ સુધી તેં અનેક ભોગો ભોગવ્યા છે. હવે તારી પ્રત્યેક ઇંદ્રિયને તું ભક્તિરસનું દાન કર. ઇંદ્રિયોરૂપી પુષ્પો ભગવાનને અર્પણ કરો. શરીરરૂપી સાધન વિશ્વરૂપ ભગવાનની સેવામાં સમર્પિત કરો.

ભોગોનો ત્યાગ કરી ધીમે ધીમે સંયમને વધારવો અને પ્રત્યેક બાબતમાં સત્ય–અસત્યનો વિવેક કરી સત્ય અને નીતિને ઉત્કટ પ્રેમથી આચરણમાં મૂકવાં આમાં જ ઈશ્વર સાથેની તન્મયતા છે. એણે જ પોતાની જાતને કૃષ્ણાર્પણ અથવા ભગવાનને અર્પણ કરી છે. ભોગવાસનારહિત આવું જીવન એ જ મોક્ષ છે.

જે મનુષ્ય કર્મ અને વાસનાને લઈને જન્મે છે, તેનો ગર્ભવાસ એ નરકવાસ છે.

એક વાર શુકદેવજી જનક રાજાના દરબારમાં રાજા પાસે વિદ્યા શીખવા ગયા છે. વિદ્યાભ્યાસ પૂરો થયો. શુકદેવજીએ કહ્યું કે મારે ગુરુદક્ષિણા આપવી છે. જનકરાજાએ કહ્યું: મારે ગુરુદક્ષિણા જોઈતી

---

ઉદ્યમી અને નિષ્પાપ મનુષ્ય નિર્ધન સ્થિતિમાં પણ ઈશ્વરી આનંદને ભોગવતો હોય છે.

નથી. તું બહુ આગ્રહ કરે છે, તો જગતમાં જે નિરુપયોગી વસ્તુ હોય તે મને આપ.

જનકે નિરુપયોગી વસ્તુ માગી છે. ગુરુદક્ષિણા આપવાની છે. શુકદેવજી નિરુપયોગી વસ્તુની શોધમાં નીકળ્યા છે. પ્રથમ તેમણે માટી ઊંચકી. માટી કહે, મારો ઘણો ઉપયોગ છે. પથ્થર લીધો. પથ્થર કહે, મારો ઘણો ઉપયોગ છે. આ પ્રમાણે શુકદેવજી જે વસ્તુ ઉપાડે તે ઉપયોગી જ જણાય. અંતે થાકીને વિષ્ઠા ઉપાડી. વિષ્ઠા કહે, મારો પણ ઉપયોગ છે.

વિચાર કરતાં શુકદેવજીને લાગ્યું કે આ દેહાભિમાન જ નિરુપયોગી છે.

વિશ્વરૂપી ભગવાનની સેવા કરતાં કરતાં દેહાભિમાન જાય અને ભોગો ભોગવવાની તૃષ્ણા મટી જાય તથા જનતા–જનાર્દનની સેવામાં જ પરમ આનંદ આવે ત્યારે ગોપીભાવ સિદ્ધ થયો એમ સમજવું. આવા દેહાભિમાનરહિત સેવકને જગતમાં પરમાત્માની નિત્ય લીલાનો અનુભવ મળે છે.

શુકદેવજીએ જનકરાજાને કહ્યું : મારું દેહાભિમાન ગુરુદક્ષિણામાં અર્પણ કરું છું.

જનકરાજાએ કહ્યું : હવે તું કૃતાર્થ થયો છે.

શુકદેવજીએ દેહાભિાન છોડયું છે. પ્રથમ દેહાભિમાન હતું નહિ એટલે મંગળાચરણ કર્યું ન હતું. બીજા સ્કંધના ચોથા અધ્યાયના ૧૨ મા શ્લોકમાં મંગળાચરણ કર્યું છે તે તો વિષયના નિરૂપણ માટે તથા શ્રોતાઓના દેહાભિમાનની નિવૃત્તિ માટે છે.

કથા સાધકોને માર્ગદર્શન કરે છે. એટલું જ નથી, સિદ્ધ પુરુષોને પણ કથા સાંભળવવાની જરૂર પડે છે. શુકદેવજીની કથામાં તેમના પિતા વ્યાસજી અને તેમના પિતા પરાશરજી વગેરે બેઠા હતા.

બીજા સ્કંધના ૧–૨–૩ અધ્યાયમાં ભાગવતનો બધો બોધ આવી ગયો. રાજાને જે ઉપદેશ કરવાનો હતો તે આ ત્રણ અધ્યાયમાં કર્યો છે. તે પછી તો પરીક્ષિત રાજાનું ધ્યાન ફરીથી વિષયો તરફ ન જાય તે માટે બધાં ચરિત્રો કહ્યાં છે.

શુકદેવજી સ્તુતિ કરે છે :

**नमो नमस्तेऽस्त्वृषभाय सात्वतां**
**विदूरकाष्ठाय मुहुः कुयोगिनाम् ।**
**निरस्तसाम्यातिशयेन राधसा**
**स्वधामनि ब्रह्मणि रंस्यते नमः ॥**

(૨–૪–૧૪)

જે મહાન ભક્તવત્સલ છે, જગત પ્રત્યે નિષ્કામ ભક્તિવાળાઓને જે પોતાનું સંપૂર્ણ સ્વરૂપ અર્પણ કરી દે છે, અને કામનાને લઈને ભોગો સાથે જોડાયેલા તથા ભોગો માટે મથી રહેલા લોકો માટે જેમની દિશા ( માર્ગ ) ઘણી દૂર છે, જેમના ઐશ્વર્યની સમાન કોઈનું ઐશ્વર્ય નથી તો પછી તેમનાથી અધિક ઐશ્વર્ય તો હોઈ જ કેવી રીતે શકે ? એવા અશ્વર્યવાળા જેઓ નિરંતર પોતાના બ્રહ્મસ્વરૂપ ધામમાં વિહાર કરી રહ્યા છે, તે ભગવાન શ્રીકૃષ્ણને હું વારંવાર નમસ્કાર કરું છું.

પ્રેમમાં પક્ષપાત આવી જાય છે. શુકદેવજી રાધાકૃષ્ણને બે વાર નમસ્કાર કરે છે. કારણ કે રાધાજી શ્રી શુકદેવજીનાં ગુરુ છે. રાધાજીએ શુકદેવજીને બ્રહ્મસંબંધ કરાવી આપ્યો છે. આ શ્લોકમાંના **राधसा** શબ્દનો અર્થ મહાત્માઓ 'રાધાજી' એવો પણ કરે છે.

શુકદેવજી પૂર્વજન્મમાં પોપટ હતા અને રાધા અને કૃષ્ણના લીલાનિકુંજમાં 'હે રાધે, હે રાધે' એમ રાતદિવસ સતત રટયા કરતા હતા. શુકદેવજી શ્રી રાધાજીના શિષ્ય છે. આથી તો ભાગવતમાં રાધાજીના નામનો પ્રકટ ઉલ્લેખ નથી. કારણ કે ગુરુનું નામ પ્રકટરૂપે લેવાની શાસ્ત્રની મર્યાદા નથી.

ભાગવતના ટીકાકાર શ્રીધર સ્વામી આ પાંચને નિત્ય માને છે: ભગવાનનું સ્વરૂપ નિત્ય, ભગવાનની લીલા નિત્ય, ભગવાનનું નામ નિત્ય, ધામ નિત્ય અને પરિકર નિત્ય છે.

પરીક્ષિત રાજાએ પ્રશ્ન કર્યો છે: ભગવાન પોતાની માયાથી આ સૃષ્ટિની રચના કેવી રીતે કરે છે? શુકદેવજી કહે છે: બ્રહ્માએ નારદજીને સૃષ્ટિના આરંભની કથા કહી છે, તે તું સાંભળ.

એક જ નિરાકાર સ્વરૂપમાં રહેલ ભગવાનને એકમાંથી અનેક થવાની ઇચ્છા થઈ. એથી તેમણે ચોવીસ તત્ત્વોને ઉત્પન્ન કર્યાં. એ તત્ત્વો છૂટાં છૂટાં રહી

કોઈ કાર્ય કરી શક્યાં નહિ, તેથી જેમ છૂટા છૂટા પડેલા મણકાઓમાં એક દોરાનો પ્રવેશ થાય તેમ એક ચૈતન્યસ્વરૂપ પ્રભુએ તે તત્ત્વોમાં પ્રવેશ કર્યો ત્યારે એ તત્ત્વોમાં ચેતનશક્તિ પ્રકટ થઈ.

શુકદેવજી કહે છે: નિર્ગુણ–નિર્વિકલ્પ પરમાત્મામાં સૃષ્ટિ રચવાની ઇચ્છા થઈ. એ ઇચ્છા એ જ બ્રહ્માજી છે. પરમાત્માની નાભિ(ઇચ્છાશક્તિની ઉત્પત્તિનું મૂળ સ્થાન)માંથી ઉત્પન્ન થયેલ બ્રહ્માણ્ડરૂપ કમળ ઉપર બેસી બ્રહ્માજી સૃષ્ટિ રચવાનો વિચાર કરી રહ્યા હતા. પણ જે જ્ઞાનદૃષ્ટિથી સૃષ્ટિની રચના થઈ શકે તે એમનામાં ન હતી. (ઇચ્છાશક્તિમાં જ્ઞાનદૃષ્ટિ હોતી નથી.) તેવામાં બ્રહ્માજીને આકાશવાણી (પોતાના હૃદયમાંથી આવતો પરમાત્માનો અવાજ અથવા પ્રેરણા) સંભળાઈ. (હૃદય એ જ વિષ્ણુપદ અથવા આકાશ છે.) બ્રહ્માજીને 'તપ' 'તપ' એવો શબ્દ સંભળાયો. તેમણે માન્યું કે મને તપ કરવાનો આદેશ થયો છે. બ્રહ્માજીએ સો વર્ષ તપ કર્યું અને તેમને નારાયણનાં દર્શન થયાં.

તપ કર્યા વગર કોઈને સિદ્ધિ મળતી નથી. તપ કર્યા વિના કોઈની પણ પ્રગતિ થતી નથી. તપ ન કરે તેની પ્રગતિને બદલે અધોગતિ (અર્થાત્ 'તપ' શબ્દને ઊલટાવવાથી 'પત') એટલે પતન થાય છે.

નારાયણ ભગવાને બ્રહ્માજીને ચતુઃશ્લોકી ભાગવતનો ઉપદેશ કર્યો. બીજા સ્કંધના નવમા અધ્યાયના ૩૨ થી ૩૫ શ્લોક એ ચતુઃશ્લોકી ભાગવત.

ભગવાન સંતાકૂકડીની રમત રમે છે. આરંભમાં તમામ જીવો ભગવાનના પેટમાં હતા. ભગવાન પ્રત્યેક જીવને તેના કર્મ પ્રમાણે શરીર આપે છે અને પછી કહે છે, બેટા, હવે હું સંતાઈ જાઉં છું. હવે તું મને શોધવા આવજે.

ચતુઃશ્લોકી ભાગવતનો ભાવ આ પ્રમાણે છે:

જગત ન હતું ત્યારે હું જ હતો. જગત રહેશે નહિ ત્યારે પણ હું જ રહીશ જેમ સ્વપ્નમાં એક જ જીવ સ્વપ્નના બધા પદાર્થોરૂપે અને સ્વપ્નમાં દેખાતાં પ્રાણીઓરૂપે થાય છે, તેમ જાગ્રતના જગતમાં પણ અનેકમાં એક જ છે, એવો જ્ઞાની પુરુષોનો અનુભવ છે. દાગીનાના આકાર જુદા જુદા હોવા છતાં સર્વમાં એક જ સોનું રહેલું છે, દાગીનાને વેચવા જતાં તેની કિંમત પણ સોનાની જ મળે છે, દાગીનાના આકારની નહિ, તેમ ઈશ્વર સિવાય બીજું જે કંઈ દેખાય છે તે સત્ય નથી. ઈશ્વર વિના બીજું દેખાય છે એ જ ઈશ્વરની માયા છે. માયા ન હોવા છતાં દેખાય છે અને ઈશ્વર સર્વમાં હોવા છતાં દેખાતા નથી, એ જ માયાનું કાર્ય છે. તેને જ મહાપુરુષો આવરણ અને વિક્ષેપ કહે છે.

જેમાંથી આ સર્વ જગત ઉત્પન્ન થાય છે, તે મૂળ કારણરૂપ પ્રભુ સત્ય છે અને પ્રભુમાં ભાસે છે તે સંસાર સત્ય નથી, પરંતુ માયાથી ભાસે છે.

માયાની બે શક્તિઓ છે: ૧–આવરણશક્તિ. તે પરમાત્માને ઢાંકી રાખે છે. ૨–વિક્ષેપશક્તિ. તે ઈશ્વરની અંદર જે નથી તે જગતનો ભાસ કરાવે છે. અંધકારના દૃષ્ટાન્તથી આ સિદ્ધાન્ત સમજાવ્યો છે. ભૂલથી અર્થાત્ અજ્ઞાનથી જે ન હોય તે દેખાય અને હોય તે ન દેખાય.

આત્મસ્વરૂપનું વિસ્મરણ એ માયા છે. પોતાના સ્વરૂપનું વિસ્મરણ એ સ્વપ્ન છે. સ્વપ્ન જેને દેખાય છે, તે જોનારો સાચો છે અને જે દેખાય છે તે સ્વપ્ન મિથ્યા છે. સ્વપ્નમાં એક જ પુરુષ છે, પણ અનેક દેખાય છે. તત્ત્વદૃષ્ટિએ જોઈએ તો સ્વપ્નમાં સ્વપ્નનો જોનારો (સ્વપ્નનો સાક્ષી) એ એક જ સાચો છે. તે જાગી જાય છે ત્યારે સ્વપ્ન લોપ પામી જાય છે અને તેને ખાતરી થાય છે કે હું ઘરમાં પથારીમાં સૂતો છું. તેમ આ જગતમાં બ્રહ્મ એ એક જ તત્ત્વ છે. પણ માયાને લીધે તે અનેકરૂપે ભાસે છે. માયા જીવને વળગેલી છે. આ માયા જીવને ક્યારે વળગી? માયા અનાદિ છે. તેનું મૂળ શોધવાની જરૂર નથી. માયા એટલે અજ્ઞાન. અજ્ઞાન ક્યારથી શરૂ થયું તે શોધવાની શી જરૂર છે? માયા જીવને ક્યારથી વળગી તેનો વિચાર કરવો નહિ. તેનો પાર પામી શકાય તેમ નથી. જેમ આપણને અમુક બાબતનું વિસ્મરણ ક્યારે થયું એ કહી શકાતું નથી, તેમ અજ્ઞાનનો આરંભ ક્યારે થયો એ કહી શકાય નહિ. અજ્ઞાનમાંથી જાગી જવું એ જ અજ્ઞાનના નાશનો તાત્કાલિક ઉપાય છે. એ જ

---

તપ, પરિશ્રમ, પ્રયત્ન, પુરુષાર્થ, સાધના અથવા ક્રિયા એ આનંદનાં જ પૂર્વરૂપો છે.

જરૂરનું છે.

કપડા ઉપર ડાઘ પડ્યો હોય તો તે શાથી પડ્યો, ક્યારે પડ્યો વગેરે વિચાર કરવાને બદલે પડેલો ડાઘ તુરત દૂર કરવો એ જ હિતાવહ છે.

સુદામાએ એક વખત શ્રીકૃષ્ણ પાસે માગણી કરી કે મારે તમારી માયાનાં દર્શન કરવાં છે. તમારી માયા કેવી હોય? શ્રીકૃષ્ણે કહ્યું: સમય આવ્યે તેનાં દર્શન કરાવીશ. ચાલો, પહેલાં ગોમતીમાં સ્નાન કરવા જઈએ. ભગવાન સ્નાન કરી પીતામ્બર પહેરે છે. સુદામાએ ગોમતીના જળમાં ડૂબકી મારી, ત્યારે પ્રભુએ પોતાની માયા બતાવી. સુદામાને લાગ્યું કે ગોમતીમાં પૂર આવ્યું છે અને પોતે તેમાં તણાતા જાય છે. તે પછી તણાતાં તણાતાં એક ઘાટ આવ્યો. તે ઘાટ ઉપર તેમણે આશ્રય લીધો. ત્યાંથી ફરતા ફરતા સુદામા એક ગામ પાસે આવ્યા છે. ત્યાં એક હાથણીએ તેમના ગળામાં ફૂલની માળા પહેરાવી. લોકોએ સુદામાને કહ્યું: અમારા દેશના રાજા મરણ પામેલા છે, આ ગામનો એવો કાયદો છે કે રાજાના મરણ બાદ આ હાથણી જેને માળા પહેરાવે તે રાજા થાય. તેથી તમે અમારા દેશના રાજા થયા. સુદામા રાજા બન્યા. એક રાજકન્યા સાથે તેમનું લગ્ન થયું. બાર વર્ષ સંસાર ચાલ્યો. બાર પુત્રો થયા. તેવામાં એક દિવસ રાણી માંદી પડી અને મરણ પામી. સુદામા રડવા લાગ્યા. તે બહુ સુંદર હતી, સુશીલ હતી. લોકો કહે: તમે રડો નહિ. અમારી માયાપુરીનો કાયદો છે કે તમારી પત્ની જ્યાં ગઈ છે ત્યાં તમને પણ મોકલવામાં આવશે. એટલે કે પત્ની સાથે તમને પણ તેની ચિતામાં બાળવામાં આવશે. આ સાંભળી સુદામા પત્ની માટે રડવાનું ભૂલી ગયા અને પોતાને માટે રડવા લાગ્યા. હાય, હવે મારું શું થશે? મારે જીવતાં અગ્નિમાં બળવું પડશે. સુદામા લોકોને કહે છે કે હું તો પરગામનો છું. મને તમારા ગામનો કાયદો લાગુ ન કરો. ગામલોકો કહે છે: તમે આ ગામમાં આવ્યા અને અહીં ઘરસંસાર માંડ્યો એટલે તમને આ ગામના કાયદા લાગુ પડશે. સુદામાને થયું કે હવે પત્નીના શબ સાથે બળવા સિવાય છૂટકો નથી, એટલે તેમણે ગામલોકોને કહ્યું કે મને એક વખત નદીમાં સ્નાનસંધ્યા કરી લેવા દો, પછી મને બાળજો. તેઓ સ્નાન કરવા ગયા. તેમની ફરતા ચાર માણસો તેમને ઘેરીને ઊભા છે, કે જેથી તેઓ નાસી ન જાય. સુદામા ખૂબ ગભરાયા. ગભરાટમાં તેઓ પ્રભુને યાદ કરે છે. રડતા રડતા તેઓ નદીમાંથી બહાર આવ્યા. તે વખતે ભગવાન સ્નાન કરી પીતાંબર પહેરી રહ્યા હતા. ભગવાન પૂછે છે કે તમે કેમ રડો છો? સુદામા કહે છે: હમણાં દેખાતું હતું તે બધું ક્યાં ગયું? તે બધું ક્યાંથી દેખાતું હતું અને હવે ક્યાં ગયું? કંઈ સમજાતું નથી. ભગવાન કહે છે, બેટા, આ મારી માયા છે. મારા વિના જે ભાસે છે તે જ મારી માયા છે.

માયા એટલે સત્ય વસ્તુનું વિસ્મરણ. તે જ આવરણ છે. સત્યનું વિસ્મરણ થાય એટલે અસત્યનો વિક્ષેપ અર્થાત્ ફેલાવો થવા લાગે છે. સત્યના વિસ્મરણ પાછળ અસત્યનું સ્ફુરણ થવા લાગે છે. આનું નામ જ માયા છે. मा એ નિષેધાત્મક છે. या એટલે જે. અર્થાત્ જે ન હોય છતાં ભાસે, ભ્રમમાં નાખે તે માયા.

જે સતત સત્ય–અસત્યનો વિવેક કરતો રહે, તેને માયા પકડી શકે નહિ. માયા જીવને વળગી છે તે તત્ત્વદૃષ્ટિથી સાચું નથી. કારણ કે વાસ્તવિક દૃષ્ટિએ (તત્ત્વદૃષ્ટિએ) માયાનું અસ્તિત્વ છે જ નહિ.

માયા એ નર્તકી છે. તે બધાંને નચાવે છે. માયાને તરવા માયા જેમની દાસી છે, તે માયાપતિ પરમાત્માને જ પામવા પ્રયત્ન કરવો જોઈએ.

**मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ।**

'હે અર્જુન, જેઓ સત્યરૂપ, ધર્મરૂપ, નીતિરૂપ એવા મને નિરન્તર ભજે છે, તેઓ આ દુસ્તર માયાને અથવા સંસારને તરી જાય છે.

સત્ય અને અસત્યનો વિવેક, તેનું ચિંતન અર્થાત્ સત્યાસત્યનો વિચાર, સત્ય પ્રત્યે પ્રેમ અને જીવનનાં બધાં ક્ષેત્રોમાં સત્ય, પ્રેમ અને પરોપકારનું આચરણ એ મારી સર્વાંગી શ્રેષ્ઠ ભક્તિ છે. આવી સંપૂર્ણ ભક્તિ દ્વારા મનુષ્યો મારી અગમ્ય, અગાધ અને દુસ્તર માયાના સ્વરૂપને પણ સારી રીતે જાણી લઈને તેમાં મોહ પામતા નથી, પણ તેને તરી જાય છે, તેનાથી પર થાય છે.

*

# ફાંસી

**શ્રી રવીન્દ્રનાથ ટાગોર**

દુખિરામ રૂઈ અને છિદામ રૂઈ બંને ભાઈ સવારમાં ઊઠી, હાથમાં દાતરડું લઈ મજૂરી કરવા જતા હતા, ત્યારે તેઓની સ્ત્રીઓ વચ્ચે ભારે કકળાટ ચાલતો હતો. પરંતુ બીજા નાના પ્રકારના નિત્ય કલરવની પેઠે આ કોલાહલ પણ પાડોશીને સદી ગયો હતો. ઊંચે સાદે બોલવાનું શરૂ થતાં જ લોકો પરસ્પર કહેતા કે 'એ જુઓ તો ખરા, આજે વળી મચી છે' અર્થાત્ જેવી આશા રાખી હતી બરાબર તેમ જ બન્યું છે. આજ પણ સ્વાભાવિક નિયમનું ઉલ્લંઘન થયું નથી. સવારમાં પૂર્વ દિશામાં સૂર્યોદય થાય છે ત્યારે જેમ કોઈ તેનું કારણ પૂછતું નથી તેમ આ કોળીઓના ઘરમાં બંને દેરાણી-જેઠાણી વચ્ચે જ્યારે કંઈ કજિયો સળગે ત્યારે કોઈ એનું કારણ જાણવાની પરવા કરતું નહિ.

એટલું તો નક્કી કે આ કંકાસ પડોશીઓ કરતાં બંને પતિદેવોને વધારે સ્પર્શ કરતો હતો. છતાં તેઓ તેને પોતાના કામમાં વિઘ્નકર્તા ગણતા નહિ. તેઓ બંને ભાઈઓ એમ માનતા હતા કે જાણે આ લાંબો સંસારમાર્ગ એક રેંકડી પર ચઢી પસાર થાય છે અને બંને બાજુએ બે કમાન વગરનાં પૈડાંનો અવિશ્રામ કિચુડ કિચુડ અવાજ જીવનરથયાત્રાનો એક વિધિવિહિત નિયમ છે.

ઊલટું ઘરમાં જે દિવસે ચુંચાં થતું નહોતું, બધું ગુપચુપ સૂનકાર જણાતું તે દિવસે એકાદ આવી પડનારા અનૈસર્ગિક ઉપદ્રવની શંકા પેદા થતી; તે દિવસે શું બનવાનું હતું એ વાત કોઈ કહી શકતું નહિ.

અમારી વાર્તાનો બનાવ જે દિવસે શરૂ થયો, તે દિવસે સંધ્યાકાળની શરૂઆતમાં જ બંને ભાઈ આખો દિવસ મજૂરી કરી થાકયાપાકયા ઘેર આવ્યા હતા. તેઓએ ઘેર આવતાં જ જોયું કે આખું ઘર સૂનકાર છે.

બહાર પણ અત્યંત નિઃસ્તબ્ધતા ફેલાઈ રહી હતી, બપોરે વરસાદનું એકાદ ઝાપટું પડી ગયું છે. હજુ ચોમેર વાદળાંનો જમાવ થઈ રહ્યો છે. પવન જરા પણ વાતો નથી, ચોમાસાને લીધે ઘરની ચોમેર છોડવા અને ઘાસ અતિશય ઊંચું વધી ગયું છે, ત્યાંથી અને પાણીમાં ડૂબેલા શણનાં ખેતરોમાંથી, પલળેલી વનસ્પતિ પરથી આવતી ઊની વરાળ ચોમેર એકાદ અસલ દીવાલની જેમ ઘેરી વળી હતી. ગાયો બાંધવાની કોઢ પાછળ ખાબોચિયામાંથી દેડકાનો અવાજ આવતો હતો અને તમરાંના અવાજથી સંધ્યાકાળનું નિઃસ્તબ્ધ આકાશ તદ્દન પરિપૂર્ણ બની ગયું હતું.

થોડે દૂર ચોમાસાની પદ્મા નવીન વાદળાંની છાયામાં અતિશય સ્થિર, ભયંકર ભાવ ધારણ કરી વહે છે. ખેતરનો મોટો ભાગ તોડીફોડી તે વસ્તીની પાસે આવી રહી છે. એટલું જ નહિ પણ કિનારાની પાસે આવેલા બેચાર આંબાનાં ઝાડનાં મૂળિયાં પણ બહાર દેખા દઈ રહ્યાં છે, જાણે તેઓની નિરુપાય મુઠ્ઠીનાં પહોળાં થયેલાં આંગળાં શૂન્યમાં એકાદ કંઈ છેવટનું અવલંબન પકડી રાખવાનો પ્રયત્ન કરે છે.

દુખિરામ અને છિદામ તે દિવસે જમીનદારની ઑફિસમાં કામ કરવા ગયા હતા. નદીના પ્રવાહની પેલે પાર ભાઠામાં અનાજ પાકયું છે એ પ્રવાહમાં ઘસડાઈ જાય તે પહેલાં કાપી લેવાને માટે દેશના ગરીબ માણસમાત્ર કોઈ પોતાના ખેતરમાં તો કોઈ શણ કાપવામાં જોડાઈ ગયા છે. કેવળ ઑફિસમાંથી સિપાઈ આવી એ બે ભાઈઓને જબરજસ્તીથી પકડી ગયો હતો. ઑફિસના ઓરડામાં ચુવો થયો હતો. તે સમારવામાં અને થોડાક નવા ઝાંપા બનાવવામાં તેઓએ ત્યાં આખો દિવસ ગાળ્યો હતો. ઘેર જમવા પણ આવી શકયા નહોતા. ઑફિસમાંથી થોડો નાસ્તો મળ્યો હતો. વખતોવખત વરસાદમાં ભીંજાવું પણ પડયું હતું. છતાં જોઈએ તેટલી મજૂરી મળી નહોતી. ઊલટું થોડીક રૂઢ વાત સાંભળવી પડી હતી. એ તેમની મજૂરી ઉપરાંતની હતી.

રસ્તા પરનો કાદવ અને પાણી ખૂંદતા ખૂંદતા બંને ભાઈઓ ઘેર આવી પહોંચ્યા, ત્યારે નાની વહુ ચંદરા જમીન પર છેડો વાળી ચુપ થઈ પડી હતી. આજના આ વાદળાંવાળા દિવસની પેઠે તે પણ બપોરે પુષ્કળ પ્રમાણમાં આંસુ વરસાવી સંધ્યાકાળ વખતે

---

જે નિયમોથી આખું વિશ્વ ચાલે છે, તે જ નિયમોમાં આપણું જીવન પણ પરોવાયેલું છે.

શાંત થઈ અત્યંત ગુમરાતી બેઠી છે. અને મોટી વહુ રાધા મોઢું ભારેખમ કરી વંડામાં બેઠી હતી. તેનો દોઢ વર્ષનો છોકરો રડતો હતો. બંને ભાઈઓએ જ્યારે ઘરમાં પગ મૂકયો ત્યારે તેઓએ જોયું કે નગ્ન બાળક આંગણાના એક ખૂણામાં ચત્તો સૂતો સૂતો ઊંઘે છે.

ભૂખ્યો દુખિરામ કંઇ પણ રાહ જોયા વિના બોલી ઊઠયો, ' ભાત લાવ.'

મોટી વહુ દારૂની કોથળીમાં તણખો પડે તેમ એક ક્ષણમાં તીવ્ર કંઠસ્વર આકાશ જેવડો મોટો કરી બોલી, ' ભાત કર્યા છે તે ભાત આપું? તેં શું મને ચોખા આપ્યા છે? હું શું તારે માટે કમાણી કરી લાવું?'

આખા દિવસના થાક અને અપમાન પછી અન્ન વિનાના દિલગીરીપૂર્ણ અંધારા ઘરમાં સળગતા જઠરાગ્નિમાં ગૃહિણીનાં રૂક્ષ વચન, તેમાં પણ છેલ્લા વચનમાં છૂપો કુત્સિત ભાવ દુખિરામને માટે એકાએક અસહ્ય થઈ પડયો.

ગુસ્સામાં આવેલા વાઘની માફક દુખિરામ ગર્જના કરી બોલ્યો, ' શું કહ્યું?' એટલું કહેતાં જ એક ક્ષણમાં હાથમાંનું જબ્બર દાતરડું સ્ત્રીના માથા પર માર્યું. રાધા તેની દેરાણીના ખોળા પાસે પડી ગઇ અને એક ક્ષણમાં મરણ પામી.

ચંદરા લોહીથી તરબોળ થઇ ગયેલાં વસ્ત્રો સાથે 'શું થયું રે માડી' કહેતી બરાડો પાડી ઊઠી. છિદામે તેનું મોં દાબી રાખ્યું. દુખિરામ દાતરડું ફેંકી મોં પર હાથ મૂકી હતબુદ્ધની જેમ જમીન પર બેસી ગયો, છોકરો જાગી જઇ બીકનો માર્યો બરાડા પાડી રડવા લાગ્યો.

બહાર તે વખતે સંપૂર્ણ શાંતિ વિરાજતી હતી. ભરવાડનાં બાળકો ગાયો સાથે ગામમાં પાછાં ફરે છે. સામી પારે આવેલા ભાઠામાં ધાન્ય લણવા ગયેલા લોકોમાંના પાંચસાત જણ એક નાની નૌકા દ્વારા આ કિનારે આવે છે. મહેનતાણા તરીકે મળેલા ધાન્યના ભારા માથા પર લઈ પોતપોતાને ઘેર જાય છે.

ચક્રવર્તીના ઘરના રામલોચન કાકા પોસ્ટ ઑફિસમાં કાગળ નાખી આવી નિશ્ચિંત ચિત્તે તમાકુ પીએ છે. એકાએક તેને યાદ આવ્યું કે દુખિરામ પાસે ઘણા પૈસા બાકી રહ્યા છે; આજે તેના થોડો ભાગ મળવાનું વચન મળ્યું છે. અત્યાર સુધીમાં તેઓ ઘેર આવી ગયા હશે એમ માની તે ખાંધ પર ચાદર નાખી, હાથમાં છત્રી લઇ બહાર ચાલ્યા.

કોળીના મકાનમાં પેસતાં જ તેનું શરીર ચમકવા લાગ્યું. તેણે જોયું કે દીવો નથી. અંધારામાં બેચાર જણા ઊભેલા જણાય છે. થોડી થોડી વારે તે તરફથી થોડો થોડો રડવાનો અવાજ આવે છે અને છોકરો જેમ મા મા કહી રડતા જાય છે તેમ તેમ છિદામ તેનું મોં દાબી રાખે છે.

રામલોચને કંઈક બીકથી પૂછયું, ' દુખિ ઘેર છે કે?'

દુખિ અત્યાર સુધી પથ્થરની મૂર્તિની માફક નિશ્ચલ થઇ બેઠો હતો. તેનું નામ લઇ બોલાવતાં જ તે બાળકની માફક રડી પડયો.

છિદામ એકદમ ચક્રવર્તી પાસે આવ્યો. ચક્રવર્તીએ પૂછયું, ' રાંડો આજે વળી કજિયો કરી બેઠી લાગે છે. આજ તો આખો દિવસ તેમના બરાડા જ સાંભળ્યા છે.'

અત્યાર સુધી છિદામ શું કરવું એ નક્કી કરી કરી શકયો નહોતો. નાના પ્રકારની અસંભવિત વાતો તેના મગજમાં ઊભરાતી હતી. હમણાં તો તેણે એટલું નક્કી કર્યું હતું કે રાત થોડી વીતે એટલે મુડદું કયાંક ઠેકાણે પાડવું. પરંતુ એ દરમ્યાન આમ ચક્રવર્તી આવી પહોંચશે એ કલ્પના તેને આવી નહોતી, તેણે તરત તો કંઇ જવાબ વાળ્યો નહિ. છતાં એટલું તો કહેવું પડયું કે ' હા, આજે બહુ કજિયો થયો હતો.'

ચક્રવર્તી વંડા તરફ આગળ વધી બોલ્યો, ' પરંતુ તે માટે દુખિ રડે છે કેમ?'

છિદામે જોયું કે હવે બચાવ થાય તેમ નથી. એકાએક તે બોલી ઊઠયો, ' કજિયો કરતાં કરતાં દેરાણીએ જેઠાણી પર દાતરડાનો ઘા કર્યો છે.'

ચાલુ વિપત્તિ સિવાય બીજી કોઇ વિપત્તિ હોઇ

---

માણસમાં રહેલી દુષ્ટતા જ દુનિયામાં તેનું સૌથી વધુ અહિત કરનારી વસ્તુ છે.

શકે એ વાત સહેજમાં મન કલ્પી શકતું નથી. છિદામ તે વખતે વિચારતો હતો કે ભયંકર સત્યના હાથમાંથી કઇ રીતે છૂટવું, પરંતુ જૂઠ તો તે કરતાં પણ ભયંકર હોઇ શકે તે તેના મગજમાં ઊતર્યું નહિ. રામલોચનનો પ્રશ્ન સાંભળતાં જ તેની બુદ્ધિએ જે એક તાત્કાલિક જવાબ સુઝાડ્યો તે તરત જ એ બોલી ચૂક્યો.

રામલોચને ચમકી જઈ કહ્યું, 'અરે ? શું કહે છે! મરી ગઇ તો નથી ?'

છિદામે કહ્યું. 'મરી ગઇ છે!' એમ કહી તે ચક્રવર્તીના પગ પકડી બેઠો.

ચક્રવર્તીને નાસવાનો રસ્તો રહ્યો નહિ. તેણે વિચાર કર્યો કે અરે રામ, સંધ્યાકાળ વખતે આ વળી કઇ બલાના પંજામાં સપડાયો ? અદાલતમાં સાક્ષી આપતાં જીવ જવા બેસશે. છિદામે તેના પગ છોડ્યા નહિ. તેણે કહ્યું, 'દાદા ઠાકુર, હવે મારી વહુને બચાવવા માટે શું કરવું ?'

મુકદ્દમામાં સલાહકાર તરીકે રામલોચન આખા ગામનો મુરબ્બી ગણાતો. તેણે થોડો વિચાર કરી કહ્યું, 'જો, એનો એક ઉપાય છે. તું હમણાં જ થાણામાં જઇ જાહેર કર કે મારો મોટો ભાઇ દુખિ સંધ્યાકાળ વખતે ઘેર આવ્યો, તેણે ખાવાનું માગ્યું. ખાવાનું તૈયાર નહોતું. તેથી તેણે દાતરડા વડે પોતાની સ્ત્રી પર હુમલો કર્યો. હું નક્કી કહું છું કે આમ જાહેર કરવાથી તારી વહુ બચી જશે.'

છિદામનું ગળું સુકાવા લાગ્યું. તે બોલી ઊઠ્યો, 'ઠાકુર, વહુ જશે તો બીજી મળશે, પરંતુ મારો ભાઇ ફાંસીએ ચઢશે તો કંઇ બીજો નહિ મળે.' પરંતુ જ્યારે તેણે પોતાની સ્ત્રી પર ગુનો ચઢાવ્યો ત્યારે આ વાત તેના ખ્યાલમાં આવી નહોતી. ઉતાવળમાં એક કાર્ય કરી ચૂક્યો હતો, હવે એ કાર્યની તરફેણની દલીલો આપી મનને શાંત કરવા મથતો હતો.

ચક્રવર્તીને પણ વાત ખરી લાગી. તેણે કહ્યું, 'ત્યારે જેમ બન્યું છે તેમ જાહેર કર. બધી બાજુથી રક્ષણ થવું મુસ્કેલ છે.'

એમ કહી રામલોચન તત્કાળ ચાલ્યો ગયો.

જોતજોતામાં ગામમાં જાહેર થઈ ગયું કે કોળીના ઘરમાં ચંદરાએ ગુસ્સે થઇ તેની જેઠાણીના માથા પર દાતરડું માર્યું.

બંધ તૂટતાં જેમ પાણી ધસી આવે છે તેમ ધસારાબંધ હુંકાર કરતી પોલીસ ગામમાં ધસી આવી. ગામના અપરાધી અને નિરપરાધી બધા ઉદ્વેગવશ બની ગયા.

છિદામે વિચાર્યું કે જે રસ્તો કાપી કાઢ્યો છે તે જ રસ્તે ચાલ્યા સિવાય છૂટકો નથી. તે ચક્રવર્તી પાસે સ્વમુખે આ વાત બોલી ચૂક્યો છે, એ વાત આખા ગામમાં જાહેર થઇ ચૂકી છે. હવે બીજું કંઇ પ્રગટ કરવાનો પ્રયત્ન કરે તો કોણ જાણે શું ઓડનું ચોડ વેતરાઇ જાય, એ વિષે તે કંઇયે વિચાર કરી શક્યો નહિ. તેણે ધાર્યું કે કોઇ પણ રીતે એ વાત ચાલુ રાખી તેની સાથે બીજી ચારપાંચ વાતો ભેળવી પત્નીનો બચાવ કરવા સિવાય બીજો રસ્તો રહ્યો નથી.

છિદામે પોતાની સ્ત્રી ચંદરાને ગુનો માથે ચઢાવી લેવાની વિનંતિ કરી. તે તો આ સાંભળી દિગ્મૂઢ બની ગઇ. છિદામે તેને સાન્ત્વન આપી કહ્યું, 'હું જે કરવાનું કહું છું તેથી બીશ નહિ. અમે તને ગમે તે રીતે બચાવી લઇશું.' સાન્ત્વન આપતાં તો અપાઇ ગયું પરંતુ ગળું સુકાઇ ગયું, મોં ફીકુંફચ પડી ગયું.

ચંદરાની ઉંમર સત્તર અઢાર વર્ષથી મોટી નહોતી. મોં હૃષ્ટપુષ્ટ પણ ગોળમટોળ હતું. શરીર સમધારણ, ઘાટીલું. સ્વસ્થ સબળ અંગપ્રત્યંગમાં એવું સૌષ્ઠવ હતું કે ચાલતાં શરીરનો કોઇ પણ ભાગ કદરૂપો લાગતો નહોતો. એકાદ નવી બનાવેલી નૌકાની માફક નાજુક, સુડોળ, અત્યંત સહેલાઇથી સરી જાય એવી એની દેહલતા હતી. તેના શરીરની કોઇ પણ ભાગની ગ્રન્થિ શિથિલ થઈ ગઇ નહોતી. પૃથ્વીની બધી વસ્તુઓ વિષે તેનું કૌતક હજુ જેમનું તેમ હતું; શેરીમાં વાતો કરતાં કરતાં એ થાકતી નહોતી અને માથે બેડું લઇ ચાલતાં બે આંગળી વડે ઘૂમટો જરા ઊંચો કરી પોતાની ચંચળ કાળી આંખો વડે રસ્તામાંથી જોવાની કોઇ પણ વસ્તુ એ જોયા સિવાય રહેતી નહિ.

---

દુખિરામની વહુ એનાથી તદ્દન ઊલટી હતી, અત્યંત કદરૂપી, ઢીલી અને અવ્યવસ્થિત. માંથા પરનું કપડું, ખોળામાંનું બાળ, ઘરનું કામ એમાંનું કંઇ એ સંભાળી શકતી નહોતી. ઘરમાં કામકાજ તો કંઇ બહુ નહોતું છતાં તે બિચારીને અવકાશ મળતો જ નહિ. ચંદરા એની સાથે બહુ બોલતી નહિ. કોઇ વખતે ધીમાશથી એકાદ બે તો તીખાં તમતમતાં વચનો કહી નાખતી અને તે સાંભળતાં જ જેઠાણીનો મિજાજ જતો. તે ગર્જના કરી ઊઠતી અને આખી શેરીને ગજાવી મૂકતી.

આ બંને જોડાં વચ્ચે સ્વભાવમાં પણ આશ્ચર્યકારક મેળ હતો. દુખિરામ કદાવર હતો. તેનાં હાડકાં ખૂબ લાંબાં પહોળાં હતાં. નાક ચીબું હતું. બંને આંખો જાણે દશ્યમાન સંસારને બરાબર સમજતી ન હોય એવી હતી. છતાં એને કોઇ પણ પ્રકારનો પ્રશ્ન પૂછવો ગમતો નહિ! આવો નિર્દોષ છતાં ભીષણ, આવો સબલ છતાં નિરુપાય માનવી સંસારમાં અતિ દુર્લભ ગણાય એવું હતું.

અને છિદામને એકાદ ચકચકિત કાળા પથ્થરમાંથી કોઇએ બહુ કુશળતાથી ઘડી કાઢ્યો હોય એવું જણાતું હતું. જરા પણ બાહુબળ વિનાનો, જરા પણ કરચોળી વિનાનો એનો દેહ અતિશય ઓપતો હતો. પ્રત્યેક અંગમાં બળ સાથે નિપુણતા મળી અત્યંત સંપૂર્ણતા આવી રહી હતી. નદીના ઊંચા કિનારા પરથી નીચે કૂદી પડવું, હલેસાં મારવાં, વાંસના ઝાડ પર ચઢી વીણી વીણીને કૂંચી કાપવી વગેરે બધા કાર્યમાં તેની કુશળતા, સહજતા પ્રગટ થતી. મોટા મોટા કાળા વાળ તેલ પૂરી કપાળ પરથી ખાંધ પર પડતા હતા. વરણાગીમાં પણ તેની વિલક્ષણતા જણાઇ આવતી હતી.

બીજી ગ્રામવધૂઓના સૌંદર્ય પ્રત્યે જોકે તેની દૃષ્ટિ ઉદાસીન નહોતી અને તેઓની આગળ પોતાને મનોરમ બનાવવાની ઇચ્છા પણ તેનામાં યથેષ્ટ હતી છતાં છિદામ તેની યુવાન પત્નીને જરા વધારે ચાહતો હતો. બંને વચ્ચે કજિયો થતો તેમ પ્રેમ પણ જામતો હતો. કોઇ કોઇને હરાવી શકતું નહિ. અને એકબીજા કારણને લીધે બંને વચ્ચે સંબંધ દઢ બન્યો હતો. છિદામ માનતો કે ચંદરા જેવી ચંચલ યુવતી પર બહુ વિશ્વાસ રાખવો નહિ. અને ચંદરા માનતી કે મારા પતિની નજર ચોમેર છે. તેની સાથે જો હું પાકો પ્રેમ નહિ બાંધું તો તે કોઇ દિવસ હાથમાંથી જશે.

ઉપસ્થિત બનાવ બન્યા પહેલાં થોડા રોજથી એ બંને સ્ત્રીપુરુષ વચ્ચે એક પ્રકારનો ભારે અવિશ્વાસ પેદા થયો હતો. ચંદરા જોતી કે તેનો પતિ કામનું બહાનું કાઢી વખતોવખત દૂર ચાલ્યો જાય છે, એટલું જ નહિ પણ બેક દહાડા વીત્યા બાદ ઘેર આવે છે. છતાં કંઇ કમાઇ લાવતો નથી. આ લક્ષણ જોઇ તેણે પણ કંઇક ઉદ્દામ માંડ્યાં હતાં. વારંવાર ઘાટ પર જતી અને શેરીમાં ફરી આવી કાશી મજમુદારના વચેટ દીકરાનાં ભારે વખાણ કરતી હતી.

છિદામના જીવતરમાં કોઇએ ઝેર ભેળવી દીધું. કામકાજમાં ચેન પડવા ન લાગ્યું. એક દિવસ ભાભી પાસે આવી ભારે ફરિયાદ કરી. ભાભી હાથ હલાવી ગર્જના કરી ઊઠયાં. મૃત પિતાને સંબોધી બોલી, 'એ છોકરી વાયુ કરતાં પણ વધારે ચંચળ છે. તેને કઇ રીતે સાચવું; હું જાણું છું કે એ કોક દિવસ સત્યાનાશ વાળી બેસશે!'

ચંદરા પાસેના ઓરડામાંથી આવી આસ્તે આસ્તે બોલી, 'કેમ બહેન, તમને આટલો બધો ભય કોનો લાગે છે?' થયું, બંને દેરાણી જેઠાણી વચ્ચે ઝડ મચી.

છિદામ આંખો લાલચોળ કરી બોલ્યો, "હવે કદી મારા સાંભળવામાં આવશે કે તું ઘાટ પર એકલી ગઇ છે તો તારાં હાડકાં ભાંગી નાખીશ."

ચંદરાએ કહ્યું, 'એમ બને તો જ મારાં હાડકાં ટાઢાં થશે!' એમ કહી તે તરત જ બહાર જવા તૈયાર થઇ.

છિદામે એક કૂદકો મારી તેને પકડી, ચોટલો ઝાલી ઘસડી ઓરડામાં પૂરી બહારથી સાંકળ ચડાવી.

કામથી પાછા આવતાં જોયું કે ઓરડો ઉઘાડો છે. અંદર કોઇ નથી. ચંદરા ત્રણ ગાઉ પર આવેલા તેના મામાને ઘેર જઈ પહોંચી હતી.

છિદામે ત્યાંથી મહામહેનતે અનેક વિનવણી કરી તેને ઘેર આણી. પરંતુ આ વખતે તેણે હાર

---

માણસમાં ગમે તેટલા દોષો, નીચતા કે અધમતા હોય, પણ એથી સજ્જન દ્વારા કદી તે અપમાન અથવા તિરસ્કારને પાત્ર બનતો નથી, પણ કેવળ તે દયા ખાવાને પાત્ર હોય છે.

સ્વીકારી લીધી. તેણે જોઈ લીધું કે એક અંજલિ પારાને મુઠીમાં દબાવી રાખવા અસાધ્ય છે તેમ આ નાજુકડી બૈરીને પણ એ રીતે બંધનમાં રાખવાનું કામ કઠણ છે. એમ કરતાં તે દશે આંગળાની વચમાં થઈ બહાર નીકળી જાય એવી છે.

ત્યાર બાદ તેણે જબરજસ્તી કરી નહિ, પરંતુ તેના હૃદયમાં અશાંતિની આગ સળગી રહી. તેની આ ચંચળ જુવાન સ્ત્રી પ્રત્યે સદા શંકિત પ્રેમ ઉગ્ર વેદનાની પેઠે ખટકવા લાગ્યો. તેને કોઈ કોઈ વખતે એમ લાગતું કે એ જો મરે તો જ હું શાંતિ મેળવી શકું! મનુષ્યને મનુષ્ય પર જેટલી ઇર્ષ્યા થાય છે તેટલી યમ પર પણ ભાગ્યે જ થાય છે.

બરાબર આ જ વખતે આ વિપત્તિ આવી પડી.

ચંદરાને જ્યારે તેના પતિએ ખૂનનો ગુનો સ્વીકારી લેવાની સલાહ આપી ત્યારે તે દિગ્મૂઢ બની તેના સામું જોઇ રહી. તેની કાળી આંખો અગ્નિની માફક નીરવપણે તેના પતિને સળગાવી મૂકવા લાગી. તેનું આખું શરીર અને મન ધીમે ધીમે સંકોચ પામી સ્વામીરાક્ષસના હાથમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કરવા લાગ્યાં. તેનો અંતરાત્મા તદ્દન વિમુખ બની બેઠો.

છિદામે આશ્વાસન આપ્યું: 'તું બીશ નહિ.' એમ કહી તેણે પોલીસ તથા મેજિસ્ટ્રેટ પાસે શું બોલવું તે વારંવાર શીખવી મૂક્યું. ચંદરા એ બધી લાંબી કથામાંનો શબ્દ પણ ન સાંભળતાં પૂતળાની માફક ઊભી રહી.

બધા કાર્યમાં દુખિરામનો આધાર છિદામ પર જ હતો. છિદામે જ્યારે ચંદરા ઉપર બધો ગુનો ઢોળી પાડવાનું જણાવ્યું ત્યારે દુખિરામે કહ્યું, 'તો પછી વહુનું શુ થશે!' છિદામે કહ્યું, 'હું એને બચાવી લઇશ' કદાવર દુખિરામ આ શબ્દો પર સંતોષ પકડી બેઠો.

૩

છિદામે તેની સ્ત્રીને શીખવી રાખ્યું હતું કે તું કહેજે કે મારી જેઠાણી મને છરી લઈ મારવા આવી એટલે મેં તેનો ઘા દાતરડા વતી અટકાવ્યો. પરંતુ એવામાં મારું દાતરડું એને લાગી ગયું. આ બધી વાત રામલોચને બનાવી કાઢી હતી. આ વાતના પેટામાં જે કંઇ અનુકૂળ સાબિતીઓની જરૂર પડે તેમ હતી એ પણ તેણે છિદામને બરાબર શીખવી દીધી હતી.

પોલીસે આવી તપાસ માંડી. ચંદરાએ જ પોતાની જેઠાણીનું ખૂન કર્યું હતું એ વાત આખા ગામમાં જાહેર થઈ હતી. બધા સાક્ષીઓએ આ વાત જણાવી હતી.

પોલીસે ચંદરાને પૂછ્યું. ચંદરાએ કહ્યું 'હા, ખૂન કર્યું છે.'

'શા માટે ખૂન કર્યું છે?'

'હું તેને નજરે જોઈ શકતી નહોતી.'

'કંઇ તકરાર થઇ હતી?'

'ના.'

'તે પ્રથમ તને મારવા આવી હતી?'

'ના.'

'તારા તરફ તેણે કંઈ જુલમ ગુજાર્યો હતો?'

'ના.'

આ જવાબો સાંભળી બધા મૂંગામંતર બની ગયા.

છિદામ તો બધું સાંભળી શાંત રહી શક્યો નહિ. તેણે કહ્યું, 'એ બરાબર કહેતી નથી. તેની જેઠાણી પ્રથમ તેને—'

દારોગાએ એક પ્રચંડ ધમકી આપી તેને ચૂપ કરી દીધો. વારંવાર પૂછ્યા છતાં ચંદરાની જુબાનીમાં ફેર પડ્યો નહિ. તેણે એક ને એક જવાબ આપ્યો. જેઠાણી તરફથી પોતાના પર હુમલો થયાની વાત ચંદરાએ કોઈ પણ રીતે સ્વીકારી નહિ.

એવી હઠીલી છોકરી તો ભાગ્યે જ જણાય, એકી સાથે તનતોડ મહેનતે ફાંસીને લાકડે ઝૂલવા માગે છે, કોઈ પણ રીતે પાછી વાળી વળતી નથી. આ કેવી સખત રીસ! ચંદરા મનમાં મનમાં કહે છે, હું તમને છોડી મારા આ નવયૌવન સાથે ફાંસીના લાકડાને પરણવા જાઉં છું. મારું આ જન્મનું છેલ્લું બંધન તેની સાથે છે.

જે માણસ નમ્ર, ક્ષમાશીલ, પ્રેમી અને સંતોષી થવાનું શીખ્યો નથી, તે કંઈ જ શીખ્યો નથી.

બંદીવાન બની ચંદરા, એક નિર્દોષ, નાની, ચંચળ, કૌતુકપ્રિય ગ્રામવધૂ, ચિરપરિચિત ગામના રસ્તા પર થઈ, મજુમદારના ઘર પાસે થઇ, પોસ્ટ ઑફિસ અને સ્કૂલની પાસે થઈ, બધા ઓળખીતા લોકોની દૃષ્ટિ સમીપ થઇ કલંકની છાપ લઈ, હંમેશને માટે ઘર છોડી, ગામ છોડી ચાલી ગઇ. છોકરાનું ટોળું પાછળ પાછળ ચાલ્યું અને ગામની છોકરીઓ, સહિયરો કોઈ ઘૂમટો ઊંચો કરી, કોઈ બારણા વચ્ચે ઊભી, કોઈ ઝાડ પાછળ છુપાઈ પોલીસ વડે દોરાતી ચંદરાને જોઈ શરમ, અનાદર અને ભયની મારી કમકમાટી દર્શાવવા લાગી.

ડેપ્યુટી મૅજિસ્ટ્રેટ પાસે પણ ચંદરાએ ગુનો સ્વીકારી લીધો. અને ખૂન વખતે જેઠાણી પોતાના પ્રત્યે કંઈ પણ અત્યાચાર ગુજારતી હતી એ વાત તેની જીભમાંથી પ્રગટ ન થઈ.

પરંતુ જે દિવસે છિદામે સાક્ષીના પાંજરામાં આવી ઝારઝાર રડતાં હાથ જોડી કહ્યું, 'દોહાઈ હજૂર, મારી સ્ત્રીનો કંઈ વાંક નથી.' ત્યારે હાકેમે ધમકી આપી તેને રડતો અટકાવ્યો અને પક્ષપરંપરા દ્વારા બધી સત્ય ઘટના બહાર કઢાવી લીધી.

પરંતુ હાકેમને તેનાં વચનો પર વિશ્વાસ ન આવ્યો; કારણ કે મુખ્ય વિશ્વાસુ સદ્‌ગૃહસ્થ સાક્ષી રામલોચને કહ્યું કે 'ખૂન થયા બાદ તરત હું ઘટનાસ્થળે જઈ પહોંચ્યો હતો. સાક્ષી છિદામે તે વખતે બધી હકીકત મને જણાવી હતી અને મારા પગ પકડી વિનંતિ કરી હતી કે 'વહુને કંઈ રીતે બચાવવી તેની યુક્તિ મને બતાવો.' મેં તેને એ વિષે કંઈ જ કહ્યું નહિ. સાક્ષીએ મને એમ પણ કહ્યું હતું કે 'હું જો એમ કહું કે મારા મોટા ભાઇએ ખાવાનું માગ્યું પણ મારી ભાભીએ ન આપ્યું એટલે તેણે હાથમાંનું દાતરડું માર્યું; તો આમ કહેવાથી મારી પત્ની બચશે ખરી?' મેં તેને તે જ વખતે કહ્યું હતું કે ખબરદાર હરામજાદા, અદાલતમાં જઈ એક શબ્દ પણ જૂઠો બોલીશ નહિ; એમ કરવા જેવું મહાપાપ આ દુનિયામાં બીજું એકેય નથી. ઇત્યાદિ.

રામલોચને પ્રથમ ચંદરાને બચાવવા માટે અનેક વાતો જોડી કાઢી હતી. પરંતુ જ્યારે તેણે જોયું કે ચંદરા જાતે જ કાંઈ બેઠી છે, ત્યારે વિચાર્યું કે આ બાપરે, છેવટે શું ખોટી જુબાનીની જવાબદારી વહોરી લેવી! જેટલું જાણું છું તેટલું જ કહેવું એ ઠીક છે એમ ધારી તે પોતે જેટલું જાણતો હતો તેટલું બોલ્યો! એટલું જ નહિ પણ ઊલટો તેથી વધારે બોલતાં અચકાયો નહિ.

ડેપ્યુટી મૅજિસ્ટ્રેટે કેસ સેશનમાં નોંધ્યો.

એ દરમિયાન ખેતી, બજાર, હાસ્ય, રુદન વગેરે પૃથ્વીનાં બધાં કાર્યો તો જેમનાં તેમ ચાલવા લાગ્યાં. અને અગાઉની માફક નવીન ધાન્યક્ષેત્રો પર શ્રાવણની અવિરત વૃષ્ટિધારા વરસવા લાગી.

પોલીસ ગુનેગાર અને સાક્ષીઓ સાથે અદાલતમાં હાજર થઈ, પાસેની મુન્સફ કોર્ટમાં પુષ્કળ માણસો પોતપોતાના મુકદ્દમાની રાહ જોઈ બેઠા છે. રસોડાની પાછળ આવેલી એક તલાવડીના આ ભાગની તકરાર સબબ કલકત્તાથી એક વકીલ આવ્યા છે અને તે મુકદ્દમામાં સાક્ષી પૂરવા ઓગણચાળીસ લોકો હાજર થયા છે. કેટલાય લોકો પોતપોતાના લેણદેણના હિસાબની પૂરેપૂરી તપાસ કરાવવા માટે ઉતાવળા બની હાજર થયા છે. જગતમાં તાત્કાલિક તો એ કરતાં ભારેમાં ભારે બીજું કંઈ નથી એવી તેઓની ધારણા જણાય છે. છિદામ બારીમાંથી અત્યંત વ્યસ્ત આ દરરોજની પૃથ્વી તરફ એકી નજરે જોઇ રહ્યો છે. બધું તેને સ્વપ્ન જેવું જણાય છે. કમ્પાઉન્ડના વિશાળ વડ પરથી એક કોયલ કુહુરવ કરી રહી છે. તેઓને માટે કોઈ કાયદાની અદાલત નથી.

ચંદરાએ જજની પાસે કહ્યું, 'ઓ સાહેબ, એક જ વાત હું વારંવાર તે ક્યાં સુધી કહું!'

જજ સાહેબે તેને સમજાવી કહ્યું, 'તું જે અપરાધ કબૂલ કરે છે તેની શી સજા થવાની છે એ જાણે છે?'

ચંદરાએ કહ્યું, 'ના.'

જજ સાહેબે કહ્યું, 'તેની શિક્ષા ફાંસી છે.'

---

નાનાં નાનાં કામ પણ ઘણાં અગત્યનાં અથવા મોટાં કામોના જેવાં જ છે, એમ સમજીને કરવાથી માણસમાં ચોકસાઈ આવે છે.

ચંદરાએ કહ્યું, 'ઓ સાહેબ, તમારે પગે પડું છું. મને એ જ સજા ફરમાવો! તમને ફાવે તે કરો, હવે મારાથી સહન થતું નથી.'

જ્યારે છિદામને અદાલતમાં આણવામાં આવ્યો ત્યારે ચંદરાએ મોં ફેરવી નાખ્યું. જજે કહ્યું, 'સાક્ષીના તરફ જોઈ કહે કે એ તારે શું થાય છે.'

ચંદરા બંને હાથ મોં પર ઢાંકી કહેવા લાગી, 'એ મારા પતિ થાય છે!'

પ્રશ્ન પુછાયો, 'એ તને ચાહે છે?'

જવાબ: 'ઓહ! બહુ જ ચાહે છે.'

પ્રશ્ન: 'તું તેને ચાહતી નથી?'

જવાબ: 'બહુ જ ચાહું છું.'

છિદામને જ્યારે પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે તેણે કહ્યું, 'મેં ખૂન કર્યું છે.'

પ્રશ્ન: 'કેમ?'

છિદામ: 'ભાત માગ્યો પણ તેણે ન આપ્યો માટે.'

દુખિરામ સાક્ષી આપવા આવતાં મૂર્છા ખાઈ પડ્યો. મૂર્છા વળ્યા બાદ તેણે જવાબ આપ્યો, 'સાહેબ, ખૂન મેં કર્યું છે.'

'કેમ!'

'ખાવાનું માગ્યું પણ ન આપ્યું માટે!'

પુષ્કળ જુબાની લીધા બાદ અને બીજા સાક્ષીઓ તપાસ્યા બાદ જજને સ્પષ્ટ જણાયું કે ઘરનાં બૈરાંની આબરૂ બચાવવા માટે જ આ બંને ભાઈઓ પોતના પર બધો ગુનો ઓઢી લેવા માગે છે. વળી ચંદરા પોલીસથી માંડીને સેશન કોર્ટ સુધી બરાબર એક જ વચન બોલતી આવે છે. તેના વચનમાં તલભાર ફેર પડતો નથી. બે વકીલોએ સ્વેચ્છાપૂર્વક તેને ફાંસીની સજામાંથી મુક્ત કરવા માટે પ્રયત્ન કર્યો પરંતુ છેવટે તેઓને તેની આગળ હાર સહન કરવી પડી.

જે દિવસ નાની ઉંમરમાં એક કાળી નાજુકડી છોકરી તેનું ગોળમટોળ મુખડું લઈ ઢીંગલીના ખેલ મૂકી બાપને ઘેરથી સસરાને ઘેર આવી, તે દિવસ રાત્રે શુભલગ્ન વખતે આજના દિવસની વાત કોણ કલ્પનામાં ઉતારી શકે તેમ હતું! તેનો બાપ મરતી વખતે એટલું બોલી નિશ્ચિંત થયો હતો કે ગમે તે હો પણ હું મારી દીકરીની સદ્દગતિ કરતો જઉં છું.

કેદખાનામાં ફાંસી પહેલાં દયાળુ સિવિલ સર્જને ચંદરાને પૂછ્યું 'તું કોઈને મળવા માગે છે?'

ચંદરાએ કહ્યું, 'એક વાર હું મારી માને મળવા ઇચ્છું છું.'

દાક્તરે કહ્યું, 'તારો પતિ તને મળવા ઇચ્છે છે. તેને બોલાવું!'

ચંદરાએ કહ્યું, 'મરણ…'

*

## 'આશીર્વાદ'ના પ્રેમી સેવાભાવી સજ્જનોને

સત્-સાહિત્યના પ્રચાર માટે આપના ગામમાં 'આશીર્વાદ'ના એજન્ટનું કામ આપ જ ઉપાડી લો.

એક પોસ્ટકાર્ડ લખવાથી ગ્રાહકો નોંધવાની છાપેલી પાવતીબુક મોકલી આપવામાં આવે છે.

ગ્રાહકોનાં સરનામાં તથા તેમનાં લીધેલાં લવાજમોની રકમ દર માસની આખર તારીખ પહેલાં 'આશીર્વાદ'-કાર્યાલયને મનીઑર્ડરથી મોકલી આપવાં.

લવાજમની રકમ કાર્યાલયમાં જમા થયા પછી જ ગ્રાહકોને અંકો રવાના કરવામાં આવે છે.

એજન્ટોને કાર્યાલય સાથેનું ટપાલખર્ચ, મનીઑર્ડરખર્ચ વગેરે મજરે આપવામાં આવે છે.

# બાપુ સાથેના પાવન પ્રસંગો

**શ્રી પુરુષોત્તમ લાલજી બાવીશી**

બાપુ તે વખતે ઇન્દોર મુકામે હતા. હું, મારાં પત્ની કંચનલતા અને સહકાર્યકર શ્રી વલ્લભદાસ વકીલ બાપુ પાસે પહોંચ્યા. મેં બાપુ પાસે મારા મનમાં ઘોળાતી યોજના રજૂ કરી :

ભારતમાં સાત લાખ ગામડાં છે. તેમાં દેશની ૮૦ ટકા વસ્તી વસે છે. એટલે જ્યાં સુધી આ લોકોની હાલત સુધરે નહીં ત્યાં સુધી ભારતનું ચિત્ર કંગાળ જ રહે. ભારતની સમૃદ્ધિ કે બરબાદીની પારાશીશી ગામડું છે. આ ગામડાંઓએ વિજ્ઞાનનો ઉપયોગ કરીને સ્વાવલંબી થવું જોઈએ. આ માટે આપણી પાસે સાત હજાર સેવાધારી કુટુંબો જોઈએ. દરેક કુટુંબ સો ગામડાં વચ્ચે બેસી જાય, અને પોતાના કાર્ય દ્વારા, જીવન દ્વારા, લોકોને ધડારૂપ થાય. ગામડાના ઉદ્ધારની વાતો કરનારાઓએ ગામડામાં જ રહેવું જોઈએ.

આ બધું મેં બહુ વિગતે કહ્યું તે બાપુ સાંભળી રહ્યા. પછી એક ચબરખી ઉપર લખ્યું : 'તો તો મારે મગનવાડી છોડી ગામડામાં જવું જોઈએ, એમ ને ?'

બાપુને ડાયમંડ ક્લબમાં જવાનું હતું. એટલે તે દિવસ વાત ત્યાં જ પૂરી કરી મને ચિઠ્ઠીમાં લખ્યું, 'તમે મારી સાથે થોડો સમય ટ્રેનમાં ગાળો અને બેચાર દિવસ વર્ધા પણ રહી જાઓ. ઘણે ભાગે કાલ સાંજની ટ્રેનમાં જવાનું થશે.'

અમારા માટે તો આ એક મોટો લહાવો હતો. ૨૩ તારીખે બાપુ સાથે અમે વર્ધા જવા ઊપડ્યાં. ગાડીમાં અનેક જાતની વાતો થઈ. રાતે ભુસાવળ આવ્યું. અમારે ગાડી બદલવાની હતી. બાપુ એકદમ પોતાની બગલથેલી સાથે ઊતરી ત્રીજા વર્ગના ઉતારુઓ માટે રાખેલા બાંકડા ઉપર સૂઈ ગયા. સ્ટેશન માસ્તર આવ્યા અને કહ્યું કે આપને માટે વેઇટિંગ રૂમમાં વ્યવસ્થા કરી છે. પણ બાપુએ તુરત જ કહ્યું, હું ત્રીજા વર્ગનો ઉતારુ છું. વેઇટિંગ રૂમનો ઉપયોગ મારાથી ન થાય. અને તેઓ તો બાંકડા ઉપર જ ઊંઘી ગયા.

સવારે સાડાપાંચ વાગ્યે ગાડી પકડવાની હતી. બાપુ એકદમ પાંચ વાગે ઊઠ્યા. મને પૂછે કે કંચનબહેન કૉફી પીશે કે ચા ? આવી ઝીણી ઝીણી બાબત પણ એમના ખ્યાલ બહાર ન જતી.

વચ્ચે એક સ્ટેશને એક બાઈ કાંખમાં બાળક અને સંતરાના બે કરંડિયા સાથે અમારા ડબ્બામાં આવી. ગાંધીજીના પગ આગળ બાળકને રમતું મૂકી પગે લાગી અને કરંડિયા આપી ચાલવા માંડી. મહાદેવભાઈએ વાત કરી કે આ બાઈએ બાધા રાખેલી કે જો મને દીકરો થશે તો એને ગાંધીજીનાં દર્શન કરાવીશ અને બે ટોપલા સંતરાંના મૂકીશ. મેં જોયું કે આ સાંભળી ગાંધીજીના મોં પર વિષાદની છાયા ફરી વળી. ધીમા દુ:ખી સ્વરે તેઓ બોલ્યા : 'જે દેશમાં માણસને દેવ તરીકે લોકો પૂજે, તે દેશ ક્યારે આગળ આવશે ?'

બીજા એક સ્ટેશને ગાડી ઊભી કે એક મુસલમાન હાંફતો હાંફતો ચીંથરેહાલ હાલતમાં એકદમ ડબ્બા આગળ આવ્યો. મહાદેવભાઈ કહે કે હરિજનફાળામાં પૈસા આપો. મુસલમાન કહેવા લાગ્યો : 'દસ સાલસે બાપુ કે દર્શન કા ઇંતજાર થા. આજ મૌકા મિલા. ક્યા દર્શન કે લિયે ભી પૈસા દેના પડતા હૈ ! ક્યા બાત હૈ ?'

આ સાંભળી ગાંધીજી જરા ઊંચા થયા. મુસલમાન તો મહાદેવભાઈને હઠાવી ગાંધીજીના પગમાં પડ્યા, અને જ્યારે ગાંધીજીએ એના માથા ઉપર હાથ મૂક્યો, ત્યારે બોલ્યો, 'મેરા જીવન ધન્ય હો ગયા !'

વર્ધામાં એક સવારે વાળંદ હજામત કરવા આવ્યો. જૂનો દેશી અસ્તરો. માથાની પછવાડેના વાળ કાઢવા વાળંદે બાપુનું માથું નીચે નમાવ્યું. બાપુએ મજાક કરી : 'બ્રિટિશ સલ્તનતને માથું નહીં નમાવનાર આજે તમારી પાસે માથું નમાવે છે. તમે તો બ્રિટિશ સરકારથીયે મોટા, ખરું ને !' વાળંદ બિચારો દિગ્મૂઢ થઈ ગયો. અમે સૌ ખડખડાટ હસી પડ્યા.

ભોજનનાં વાસણો દરેકે જાતે માંજવાનાં હોય.

---

ખરાબ આદતને વશ થવાથી માણસ પોતાની જાત ઉપર—પોતાના મન ઉપર કાબૂ રાખી શકતો નથી.

મારો એક દિવસ રસોડાનાં વાસણ માંજવાનોયે વારો આવ્યો. હું મોટાં તપેલાં માંજતો હતો. બાપુની નજર પડી. મારાં પત્નીને કહે, 'અહીં પત્નીધર્મ બજાવવાનો નથી. તમે જુઓ તો ખરા કે એમને કેવું આવડે છે! તમને કોક દિવસ ઉપયોગી થશે.'

એક દિવસ મારાં પત્ની પાણીની ડોલ લઈ સ્નાનગૃહમાં જતાં હતાં. ડોલ મોટી અને નાજુક દેહ. ગાંધીજી આ જોઈ ગયા. મીરાંબહેનને કહેવા લાગ્યા, 'તમને સ્ત્રીજાત ઉપર પણ દયા આવતી નથી, તો અમારી પ્રત્યે તો ક્યાંથી આવે!' મીરાંબહેને એકદમ દોડીને ડોલ લઈ લીધી અને સ્નાનગૃહમાં મૂકી આવ્યાં.

બાપુના સાન્નિધ્યનો જેટલો લાભ મળ્યો છે ત્યારના આ કેટલાક પ્રસંગો આજે આંખ સામે તરે છે. પળેપળ સજાગ એવા મહાત્માનાં તેમાં દર્શન થાય છે.

## જાગિયે, રઘુનાથ

જાગિયે, રઘુનાથ કુંવર,
પંછી બન બોલે,
જાગિયે રઘુનાથ કુંવર.
ચંદ્ર-કિરણ સીતલ ભઈ,
ચકઈ પિય મિલન ગઈ;
ત્રિવિધ મંદ ચલત પવન,
પલ્લવદ્રુમ ડોલે-જાગિયે૦
પ્રાત ભાનુ પ્રગટ ભયો,
રજનીકો તિમિર ગયો;
ભૃંગ કરત ગુંજગાન,
કમલન દલ ખોલે-જાગિયે૦
બ્રહ્માદિક ધરત ધ્યાન,
સુર-નર-મુનિ કરત ગાન;
જાગનકી બેર ભઈ,
નયન પલક ખોલે-જાગિયે૦
તુલસીદાસ અતિ આનંદ,
નિરખિ કે મુખારવિન્દ;
દીનનકો દેત દાન,
ભૂષન બહુ ભોલે-જાગિયે૦

—તુલસીદાસ

# ગામડાના ધરમરાજા

શ્રી બબલભાઈ મહેતા

તમે ગામડું જોયું હશે, ગામડાની ગંદકી જોઈ હશે, ગામડાની ગરીબાઈ પણ જોઈ હશે. પણ ગામડાનો ભૂવો જોયો છે? એ પણ એક જાણવા જેવું પ્રાણી છે.

અમારા ગામના મુખીને ગાલે ગાલપચોળું થયું હતું. એની પીડાને લીધે તાવ પણ આવ્યો હતો. મેં એમને જુલાબ લેવાનું કહ્યું અને ચાલવા માંડયું. ત્યાં તો પાંચેક જણાનું એક ટોળું આવતું જણાયું. એકના હાથમાં ચલમ છે, બીજાના હાથમાં હુક્કો અને ચીપિયો છે અને ત્રીજાના હાથમાં કાંઈક પડીકા જેવું છે. હું તો આ લંગરને આવેલું જોઈ ત્યાં જ થોભી ગયો.

પછી તો આવેલમાંથી એકે ગજવામાંથી એક ચીંથરું કાઢયું અને એને છેડે બાંધેલા થોડા ઘઉંના દાણા છોડી જમીન ઉપર નાખ્યા. બધા એકીટસે એના સામું જોઈ રહ્યા. પેલાએ જરા હોઠ ફફડાવ્યા. પછી દાણાની એક ચપટી ભરી તે ગણ્યા અને માથું ધુણાવ્યું. બીજા બે વચ્ચે બોલી ઊઠયા, 'કેમ કોઈ આવે છે?' પેલાએ ફરીથી ચપટી ભરી દાણા ગણ્યા, 'માનો ન માનો પણ ઝપટમાં આવી ગયેલ છે.' ઘરની ડોશી બોલી ઊઠી: 'ત્યારે શું કરશું, ભયા? કહો એ બાધા રાખું, પણ મારે તો એ સાજો થઈ જાય એવું કરો. બે દી ને બે રાતથી આંખે ઊંઘ નથી ભાળી.' ભૂવો કહે છે, 'એક ઘીનો દીવો કરો, પેલું પડીકું છોડો.' પડીકું છોડનારાએ લોટો-પ્યાલો મંગાવ્યાં, પ્યાલામાં પાણી સાથે ખાંડ ભેળવી. મુખ્ય ભૂવાએ નાળ ઉપરના દેવતા ઉપર કાંઈક ભભરાવ્યું અને ધૂણી કરી. ધૂપની વાસ આવવા લાગી. પછી થોડી ખાંડ પણ નાખી અને તડતડાટી બોલાવી.

મુખીને તાવ ૧૦૪ ડિગ્રી લગભગ હતો. એમને ખાટલા પરથી નીચે ઉતારીને બેસાડયા. દરદીમાં બેસવાના પણ હોંશ નહોતા. ભૂવાએ પેલો મીઠા પાણીનો પ્યાલો લઈ એને દરદીની કેડથી માથા સુધી ધીમે ધીમે ફેરવ્યો, પછી ચારે દિશામાં થોડું થોડું પાણી છાંટયું. આ બધો વખત ભૂવાના હોઠ ફફડયા કરતા હતા. છેવટે બાકી વધેલું પાણી પોતે પી ગયો. આમ ત્રણ વખત કર્યું. આને 'પ્યાલો કર્યો' એમ કહેવાય છે. પછી મુખીને સૂવાનું કહી એની ડોશીના કાનમાં કાંઈક કહ્યું. ડોશી કહે, 'સારું ભાઈ, એ સાજો થઈ જતા હોય તો એની ભારોભાર ગોળ મહારાજે જઈ ને વહેંચીશ.' પછી ભૂવાએ ચલમના દમ તાણ્યા. જૂના વળગાડનાં બેચાર ગપ્પાં માર્યાં અને બધા વેરાયા.

એ બધા ગયા પછી મેં દરદીનું શરીર તપાસ્યું તો તાવ પહેલાં કરતાં વધારે હતો અને આટલા વખત સુધી બેસવાથી શરીરમાં ખૂબ અશક્તિ આવી ગઈ હતી.

બીજે દિવસે તો મુખીનો બીજો ગાલ ફૂલ્યો. મેં કહ્યું, 'ભાઈ, આડુંઅવળું કશું કરવા કરતાં એમને જુલાબ આપો અને ગાલે કાળીજીરી ને મીઠું વાટીને ચોપડો.'

'પણ દવા ન અપાય. નહિ તો આ તો મહારાજનું કહેવાય.'

'અરે ભાઈ, આ ક્યાં દવા પિવડાવવી છે! આ તો થોડું દિવેલ પીવાનું અને દવા તો બહાર ગાલે ચોપડવાની. એમાં શું મહારાજને થઈ જવાનું હતું!'

છેવટે એમ કર્યું. ચોથે દિવસે કાંઈક આરામ થયો. પણ મહારાજની દેરીએ સવા ત્રણ મણ ગોળ તો વહેંચાયો જ.

કોઈને તાવ આવ્યો હોય, કોઈને ગાંઠ નીકળી હોય કે કોઈને કમળો થયો હોય, તો એ બધા ભૂવાને બોલાવવાના અને ભૂવો એમનો એકાદ દોષ તો કાઢવાનો જ અને બદલામાં માતા કે મહારાજની, મેલડી કે જોગણીની કાંઈક તો બાધા રખાવવાનો જ. આમ શહેરના લોકો જેમ દાક્તર અને દવાદારૂના વહેમ પાછળ પૈસા વેરે છે, એમ આ લોકો ભૂત-ભૂવાના વહેમ પાછળ પોતાનો રોટલો વેડફી મારે છે. એટલું જ નહિ, પણ પચ્ચીસ વર્ષના જુવાનજોધને પણ એક કલ્પનાની બીકથી ફફડતો બનાવે છે.

આ ભૂવાઓની એક ખૂબી એ છે કે કોઈ પણ જગ્યાએ એ એકલો નહિ જવાનો. સાથે બીજા બે

ત્રણ ટાપશી પૂરવાવાળા તો હોય જ.

ગામના ચોરામાં લોકોની ઠઠ જામી છે. એક વાઘરી ડાકલું વગાડતો વગાડતો મોઢેથી માતાનાં અનેક સાચાં જૂઠાં વખાણ ગાઈ રહ્યો છે. પણ ભૂવાને માતા આવતી નથી. પોણો કલાક આમ ચાલ્યું, પણ ત્રણચાર ભૂવામાંથી કોઈ ધૂણતું નથી. એકાદો હુઉઉઉ અવાજ કાઢે છે, પણ પાછો ઠંડો પડી જાય છે. બેત્રણ જણા એકબીજાને ખાંડના ફાકડા ભરાવે છે. એક જણ ધૂપ કરે છે અને વાઘરી વધુ ને વધુ જોસથી ડાકલું ડુગડુગાવે છે. એટલામાં માતા આવી. હુઉઉઉ હુઉઉઉ હુઉઉઉ! મુખ્ય ભૂવો બે હાથનાં આંગળાં એકબીજામાં ભરાવી ધ્રૂજતો જાય છે, ધૂણતો જાય છે, અને હુઉઉઉ હુઉઉઉ કરતો જાય છે.

'તમને બધાને હું ઓળખી ગઈ છું. તમે મને બહુ પજવી છે. મારી મરજાદ તોડી નાખી છે. દીવા-દિવેટમાંથીય મને કાઢી નાખી છે. તમે મને છેતરવા ભેગા થયા છો, ખરું ને?

ભૂવાનાં ટોળામાંથી જ એક જણ બોલે છે: 'ના રે મા! આવું શું બોલો છો! તમને છેતરીને અમારે ક્યાં જઈ ને રહેવું છે! દીવોદિવેટ રહી ગઈ હોય તો એમાં અમારી ભૂલ થઈ હશે. મા, આજની ફેરે માફ કર. હવે તું કહે એમ કરીશું. તારી અમી નજર અમારા તરફ રાખ.'

બધા ભેગા થયેલામાં ખળભળાટ થાય છે, 'માતાબાઈ રિસાયાં છે.'

એટલામાં તો કોઈ ઘી લઈ આવ્યું અને પાંચ કોડિયામાં પાંચ દીવા પ્રગટાવ્યા. કોઈ ધરડિયા ફાળિયું ઉતારી ઉતારીને, 'માબાઈ, આટલો ગનો જતો કર, હવે ભૂલ નહિ થાય,' એમ વીનવવા લાગ્યા.

પણ ભૂવો તો વધુ ને વધુ બરાડા પાડીને બોલવા લાગ્યો, 'તમે મારી આમન્યા તોડવા લાગ્યા છો. ગામને પાધર બાંધેલાં મારાં નાળિયેરનાં તોરણ ઉપર તમે નજર બગાડો છો! હું કોઈ ને સાજા નથી રહેવા દેવાની. મારા ધામાં આવેલા ભલભલાના મેં ભુક્કા ઉડાવી દીધા છે!'

ફરી બધા કરગરવા લાગ્યા, 'માજી, હવે એવું કોઈ દી નહિ થાય. પણ કોક એવો ગનો કરે એમાં અમે શું કરીએ? અમને કેમ કરીને ખબર પડે? તું તો અંતરજામી છે. જે એવું કરતો હોય એને જ ઊંધો પાડી દે ને!'

'હુઉઉઉ હુઉઉઉ હુઉઉઉ હું તો આજ ચેતવણી આપું છું. મને મારાં છોકરાંને દૂભવવાં ગમતાં નથી. મારે તો તમે બધાં સરખાં છો. જુઓ, આ સોમલો. મારી સામે નજર રાખે છે,' એમ કહી ગામના વાણિયાની પીઠ પોઠિયાએ (ભૂવાએ) થાબડી અને કહ્યું, 'જા, વૈશાખ મહિના સુધીમાં તમારા બે ભાઈમાંથી એકાદનું ઘર બંધાશે. મારો કોલ છે. પછી તને ઠીક લાગે એ કરજે.'

વાણિયો ટોપી ઉતારીને ભૂવાને પગે લાગ્યો, 'માજી, તમારી આશિષ જોઈએ. તમારો કોલ ફળશે તો હું મારી શક્તિ જોગું કરીશ.'

(પણ એક વૈશાખને બદલે બીજો વૈશાખ પણ ચાલી ગયો, છતાં હજુ બંને ભાઈ વાંઢા જ છે.)

આટલું થયા પછી બધા ફરી કરગર્યા અને કહ્યું. માજી, 'તું આજ સુધી અમારું રક્ષણ કરતી આવી છું, એવું જ હંમેશ કરજે.'

'અરે, કોનો ભાર છે કે હું બેઠી છું ત્યાં સુધી મારાં છોકરાંમાંથી કોઈનો વાંકો વાળ પણ કરી શકે! ગામના ઝાંપાથી આગળ કોઈ એક ડગલું પણ ભરે તો એને ત્યાં ને ત્યાં પાડી દઉં. મેં તમારી ચોકી લીધી છે ત્યારથી, બોલો, કોઈની આંખ પણ રાતી થવા દીધી છે?'

'ના માબાઈ, ના; તારી સામે કોણ ઝૂઝી શકે એવું છે?' આમ કહી બધા માથાં નમાવવા લાગ્યા.

આ પ્રસંગ યોજાયો હતો ગામમાંથી પાડા અને બકરાંનો વધ અટકાવવા માટે, એટલે માબાઈને આખા ગામના પંચ તરફથી કહેવામાં આવ્યું કે, 'માબાઈ, તમને ભાદરવાની ઉજાણીના ભોગમાં બે પાડા અને એક બકરો વધેરીએ છીએ, એને બદલે હવેથી કાંઈક બ્રાહ્મણ જમાડવાનું કે એવું રાખો તો અમે તમારો પાડ માનીએ. પંચ તરફથી અમારી આટલી વિનંતી છે.'

---

સ્વાર્થી વિચારો અને દુષ્ટ કામો કરનાર માણસ પવિત્ર, વિશાળ અને સુંદર જીવન પ્રાપ્ત કરવાનો મહાન લાભ ગુમાવે છે.

મુખ્ય ભૂવો કહે, 'જુઓ, મારે લોહી હરામ છે.' પણ એટલામાં બીજો ભૂવો ધૂણવા લાગ્યો, 'નહિ, નહિ, એવું નહિ ચાલે, મારે તો લોહી અને દારૂ પહેલાં જોઈશે. નહિ તો ઊંધા પાડી દેવાની.'

લોકો મુખ્ય ભૂવાને કરગરવા લાગ્યા, 'માજી, તમે તો છોડ્યું, પણ આ તમારી નાની બૂન ક્યાં માને છે? તમે એને મનાવો તો મોટા પાડ. એ તમારા તો હાથની વાત છે.'

હા–ના કરતાં મોટી માતાએ નાની બહેનને સમજાવવાનું માથે લીધું અને છેવટે બેય માતા પાસે પાંચ પાંચ બ્રાહ્મણ જમાડવાનું નક્કી થયું. માતાએ બીજી પણ કેટલીક નાની મોટી આજ્ઞાઓ સંભળાવી. બધાએ સાંભળી. ખાંડના ફાકડા ભરાયા અને પોઠિયા હળવા પડયા.

ગામમાં પ્લેગ થયો તો આ ભૂવાઓ કહેશે, 'તમે માતાની ઉજાણી બરાબર નથી ઊજવી, તેથી આ માતાનો પરવેહ થયો છે. બધા સાથે ઉજાણી કરો અને રથ કાઢો.' એટલે એની પાછળ ૫૦–૬૦ નું પાણી થાય.

ગામનાં ઢોરમાં ખરવારો કે એવી કોઈ બીમારી આવી તો કહેશે, 'ગામની બાઈઓએ ચોમાસાના દિવસોમાં શેરીઓમાંથી ઢોરના પોદળા ઊંચકયા હતા માટે રોગચાળો આવ્યો છે. બધા જ મહારાજ પાસે નાળિયેર વધેરીને બબ્બે દીવા કરી આવો.'

આવી તો અનેક માગણીઓ આવે. વરસાદમાં ચાર પાંચ વખત સાદ પડાવીને આખા ગામ પાસે લાપસીની કે ગોળભાતની ઉજાણીઓ કરાવરાવે. એટલું જ નહિ, પણ કોઈ એકાદ બહુ પીડાયેલો દરદી હાથમાં આવ્યો તો, એની પાસે માતાનું સોનાનું છત્તર કે દેરીનાં પગથિયાં પણ કરાવી લે અને કોઈની પાસે મરઘું કે બકરું પણ વધેરાવે.

એક દિવસ હું ઘરમાંથી બહાર નીકળ્યો તો શું જોયું? છોકરાઓનું એક મોટું ટોળું. એની આગળ અમારા પાડોશી મોતીભાઈની વીસ વર્ષની દીકરી. એના માથા ઉપર એક ફૂટેલું કાળું હાલ્લું. એમાં કૂતરાની હગાર વગેરે ભરેલું. છોડીના મોઢામાં કોઈએ ફેંકી દીધેલું ખાસડું અને એના હાથ પાછળ બાંધેલા. સાથે સાથે એનો નાનો ભાઈ ચાલતો હતો. એના હાથમાં એક નાનકડું મરઘીનું બચ્ચું હતું. આ બધું સરઘસ મારા ઘર પાછળથી કૂવા તરફ ગયું. મેં કોઈને પૂછ્યું, 'અલ્યા, આ શું?' તો કહે છે, 'ચતુરીના ડોબાને મહારાજ (શીતળા) નીકળ્યા'તા ને તે મહારાજે જાય છે.' હું તો વિચાર કરતો ઊભો જ થઈ રહ્યો.

રાતના સાડાબાર વાગ્યા હતા. લોકોનું એક મોટું ટોળું રંગે ચઢેલું હતું. છોકરાને રમવાનું નાનું લાકડાનું ગાડું હોય છે એવો એક રથ. એના ઉપર ચૂંદડી, કંકુ, ગુલાલ, એમ અનેક રીતે શણગાર સજેલા હતા. મુખ્ય ભૂવાના હાથમાં એ રથની દોરડીનો એક છેડો હતો. એ હુઉઉઉ હુઉઉઉ કરતો રથ ખેંચતો જતો હતો. સાથે બીજા ભૂવાઓ પણ બૂમો પાડી નાચતા હતા અને આખું ટોળું દેકારો બોલાવતું પાછળ પાછળ જતું હતું.

ગામની પશ્ચિમે જઈ રથ ઊભો રાખ્યો. ભૂવાએ રથની દોરી બીજા ભૂવાના હાથમાં આપી અને પોતે ખૂબ ધૂણ્યો ને ખૂબ નાચ્યો. પછી બેત્રણ લાકડાં ગોઠવી હવન કરતા હોય એવું તાપણું કર્યું. એમાં ચોખા, નાળિયેર તથા થોડો દારૂ રેડ્યો. પછી બધા ભૂવાઓએ એકબીજાના મોઢામાં ચાંગળું ચાંગળું દારૂ રેડયો. કોઈએ વધારે પણ ઢીંચ્યો.

એકાએક રથનું મોઢું ફર્યું અને આખું સરઘસ ગામ સોંસરું થઈ પૂર્વ દિશાએ આવેલી કાળકા માતા તરફ ચાલ્યું. ગામની બહેનો મધરાતે રસ્તે દર્શન કરવા આવી. કાળકા માતાએ જઈ બધા ભૂવા ખૂબ ખૂબ નાચ્યા અને હુઉઉઉ હુઉઉઉ કર્યું. છેવટે દીવા કરી નાળિયેર વધેર્યાં અને દર વખતે એક બકરું વધેરતા તેને બદલે કાંટાકોળું વધેર્યું. બધાને સુખડી વહેંચી. ત્યાર બાદ રથને દૂર દૂર એક ખેતરને શેઢે મૂકી આવી બધા પાછા ફર્યા. આને રથ કાઢયો કહેવાય. એટલે હવે આખા વર્ષ સુધી અમારું ગામ સહીસલામત!

ગામના લોકોમાંથી ઘણાંયને બાવટાના લોટ

દરેક ક્ષણ કેવી ગાળવી એ આપણી મુનસફી ઉપર છે. આપણા વિચાર અને વર્તન પ્રમાણે આપણું ભાવિ બંધાય છે.

માટે આમથી તેમ આંટાફેરા મારવા પડે છે. ઘણુંયને વાણિયાઓ અનેક રીતે ચૂસી ખાય છે અને અવારનવાર કેટલાકને પોલીસચોકીએ જઈ ઝૂડિયાં ખાવાં પડે છે. ગામમાં મહિને દહાડે એકાદ જાસાચિઠ્ઠી તો બંધાય જ. કૂવામાં ઘાસલેટ રેડાય, લોકોની ઘાસની ગંજીઓ કે છાપરીઓ બાળી મૂકવામાં આવે, ઊભા પાક કે લીલાછમ આંબા વાઢી નાખવામાં આવે, અને આજુબાજુના ગામમાં લૂંટ કે ચોરી થાય. તોય અમારા ગામ ઉપર લોકોને વહેમ ન આવે એવું અમારું ગામ સહીસલામત !!!

અમારા ભૂવાઓ હુક્કા પીએ, ચલમ પીએ, બીડી પીએ, ચા પીએ, કસુંબા પીએ, ને જે હાથ આવે તે બધું એમને ખપે; એટલું જ નહિ પણ એ જ્યાં જાય ત્યાં આ બધાનો પ્રચાર પણ કરે. અફીણ વિરુદ્ધની વાત કરો તો તમે એમના દુશ્મન, વૈદ દાક્તરની દવાની વાત કરો તો તમે એમના દુશ્મન. ભૂતભૂવાઓ છોડી રામનું નામ લેવાનું કહો તો તમે એમના દુશ્મન !

અને લોકો પણ એમનાથી એવા ફફડે કે ભૂવા સાથે બનતું ન હોય છતાં કોઈ માંદું સાજું થાય ત્યારે એના જ પગ ઓળસતા એ જાય અને એ જે કાંઈ બાધા માનતા રખાવે એ રાખીને પાંચ દસના ખાડામાં ઊતરે.

ગામમાં રોજ એકાદ બે પ્યાલા કરવાના તો હોય જ અને પરગામનું કોઈ વહેમી પ્રાણી સપડાઈ પડે તો એના તો ભૂવા મહારાજ બાર જ વગાડી દે. એ પહેલાં એને શિકોતરુ વળગ્યું છે કે જોગણી એની ખબર શાની પડે !

અમારે કેટલીક વખત રાત્રે જાગવું ન હોય તોય પરોઢિયાના ત્રણ ચાર વાગ્યા સુધી ડાકલાની રમઝટ અને હુઉઉઉ હુઉઉઉના અવાજો અમને જાગરણ કરાવે.

ભૂવાની સંસ્થાનું અમારે ત્યાં આવું સામ્રાજ્ય જામ્યું છે. છતાં આ બધા અંધારામાંય એકાદ બે કિરણ એવાં છે કે જે આ અંધારાને ભેદીનેય એ બધા તરફ પોતાની અશ્રદ્ધા બતાવે છે. પણ આવા લોકોને કોઈ કોઇ વખતે આ સંસ્થાની અવગણના કર્યા બદલ દંડ ભરવો પડે છે. કારણ, આ સંસ્થા મારફત ગામના નાગા લોકોનું નાગું રાજકારણ પણ ચાલતું હોય છે.

આ સંસ્થાના પાયાનો સડો જો આપણે લોકોને બતાવી શકીશું તો મને લાગે છે કે થોડા વખતમાં એની આખી ઈમારત ખખડી પડશે, અને ધર્મને નામે જે ધતિંગ ચાલી રહ્યું છે એનો અંત આવી જશે.

*

## ‘આશીર્વાદ’ના પ્રતિનિધિ બનો

૧૦ ગ્રાહકો બનાવી આપનારને ૧ વર્ષ સુધી ‘આશીર્વાદ’ વિનામૂલ્યે મોકલાશે.

૨૫ ગ્રાહકો બનાવી આપનારને શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજીનું ‘ભક્તિનિકુંજ’ પુસ્તક (૬૫૦ પાનનું) ભેટ મળશે અને તેમનાં નામ ‘આશીર્વાદ’ના અંકમાં જાહેર કરવામાં આવશે.

૫૦ કે તેથી વધુ ગ્રાહકો બનાવનારને શ્રી ડોંગરે મહારાજનું ‘ભાગવત રહસ્ય’ પુસ્તક (૭૦૦ પાનનું) ભેટ મળશે અને તેમનાં નામ ‘આશીર્વાદ’માં ટાઈટલ પૃષ્ઠ ઉપર જાહેર કરવામાં આવશે.

જે ભાઈઓ ધંધાની દૃષ્ટિએ કમિશનથી આશીર્વાદના એજન્ટ (પ્રતિનિધિ) તરીકે કામ કરવા માગતા હોય તેમણે કાર્યાલય સાથે પત્રવ્યવહાર કરવો.

# બાળકો અને સિનેમા

**શ્રી જીવરામ જોષી**

તમારા ગામમાં સિનેમા છે? સિનેમા જોઈ શકે એવાં તમારે બાળકો છે? તો આ લખાણ તમે ધ્યાનથી વાંચજો. કદાચ તમારા બાળકની જ આ વાત હશે.

સિનેમાએ બાળકોના જીવન ઉપર મોટી માયાજાળ પાથરી દીધી છે. તેના પ્રભાવથી બાળકો એકદમ દોરવાઈ જાય છે. તેનું પરિણામ ક્યારેક ભયંકર બની જાય છે. તેથી અમેરિકા અને ઇંગ્લેન્ડની સરકારોએ તે માટે ખાસ ખાતાં ખોલીને, તેના નિષ્ણાતોને એ કામ સોંપ્યું છે. સિનેમાનાં દૂષણોથી બાળકો બગડે નહિ, તેની એ ખાતું સંભાળ રાખે છે. ખરેખર, સંભાળ રાખે છે. કેવળ ખાતું ચાલુ રહેવા પૂરતું જ નથી હોતું.

માબાપો પણ પોતાનાં બાળકો માટે એ વિષે કંઈ ન કરે તો બાળકોનું ભાવિ જોખમાય છે.

અમદાવાદના કૃષ્ણ સિનેમા પાસે થઈને હું જતો હતો. ચાર વાગ્યાના પ્રખર તાપમાં શેકાતા કોમળ છોકરાઓ હારમાં ભીંસાઈને ઊભા હતા. આ દુર્દશા દેશની ઊગતી પ્રજાની ટળવી જોઈએ એવા બળાપાની લાગણી અનુભવતો હું ધીમે પગલે ચાલતો હતો, ત્યાં બાજુમાંથી જતા કોઈના બોલ સંભળાયા :

"જા જા સાલા...! પરમ દિવસે પાંચ આના આપ્યા હતા. ઉપરથી આઈસક્રીમ ખાઈ ગયો હતો. જા બે...!

મેં જોયું: ભામટા જેવો એક માણસ બોલે છે. બારેક વર્ષનો કિશોર આજીજીભર્યા મોઢે હાથ પકડતો ચાલ્યો જાય છે. મેં તેની બાજુ પકડી. એવી રીતે ચાલ્યો કે જાણે તેમના ભણી મારું કશું ધ્યાન જ નથી.

છોકરો કહે છે: એક સિગરેટ તો પાઓ!

પેલો કહે છે: અબે...જાય છે કે નહિ?

છોકરો કહે: તો આ ચાલ્યો.

કહીને છોકરાએ પાછું મોં વાળ્યું. પેલો ઊભો રહી ગયો: કરડાકીભર્યા બોલે તેણે કહ્યું: જાય છે એમ ને? બેટા, અકડી કરી છે તો ખેર નથી, સમજ્યો ને!

છોકરો ઊભો રહી ગયો. હસતો હસતો પાછો પેલાની પાસે ગયો.

પેલાએ તેનો ગાલ પકડીને હેતની ચૂંટલી લીધી. એ ઊભા અને હું ચાલતો. મારેય જોડામાંથી ધૂળ ખંખેરવાનું બહાનું કરવું પડ્યું.

પેલાએ કહ્યું: ઊભો રહે, આવું છું.

છોકરો ઊભો રહી ગયો. પેલો ગયો. નાકા ઉપરથી રિક્ષા હાંકીને તરત જ પાછો આવ્યો. છોકરો રિક્ષામાં બેઠો. લાલ દરવાજા ભણી રિક્ષા દોડી ગઈ. એ રિક્ષા હાંકનાર હતો.

જ્યારે જ્યારે કૃષ્ણ સિનેમા પાસેથી હું નીકળું છું ત્યારે ધ્યાનથી જોઉં છું. પેલો કિશોર દેખાતો નથી. મધ્યમ વર્ગનો પણ સારા કુટુંબનો એ છોકરો પરખાઈ આવતો હતો. એનાં કપડાંની સ્વચ્છતા એના ઘરની સુઘડ રહેણીકરણીનો ભાસ આપતી હતી.

અઠવાડિયા પછી રતનપોળના નાકા પાસે થઈને કાળુપુર ભણી જતો એ છોકરો દેખાયો. મેં એનો પીછો પકડ્યો. જૈન દેરાસર પાસે થઈને તે હાજા પટેલની પોળમાં ચાલ્યો. વચ્ચેની એક બીજી પોળમાં તે વળી ગયો. બંધ પોળમાં પાછળ જવું ઉચિત ન સમજી હું પોળને સીધે માર્ગે ચાલ્યો ગયો. જૈન કુટુંબનો હશે એમ મને સમજાયું.

હવે હું ફેર ખાઈને પણ કૃષ્ણ સિનેમા પાસે થઈને જવા લાગ્યો. એક દિવસે મેં છોકરાને જોયો. આવતા રવિવારે સવારમાં ચાલનારા અંગ્રેજી ચિત્રનું વિજ્ઞાપન તે જોતો હતો. ટિકિટબારી ઊઘડી ગઈ હતી. ભાગ્યજોગે ભીડ ઓછી હતી. મેં સાડા દસ આનાવાળી એક ટિકિટ લીધી. છોકરા પાસે જઈને આંટા માર્યા. છોકરે પાટિયું વાંચી લીધું. તેમાંનાં ચિત્રો આંખ ભરીને જોઈ લીધાં. તેણે ય હવે આંટા મારવા માંડ્યા.

પાસે ચડીને મેં ધીમેથી તેને પૂછ્યું: આ ખેલ

---

સંપૂર્ણ નિર્દોષ જીવન પ્રાપ્ત કરવા માટે ઉત્કટ ભાવના રાખો.

કેટલા વાગ્યે છૂટશે?

છોકરો કહે: સાત વાગ્યે.

મેં કહ્યું: ત્યારે તો મારે મોડું થઈ જાય. ભારે થઈ. મેં ટિકિટ લઈ લીધી છે. હવે શું થાય?

છોકરો કહે: પાછી નહિ લે. કોઈ લેવા આવે ને, તેને આપી દેજો.

સિનેમા પ્રકરણની બધી લીલ નો પોતે જાણકાર છે, એવી અદાથી તેણે મને માહિતી આપી.

મેં કહ્યું: લે ને દોસ્ત, તું જ વેચી કાઢ, એક આનો તારો.

હોંશભેર ટિકિટ લઈને છોકરો બારીની પાસે ઊભો રહ્યો. એકબે ટિકિટ લેનારા આવ્યા પણ છોકરા પાસેથી તેમણે ટિકિટ લીધી નહીં.

"યાર, કંઈક ચાલે કે ન ચાલે. એવી પંચાયતમાં કોણ પડે." કહીને એક જણે ટિકિટ લેવા ના પાડી.

છોકરો કહે: લો ને હવે. હું ઊભો છું. તમે અંદર જાઓ, ના ચાલે તો પાછી."

"ના રે ભાઈ, એવું અમારે નથી કરવું." મેં છોકરાને બોલાવીને કહ્યું: જવા દે ભાઈ, તું જ જોઈ આવ.

છોકરો કહે: ના ના, એમ હોય!

મેં કહ્યું: હા હા, તેં મહેનત કરી ને?

મારે સાત વાગ્યાના ખેલમાં જવું છે. ત્યારે તું અહીં મળજે. અને ભીડ હોય તો મને એક ટિકિટ લાવી આપજે.

છોકરો પ્રસન્નતાથી કહે: હા હું ખેલમાંથી છૂટીને અહીં ઊભો રહીશ. ટિકિટ તે અમે તેમ કરીને લાવી આપું.

છોકરો દોડતો થિયેટરમાં ગયો હું મારે માર્ગે પડ્યો. સાંજે સાત વાગ્યે હું ત્યાં જઈને ઊભો રહ્યો. ખેલ છૂટતાં જ છોકરો મને મળ્યો. એના ઉત્સાહનો પાર નહોતો.

મેં કહ્યું: બહુ ભીડ નથી. ટિકિટ તો મળી જશે. ચાલ આપણે હોટલમાં જઈ આવીએ.

અમે હોટલમાં ગયા. આઇસ્ક્રીમ ખાધો, પાન ખાધાં. અમે હોટલમાંથી ઊતરીને ચાલ્યા કે પેલો રિક્ષાવાળો જોઈ ગયો. તેણે બૂમ પાડીને છોકરાને બોલાવ્યો. હું સાથે છું એમ જાણતાં તે અટકી ગયો.

છોકરાને સિનેમાના પૈસા અને કંઈ પાન કે સિગરેટપૂરતું જોઈએ. એ પૂરું પાડનારનો સંગ એણે પચાવવો પડતો.

મેં એને કહ્યું: તું કાલે મળજે. આપણે બીજી ફિલ્મ જોવા જઈશું.

હવે એની આવશ્યકતા પૂરનાર હું મળ્યો, મારા જેવો સારો માણસ મળે ત્યારે રિક્ષાવાળા જેવા મવાલીનો સંગ એને શા કામનો? રિક્ષાવાળાનું એને કશું આકર્ષણ નહોતું. એને સિનેમાના જ પૈસાનું ખેંચાણ હતું.

મેં કહ્યું: હા, હવે મને યાદ આવ્યું. મને એમ થયા કરતું હતું કે, મેં તને ક્યાંક જોયો છે. પેલો બૂમ પાડતો હતો તે રિક્ષા હાંકે છે ને?

છોકરો કહે: હા, સાલો બદમાસ છે.

મેં કહ્યું: તેની સાથે મેં તને જતાં જોયેલો. એની ભાઈબંધી ક્યારથી થઈ છે?

છોકરો કહે: એવાની ભાઈબંધી કોણ કરે?

મેં કહ્યું: તારે એની ભાઈબંધી હોય તો જા. તને બોલાવતો હતો.

છોકરો કહે: એ તો સાલો નાલાયક.

હાજા પટેલની પોળમાં જવા એ રીલીફ રોડ ઉપર ચાલ્યો. મારે તો ચિત્રપટ જોવું જ નહોતું.

ત્યાર પછી બેચાર વાર છોકરા સાથે હું ચિત્રપટ જોવા ગયો. મેં તેને બરાબર સમજી લીધો. મેં તેનું માનસ પારખી લીધું. સભ્ય અને આબાદાર કુટુંબના બાળકને નિંદિત માર્ગેથી વાળતાં બહુ વાર નથી લાગતી. એને એ ગમતુંય નથી હોતું. કેવળ તેની કોઈક લાલસા ત્યાં દોરી જાય છે. મેં છોકરાને સમજાવ્યો કે તારે અઠવાડિયામાં એક વાર ચિત્ર જોવું.

છોકરો કહે: પૈસા મળે નહિ ને!

મેં કહ્યું: તારા બાપા પાસે માગવા. કહેવું કે દર રવિવારે છ આના આપે.

---

તમારા દરેક વિચાર, વાણી તથા કર્મ દયા અને પ્રેમથી ભરેલાં, વિવેકયુક્ત અને નિષ્પાપ બનાવો.

છોકરો કહે: હું માગતો નથી.

મેં કહ્યું: તું માગજે. જરૂર આપશે. તું બીડી ના પીશ, બહુ ખરાબ કહેવાય.

છોકરો કહે: બીડી હું નથી પીતો, સિગરેટ ક્યારેક પીઉં.

મેં કહ્યું: તેય ખોટું. કોઈ જુએ તો કેવા ગણે. અને પેલા રિક્ષાવાળા કે એવા સાથે સંબંધ રાખીશ તો પસ્તાઈશ. લઈ જઈ ને ક્યાંય વેચી દેશે. એટલા જ માટે એવા લોકો તારા જેવા છોકરાને ફસાવે છે. તું જાણતો નથી.

છોકરો કહે: હા હા! મને તે કહેતો હતો કે ચાલ, આપણે મુંબઈ જઈએ. પણ હું એમ છેતરાઉં નહીં.

છોકરાને મેં સારી રીતે પાંખમાં લઈ લીધો. બીજે અઠવાડિયે એના બાપે એને છ આના આપવાનું ચાલુ કર્યું.

બાળકોના ઘડતરનો પ્રશ્ન માબાપ અને સરકાર એના હાથમાં છે. આજે આપણે ત્યાં આ બંને વડીલો નફકરાં છે. બાળકોના ઘડતરનો પ્રશ્ન કંઈ જ નહિ; એવી નફટાઈથી બાળકોની દુર્દશાને વધવા દે છે. જે બાળકો આવતી કાલનાં નાગરિકો બનવાનાં છે, એમને માટે સરકારની પાસે સમય અને પૈસા નથી. હું તો એટલે સુધી કહું છું કે દેશ ભલે બે વરસ ભૂખે મરે, પંચવર્ષી યોજના પાછળના કરોડો રૂપિયા વેડફાતા બંધ કરી દો અને કેળવણી માટે દસ વર્ષનો કાર્યક્રમ બનાવીને તે પાછળ તેના અરધા પૈસા ખરચો. જુઓ, દસ વર્ષમાં આ દેશની પ્રજા અમેરિકાની પ્રજાની બરોબરી કરતી હશે. પણ આજે તો હીનમાં હીન સ્થિતિમાં વધુ ને વધુ આપણી પ્રજા મુકાતી જાય છે. કેળવણી વિના પ્રજા કદી ઉચ્ચ કક્ષાએ જઈ શકે નહિ. એ કેળવણી મેળવવાની એકેએક દેશવાસીને સમાન તક મળે એવી વ્યવસ્થા બનાવી દેવી જોઈએ. બીજી બાજુ બાળપ્રજાના સંસ્કારનું ઘડતર થાય એવા કાર્યક્રમો યોજવા જોઈએ. જેથી બાળકોને નવરાશનો સમય જ્યાંત્યાં ભટકવામાં અને કુસંગે ચડવામાં સહાય બને છે તે અટકી જાય.

માબાપો થોડું વિચારે. પોતાના બાળક માટે ચોવીસ કલાકનો કાર્યક્રમ હોવો જોઈએ. બાળક ગમે તેમ સમય પસાર કરતું હોય તો સમજવું કે તેનું ભવિષ્ય ઘડાતું નથી પણ વેડફાય છે. માબાપ પોતાનાં બાળકોને કામ આપે. બાળકોમાં કાર્યશક્તિ છલોછલ ભરી હોય છે. એને કામ જોઈએ. એને જરા સરખી નવરાશ મળે તો ઊલટી દિશાના ગુણો કામ કરી જાય છે.

*

# સંકલ્પનું બળ

**શ્રી રવિશંકર મહારાજ**

એક ઠાકોર હતા. એક વખત મારે તેમની સાથે અફીણ સંબંધી વાતો થઈ. વળી મને ભાષણ કરવાની કુટેવ, એટલે મેં તેના પર થોડું ભાષણ કર્યું. તેમણે તે દહાડાથી અફીણ લેવાનું છોડી દીધું. પણ પંદર વીસ દહાડા થયા પછી તેમના તરફ ગયો, ત્યારે તેમણે કહ્યું, 'જોજો, હવેથી કોઈને આવો ઉપદેશ દેતા! કોઈને મારી નાખશો!'

અને પછી તેમણે આપવીતી સંભળાવવા માંડી: 'તમો ગયા પછી મને તો ઝાડા થઈ ગયા, અને બોલવાચાલવાના હોશ પણ રહ્યા નહીં. લગભગ બેભાન થઈ ગયો. પછી તો મેં ઇશારતો કરીને બૈરાંને બોલાવ્યાં અને ઇશારાથી સમજાવ્યું કે મને અફીણ ખવડાવો. મેં અફીણ ખાધું, ત્યારે માંડ જરા હોશ આવ્યા.'

પણ મેં તો ઠાકોરને ઝાટક્યા: 'ભૂપતસિંહ ઠાકોર, અફીણ ખાધા વિના મરી ગયા હોત તો દુનિયામાં તમારા વિના શું ખાટુંમોળું થઈ જવાનું હતું? ક્ષત્રિય બચ્ચા થઈને એક પણ ન પાળી શક્યા, ત્યારે ક્ષત્રિય શાના? અફીણ જેવી ચીજ પણ તમને હરાવી ગઈ? તેના વિના તમે મરવા પડ્યા? તમે તો તમારું ક્ષત્રિયપણું પણ ગુમાવ્યું. ત્યારે હવે તમે જીવતા હો કે મરેલા, બંને સરખું જ છે. જો તમે વીર હોત તો જીતત. પણ તમે હાર્યા અને અફીણ જીત્યું!

આટલું સાંભળતાં જ તેમને તો એટલું પાણી ચડ્યું કે અફીણનો દાબડો ફેંકી દીધો. અને થયું પણ એમ કે ન તો તેમને ઝાડા થયા કે ન બેભાન થઈ ગયા. કારણ કે આ વખતે સંકલ્પનું બળ હતું.

# કોઈક હનુમાન

(કર મન ભજનનો વેપાર—એ રાગ)

આવે જ્યારે વિપત્તિનો વરસાદ જી; વિપત્તિનો વરસાદ—
પછી એનો કોઈ ન સાંભળે સાદ........આવે—ટેક.
રામવિયોગે દશરથરાજે, રટ્યું રામનું નામ જી (૨);
આતમ પંખી ઊડી ગયો તોય [૨], છેવટે ન મળ્યો રામ. આવે૦ ૧.
રાઘવ માથે દુઃખ પડ્યાં તે દી', માનવી નાવ્યાં કામ જી (૨);
પ્રભુ માનીને પૂજે હવે પછી [૨], રટે દુનિયા રામ. આવે૦ ૨.
વસિષ્ઠ જેવા કુળગુરુ જેને, જનક જેવો તાત જી (૨);
જાનકીને વનમાં જાતાં [૨], કોઈએ ન ઝાલ્યો હાથ. આવે૦ ૩.
કૈકેયી માતાને સંકટ સમયે, ભેટ્યા જેમ ભગવાન જી (૨);
'કાગ' કહે કે દુઃખને ટાણે [૨], કોઈ મળે હનુમાન. આવે૦ ૪.

**સમજૂતી :** માણુસનાં પોતાનાં ફળરૂપી દુઃખનો વરસાદ જ જ્યારે વરસવા લાગે છે, ત્યારે એને કોઈ અટકાવી શકતું નથી; એટલું જ નહિ પણ ફક્ત છત્રી બની વરસાદનો છાંટો ન પડવા દેવો, આટલું રક્ષણ પણ કોઈ કરી શકતું નથી.

મહારાજ દશરથના મરણ સમયે ચાર પુત્રોમાંથી એક પણ ત્યાં હાજર ન હતો. ઉપરાંત શ્રવણનાં માતાપિતાના શાપને ટાળવા ભગવાન રામ પણ સમર્થ ન હતા. પ્રારબ્ધ કર્મના ફળનો જ્યારે ભોગવટો કરવાનો સમય આવી પહોંચે છે, ત્યારે એનું નિવારણ કોઈ પણ કરી શકતું નથી. પોતાને જ ભોગવ્યે છૂટકો.

થાપણના થરને, પરમેશ્વર પહોંચ્યા નહિ,
દશરથ દીકરાની કાંધે ન ચડ્યો 'કાગડા.'

આપણે નવાં કપડાં સંઘરી રાખીએ છીએ, તે થાપણનાં કપડાં કહેવાય છે. એ કપડાં આપણે જ પહેરી ફાડવાનાં હોય છે. મહારાજ દશરથે પણ થાપણમાં શાપ સંઘરી રાખેલ, તે તેમણે પોતે જ ભોગવ્યો.

ભગવાન રામને વનવાસ મળ્યો. ભરત જેવા ભક્ત બંધુ હતા, અયોધ્યાના રાજની મોટી ફોજ તૈયાર હતી; દેશ બધો શૂર, તેજસ્વી માનવીઓથી ભરપૂર હતો, પણ શ્રીરામે જ્યારે લંકા પર ચડાઈ કરી, ત્યારે એમાંથી એકે એમની મદદમાં ગયેલ હોય એમ રામની કથા કહેતી નથી.

વસિષ્ઠ જેવા ઋષિ જ્યાં સલાહકાર હતા, જેમની પાસે ઋષિઓ ઉપદેશ ગ્રહણ કરતા એવા મહારાજા જનક જેવા પિતા હતા, છતાં સીતાજીને જ્યારે વનમાં મોકલ્યાં ત્યારે કોઈ કંઈ બોલ્યું જ નહિ. એ તો ઠીક, પણ પિતા, ભાઈ કે અયોધ્યાનું એક પણ માણસ જાનકીજીના ખબર કાઢવા વનમાં ગયું ન હતું. સીતાજી વનમાં ગયાં, એટલે ગુજરી ગયાં, એવું માની બધા સૌને ઘેર લહેર કરતા હતા.

દુઃખના સમયે કોણ આશ્વાસનરૂપ બને છે? ભગવાન રામ જેવા જ માતા કૈકેયીને સૌ પ્રથમ પગે પડે અને એમનો શોક ટાળે, એમના અપરાધને વરદાન બનાવી દે. એવા મહાપુરુષો ભગવાન તરીકે પૂજાય છે. રામને સંકટ સમયે મળેલા હનુમાન પણ એ જ ઉચ્ચ કોટિના છે.

**ભક્તકવિ શ્રી દુલા ભાયા 'કાગ'**

# માણસની વાત

**શ્રી હરિશ્ચંદ્ર**

આ છે રામકહાણી. પણ રામ જેટલી જૂની નથી. રામ પછી ચાર વર્ષે લક્ષ્મણનો જન્મ થયો. રામ શામળો હતો, લક્ષ્મણ ગોરો ગોરો દૂધ. ધીમે ધીમે બધાને જ જાણ થઈ કે રામ કરતાં લક્ષ્મણ વધારે હોશિયાર છે.

રામના મનમાં ઊભી થયેલી ઈર્ષા જુદી જુદી રીતે દેખા દેવા લાગી. રમાડવા માટે સાથે રાખેલ લક્ષ્મણને છાનામાના ચૂંટીઓ ખણવી, રમકડાં તોડી નાખવાં, માટીમાં રગદોળવો, વગેરે.

લક્ષ્મણને પહેલવહેલો નિશાળમાં દાખલ કરતાં બાપુએ આણી આપેલ સરસ મજાનો પાકીટનો પટ્ટો રામે તોડી નાખ્યો. લખમો ખૂબ રડ્યો. બાપાએ સમજાવ્યો કે બીજું લાવીશું. લાવજો ને, એનેય પટ્ટો તોડી ન નાખું તો મારું નામ રામ નહીં. રામ બબડ્યો.

માને ચિંતા થતી, આ બન્નેનું નભશે કેમ? બાપુ સમજાવતા, થોડાં વરસ પછી બન્ને સમજશે. કેટલાંક વર્ષ પછી બન્નેને સમજાવા માંડ્યું.

રામ એક ચોપડીમાં બેત્રણ વર્ષ કાઢતો. મૅટ્રિકમાં બન્ને સાથે થયા. વર્ગશિક્ષક હસતાં બોલ્યા, 'રામ, આ વર્ષ તો તું પાસ થવાનું નક્કી જ કરી લેજે. નહીં તો તારો ભાઈ છટકીને આગળ નીકળી જશે.' રામને થયું, લખાને હમણાં ને હમણાં જ ગળી જાઉં.

આખરે બાપે રામને એક દુકાન ખોલી આપી. વર્ષ પછી હિસાબ કરતી વખતે બાપે લક્ષ્મણને સાથે બેસાડતાં કહ્યું, 'તું ભલે મોટો પ્રોફેસર થજે. પણ નફાનો ભાગ બરાબર મળે છે કે નહીં તેટલું જાણવા પૂરતો વહેવારકુશળ રહેજે.'

રામે બાપ ભણી જોયું. બાપા હસીને બોલ્યા, 'અરે ગાંડા, તું ભાઈને છેતરીશ એવું મેં કાંઈ થોડું જ કહ્યું?'

વરસે વરસે નફો વધતો ચાલ્યો. બાપા કહેતા, દશરથ કરતાં હું કેટલો ભાગ્યશાળી! રામને વનમાં જતો જોઈને એને મરવું પડ્યું, પણ મારો રામ! ...લોકો એને હવે શેઠ કહે છે...મારો લક્ષ્મણ! વિદ્વાન પ્રાધ્યાપક. એના લેખ છાપામાં છપાય. હવે લક્ષ્મણનો હાથ પીળો કરી આનંદથી ઈહલોકની યાત્રા પૂરી કરીશ.

પણ થોડા દિવસ પછી જ થોડી જ માંદગીમાં...

પછી બંધુપ્રેમે દેખા દીધી. 'તને એમ લાગે છે લક્ષ્મણ, કે પૈસા ઝાડ પર ઊગે છે? અહીં તો ધંધો કરતાં નાકે દમ આવે છે. નફો બધો વેપારમાં નાખું છું તેથી ધંધાનો આટલો વ્યાપ દેખાય છે. વળી, બા-બાપુને તારા તરફ વધારે ખેંચાણ...'

રડતાં રડતાં બા બોલી, 'તું આ શું બોલે છે, રામ?'

'ગમે તે હો, હું કાંઈ લગ્ન માટે એને બે હજાર રૂપિયા આપવાનો નથી, જોઈએ તો ઘરના ભાગ પાડી વચ્ચે ભીંત ચણાવી લે. પોતાના ભાગને વેચી પૈસા ઊભા કરે.'

'અને ધંધાના નફાનું શું?'

'નફો?...અરે ત્રણ વર્ષથી નફો થાય છે કોને?'

લક્ષ્મણ બોલ્યો, 'મા, હું મુંબઈ જાઉં છું. વર્ષે એક દિવસ તારું મોં જોવા આવતો રહીશ.'

મા રડી, પણ રામ મક્કમપણે બોલ્યો, 'બા, તારે દુઃખ લગાડવાની જરૂર નથી. બાપુએ ખાસ્સો દશ હજારનો વીમો એના નામનો...'

'તારો પણ, અને તારા હપ્તા બધા ઘરેથી જ ભરાયા છે. મારા ચાર વર્ષથી હું પોતે જ ભરું છું.'

બે વર્ષ પછી જેમતેમ સમજાવીને માએ લક્ષ્મણને લગ્ન માટે તૈયાર કર્યો. વળી ઝઘડો જામ્યો. '૧૦ તોલા કરતાં રતીભાર સોનું હું વધારે આપવાનો નથી.' રામે ધૂંધવાતાં કહ્યું. 'પણ ૫૦ તોલા ઉપર તો મારો ન્યાયી હક્ક છે', લક્ષ્મણ બોલ્યો.

'એ બધું હું કાંઈ ન સમજું.'

'તો મારે દમડીયે નથી જોઈતી'.

'તું કહીશ તેથી શું? હું થોડો આપ્યા વિના

---

આપણું આખું જીવન સુખદુઃખરૂપી માળાના મણકાથી વરોવાયેલું છે. તેનું કારણ આપણા પોતાના જ વિચાર છે.

રહેવાનો છું ? તારું છે ને તને આપવાનું છે.'

આખરે માના સોગંદને કારણે ૧૦ તોલા લઈ એ મુંબઈ ગયો. જતાં બોલ્યો, 'મારો પત્ર મળે કે તરત જ બા-ભાભીને લઈને તું મુંબઈ આવી રહેજે.'

'તે તારે કાંઈ કહેવાની જરૂર નથી. તું વ્યવહારુ થઈશ તો તારો ભાઈ કાંઈ પથ્થર નથી.'

પછી તાર આવ્યો—લગ્નનો નહીં, ગંભીર માંદગીનો. મા ને રામ મુંબઈ ગયાં. બીજે દિવસે બધું જ આટોપાઈ ગયું.

બે દિવસ બીજા વીત્યા. મા ઓરડીના ખૂણે બેસી કલ્પાંત કરતી રહી. રામે હલચલ શરૂ કરી. કબાટનાં ખાનાં ફંફોસ્યાં, ટેબલનાં ખાનાં ખોલ્યાં.

સારાંશ! રામ માને લઈને નાસિકની પવિત્ર ગોદાવરીમાં પધરાવવા ભાઈના અસ્થિ લઈ નીકળ્યો, ત્યારે તેની ટ્રંકમાં દશ તોલાના લક્ષ્મણની નવવધૂ માટે તૈયાર કરેલા દાગીના, સેવિંગ્સ સર્ટિફિકેટ, વીમા પૉલિસીનું કલેમ સર્ટિફિકેટ, ત્રણસે ચારસોની રોકડ રકમ, વગેરે હતું. હા, માત્ર નહોતો લક્ષ્મણનો ગ્રંથસંગ્રહ. કારણ રામે તે પોતાના પ્રિય બંધુના સ્મરણાર્થે લક્ષ્મણ જે કૉલેજમાં કામ કરતો હતો ત્યાં ભેટ તરીકે આપી દીધો હતો.

રામે ગામ આવી પોતાના પ્રિય બંધુ માટે બીજું એક કામ કર્યું. લક્ષ્મણનો એક મોટો ભવ્ય ફોટો તૈયાર કરાવી દુકાનની વચ્ચોવચ બાપાના ફોટાની બરાબર બાજુમાં એને લટકાવ્યો. બાપાના ફોટાને પહેરાવ્યો હતો તેવો જ સરસ હાર તેને પહેરાવ્યો.

અને એક વાત રામ ભૂલ્યા વગર ગ્રાહકોને કરતો. આમ તો ગ્રાહકોનું ધ્યાન પેલા ફોટા ભણી જતું, પણ દરેકને કાંઈ કુતૂહલ હોય જ એવું નહીં. ત્યારે પરચૂરણ ગણતાં રામ અચૂક કહેતો, 'પેલો બીજો ફોટો મારા નાના ભાઈનો છે. ખૂબ હોશિયાર હતો. અત્યંત વિદ્વાન પ્રોફેસર હતો. લેખક તરીકે પણ પંકાયો હતો. પણ એકાએક......નસીબમાં ભાઈનું સુખ નહીં, બીજું શું ?'

ગ્રાહક પગથિયાં પૂરાં ન ઊતરે ત્યાં સુધી એનો નિઃશ્વાસ ચાલુ રહેતો, અને આંખો લુછાતી.

*

## પ્રણામ કહના

અરે ઓ ઉધો, ન હોના ખોહી જરા
રે જા કે ઉનકો તમામ કહના
અગર મિલે વો શ્યામ સુંદર
ઉનકો મેરા પ્રણામ કહના.
રાધે હમારા નામ કહના
ગોકુલ તુમ્હારા ધામ કહના
કુબજામે કયોં બદનામ કહના
આખિર મેરા રામ રામ કહના....ઉનકો૦
પડા હૈ સૂના ગોકુલ યે સારા
પુકારતી હૈ યમુનાકી ધારા
કહાઁ મિલેંગે મોહન પ્યારા
દિલકા યહ પયગામ કહના....ઉનકો૦
નિશદિન આંસુ બહાતી અખિયાં
મુરઝા રહી હય બાગનકી કલિયાં
દરસ બિના નહિ આરામ કહના....ઉનકો૦

શ્રી દેવેન્દ્રવિજય 'જય ભગવાન'

# ભગવાનનો ભક્ત કોણ?

શ્રી 'મધ્યાબદુ'

જે પોતાનો ધંધો નીતિથી કરે છે, જે વધુ પડતી કામનાઓ કે લોભ રાખતો નથી, નીતિવાનને હમેશાં પ્રભુ આપતો જ રહે છે એમ સમજી જે વધારે સંગ્રહ રાખતો નથી અને નિત્ય પોતાનાં કાર્યોથી જગતને બને તેટલો વધુ ઉપયોગી બનવાનો પ્રયત્ન કરે છે તે ભગવાનનો ભક્ત છે.

જે પોતાનાં કર્મો દ્વારા ધર્મ ઉપર–નીતિ ઉપર શ્રદ્ધા રાખીને વર્તે છે, જે ન્યાય–અન્યાયનો વિચાર કરીને ન્યાય ઉપર શ્રદ્ધા રાખીને ચાલે છે, જે અસત્યને, મલિનને પસંદ કરતો નથી, જે પોતાને સાચું જણાય તેનું નિર્ભયતાથી આચરણ કરે છે તે ભગવાનનો ભક્ત છે.

જે અન્યાય કરતો નથી, જે ચોરી કરતો નથી, જે પોતાના પેટ માટે બીજાં પ્રાણીઓની હિંસા કરતો નથી, જે પોતાના વ્યવહારોમાં જૂઠા ચલાવતો નથી, જે ઈર્ષ્યા અને દ્વેષ રાખતો નથી, જે નિખાલસ છે, જે નિષ્કપટ છે, જે સરળ છે તે ભગવાનનો ભક્ત છે.

જે પરસ્ત્રી પર ખરાબ દૃષ્ટિ કરતો નથી, જે માન ઇચ્છતો નથી, જે કીર્તિ ઇચ્છતો નથી પણ જે સર્વ કંઇ માત્ર અન્યના હિતની ઇચ્છાથી જ કરે છે, જે બીજાને સુખી કરી સુખી થાય છે, જે બીજાને દુઃખી જોઇ દુઃખી થાય છે અને તેનું દુઃખ દૂર કરે છે. તેને મદદ, માર્ગદર્શન, આશ્વાસન કે યથાશક્તિ સહાય કરે છે તે ભગવાનનો ભક્ત છે.

જે વધુ આહાર કરતો નથી તેમ જે ભૂખ વેઠીને ઘણો ઓછો આહાર પણ કરતો નથી, જે કેવળ જીભ માટે સ્વાદ કરતો નથી, જે દારૂ પીતો નથી, જે ચા પીતો નથી, જે પુણ્યની ઇચ્છાથી દાન કરતો નથી પણ જે માત્ર બીજાના હિતની ઇચ્છાથી દાન કરે છે, જે માત્ર પુણ્યની ઇચ્છાથી મૂર્તિપૂજા કરતો નથી પણ સર્વ પ્રાણીઓને ભગવાનની મૂર્તિ સમજી તેમની સેવા (હિત) કરતો રહે છે, તેમના ઉપર પ્રેમ કરે છે, તેમનામાં પણ પોતાને જ જોઈ ને તેમની સાથે આત્મીયની પેઠે વર્તે છે તે ભગવાનનો ભક્ત છે.

જેનામાં સત્ય ઉપર દૃઢ વિશ્વાસ છે, જેનામાં સત્ય ઉપર શ્રદ્ધા છે, જે અસત્યથી ડરે છે, જે લાભ કરતાં ધર્મને પસંદ કરે છે, જે અનીતિના સુખ કરતાં તકલીફ અને નિર્ધનતા પસંદ કરે છે, જે કપટને ઇચ્છતો નથી, જેનામાં સદા નમ્રતા, સહૃદયતા, નિખાલસતા છે, તે ભગવાનનો ભક્ત છે.

જેનામાં ઉપર જણાવેલા ગુણો હોય તે ભગવાનનો ભક્ત ન કહેવાતો હોય છતાં ભગવાનનો ભક્ત છે. જેનામાં ઉપર જણાવેલા ગુણો ન હોય તે ભગવાનનો ભક્ત કહેવાતો હોય છતાં ભગવાનનો ભક્ત નથી, તે દંભી છે, પાખંડી છે.

જેનાં વ્રત, જપ, તપ, નિયમ, ઉપવાસ, કથા-શ્રવણ, દાન, ધ્યાન, ભક્તિ વગેરે પુણ્યની, કીર્તિની કે સ્થૂળ લાભની ઇચ્છાથી થતાં નથી પણ શરીર અને મનની શુદ્ધિની ઇચ્છાથી થાય છે અને પરિણામે જેનામાં ઉપર જણાવેલા ગુણો–સ્વભાવ પ્રકટે છે તે જ ભગવાનનો સાચો ભક્ત છે.

જે કેવળ સ્થૂળ પાઠ–પૂજાને લઈને બેસી જાય છે અને તેમાં જ પરમાત્માને પૂરેપૂરો આવી ગયેલો સમજીને મૂઢતાપૂર્વક તેમાં લાગ્યો રહે છે અને પરમાત્માના સ્વરૂપનો અનુભવ થવા યોગ્ય ઉપર જણાવેલા ગુણો ધારણ કરીને પોતાના સ્વભાવને સુધારતો નથી અને વર્તનમાં એ ગુણોથી વિરુદ્ધ આચરણ કરે છે તે પરમાત્માનો ભક્ત નથી પણ મૂઢતાનો ભક્ત છે.

ભગવાનને આપણે જોયો નથી, ભગવાનું સ્વરૂપ આપણે હમણાં અગાઉથી જાણી, નક્કી કરી કે ઠરાવી શકતા નથી, ઉપર પ્રમાણેના ગુણો ધારણ કરીને ચાલવાથી આપણા સ્વભાવમાં જે સ્વચ્છતા, વિકાસ, સંતોષ, સમાધાન અનુભવાય છે તેમાંથી જ પરમાત્માના સ્વરૂપનો પ્રકાશ થાય છે, એ પરમ સ્વરૂપની દિશા સમજાય છે, તેમાં નિત્ય નવો વિકાસ થતો જાય છે અને હૃદયની ગાંઠો ખૂલતી જાય છે. આવો મનુષ્ય જ પરમાત્માનો સાચો ભક્ત છે.

જે કેવળ પોતાનું હિત ઇચ્છે છે પણ બીજાનું હિત ઇચ્છતો નથી તેનું હિત કદી થતું નથી. કારણ કે જીવ પોતામાં તો પોતાને જુએ છે પરન્તુ જ્યારે તે બીજા સર્વમાં પોતાને જુએ અને સર્વનું હિત ઇચ્છે, હિત કરે ત્યારે જ તેનું હિત–કલ્યાણ થાય છે, તે જ ભગવાનનો ભક્ત છે.

*

# કમળો

## રોગનાં કારણો અને ઉપચારો

આર્યવૈદ્ય પં. મિલિન્દ

અતિ પિત્તકારક પદાર્થો ખાવાથી પિત્ત, લોહી અને માંસ એ દૂષિત થવાથી ચામડી, નખ અને મોઢું એ પીળાં હળદર જેવાં થાય છે. મળ-મૂત્ર રક્તવર્ણ અને પિત્તવર્ણ થાય છે અને બળતરા, અપચો, દૂબળાપણું વગેરે થાય તે કમળાનાં લક્ષણો છે. આ રોગ ઘણો જ જાણીતો થઇ ગયો છે.

કમળો અને પાંડુ સાથે જ હોય છે. લીવર (યકૃત) જ્યારે બગડી જઇ પોતાનું કાર્ય કરતું અટકે ત્યારે આ દર્દ દેખા દે છે.

પિત્ત રંગે પીળાશ પડતું અને સ્વાદે કડવું હોય છે. અને આપણા શરીરમાં ૨૪ કલાકમાં ૮૦ થી ૧૦૦ તોલા જેટલું તૈયાર થાય છે. ખાસ કરીને ભોજન બાદ તેનું પ્રમાણ વધી જાય છે. પિત્તાશયમાં વધી પડેલું પિત્ત, પિત્તાશય સંકુચિત થતાં નીચે આંતરડામાં જાય છે. જો આ ક્રિયા ન થાય તો આંતરડામાં ચરબીનું પાચન વગેરે ક્રિયા બરાબર થઇ શકે નહિ. અને આંતરડાની મળ આગળ ધકેલવાની ક્રિયામાં પણ ખલેલ પહોંચે છે.

આ રીતે નીરોગી યકૃતમાંથી નીકળનારી પિત્ત-વાહિનીઓ દ્વારા પિત્ત આંતરડામાં જાય છે, પરંતુ જ્યારે આ માર્ગમાં કાંઇ અડચણ ઊભી થાય ત્યારે પિત્ત આંતરડામાં ન જતાં રક્તમાં મળી જાય છે અથવા તો યકૃત અને પિત્તાશયમાંથી નીકળતી પિત્તવાહિની જ્યાં ભેગી થાય છે, ત્યાં જો કંઈ અવ-રોધ ઊભો થાય તોપણ પિત્ત આંતરડામાં ન જતાં રક્તમાં મળી જાય છે, અને રક્ત સાથે મળી ગયેલ પિત્તના પ્રભાવથી કમળાનો વ્યાધિ થઇ આવે છે. મુખ્ય વાહિનીમાં અવરોધ થતાં બધું જ પિત્ત લોહીમાં ભળી જાય છે, તેથી કમળો ચોવીસ કલાકમાં જ દેખાય છે.

આ રીતે ઉત્પન્ન થયેલ કમળો જ્યારે ઘણો જ જૂનો બની જાય છે, ત્યારે 'કુમ્ભકામલા' નામથી ઓળખાય છે, જેમાં પેટ કુમ્ભ એટલે કે 'ઘડા' જેવું મોટું અને કમળાનાં સાધારણ બધાં ચિહ્નો સાથે હાથ, પગ, ગાલ અને આખા શરીરે સોજો આવે છે. અને સાથે જ શરીરમાં રૂક્ષતા, દાહ, વમન, બકારી, હાથપગની ત્રોડ, અતિસાર વગેરે દર્દો ઊભાં થાય છે. આ રોગી ભાગ્યે જ બચે છે.

હવે આપણે તેના ઉપચારો વિશે વિચારીએ. આયુર્વેદશાસ્ત્ર કહે છે કે :

કમળાનો દર્દી ફક્ત ઘી, દૂધ અને ભાતનું સેવન કરે અને મીઠાનો સંપૂર્ણપણે ત્યાગ કરે તો જેમ વાયુ વાદળને વિખેરી નાખે તેમ કમળાનો નાશ થાય છે. આ સાથે જૂના ચોખા, જવ, ઘઉં, તુવેર, મગ, પરવળ, મસૂર, મોસંબી, ખાટાં લીંબુ, પાલખ, દૂધી, દાડમ, તાંદળજાની ભાજી, શેકેલા ચણા વગેરે ખાવાથી અને હલકી કસરત તથા ખુલ્લી હવામાં વિહાર કર-વાથી આ દર્દમાં ફાયદો થાય છે.

**અપથ્ય** : ચા, પાન, બીડી, તમાકુ, ગાંજો, ભાંગ, ભાજીપાલો, હિંગ, તીખું, ખાટું, ઉષ્ણ અન્ન, બરફ અને બીજા પિત્તવર્ધક પદાર્થો ન ખાવા તથા તડકામાં હરવું ફરવું નહિ.

(૧) આંખોમાં કુબાનાં (કુકરપાડાનાં) પાંદડાંનો સ્વરસ આંજવો અને તે જ રસ ગાળી ત્રણેક ટીપાં નાકમાં નાખવો, જેથી નાક વાટે પિત્ત નીકળી થોડા દિવસમાં જ ફાયદો થાય છે.

(૨) ગળોનાં પાનનો રસ છાશમાં મેળવી તેમા થોડી સાકર નાખી પીવો.

(૩) ફુલાવેલી ફટકડી ૪ થી ૫ રતી થોડી સાકર સાથે સવાર-બપોર-સાંજ પાણી સાથે ફાક-વાથી કમળો મટી જાય છે.

(૪) રસવંતી પાણીમાં ૬ રતીભાર ઓગાળી, થોડું મધ નાખી ચાટવાથી કમળો મટે છે.

(૫) તાંદળજાનો રસ શેર ૦ા, સાકર શેર ૦ા, બન્ને એકરસ કરી પીવાથી પણ કમળો દૂર થાય છે.

આ બધા સામાન્ય તાત્કાલિક અજમાવવાના ઉપચારો થયા. તેનાથી શરૂઆતનો રોગ મટી જાય છે. પણ જ્યારે રોગે ઘર ઘાલ્યું હોય ત્યારે લોહ-યુક્ત દવાઓ આપવી વધુ હિતાવહ છે, જેથી રોગ પણ દૂર થાય છે, અને વળી ગુમાવેલી શક્તિ પણ મળે છે. આવી દવાઓમાં તાપ્યાદિ લોહ, નવાયસ લોહ કે લક્ષ્મીવિલાસ રસ અને આરોગ્યવર્ધિની જેવી દવાઓ મુખ્ય છે.

કુમ્ભકામલાના દર્દીએ ૧૦ થી ૧૨ રતી શિલા-જિત ગાયના મૂત્રમાં સવાર-સાંજ લેવાથી સારો ફાયદો થાય છે.

ઘણી વખત સામાન્ય ઉપચારોથી પણ આવા દર્દીઓને સારો ફાયદો થાય છે. નં. ૩ નો પ્રયોગ કમળાના ઘણા દર્દીઓને હિતાવહ સિદ્ધ થયો છે. વળી તે પ્રયોગ ગમે ત્યારે યોજી શકાય છે.

*

# ગીતગંગા

## યુગલગીત

ઝુકાવીને વામ કરે બિરાજે,
મુખારવિંદે મધુ વેણુ બાજે,
અવાજમાં એક જ વાત કહેતો,
જો આવશે તો રહું વાટ જોતી;
ઉતારવા આરતી આશ મારે,
માને યદા ચિત્ત જરાય ત્યારે.
ઉઘાડતાં દ્વાર ન વાર લાગે,
ખુલ્લો સદા રાખીશ આપ કાજે.
ન આવવું, આવવું વૃત્તિ તારી,
ને વાટ જોવી દિનરાત સારી,
છતાં ન આવું ન કહું અભાગી,
માનીશ પૂર્ણું હું તથા અભાગી;
મૂકી બધાં કામ સમીપ દોડી આવે,
આવે જો તું વેણુ કદી બજાવે,
બજારમાં હું ફરતી રહું છું,
બજાવજે તું વેણુ ધારી.
રચીપચી આ જગમાં રહું છું,
ભૂલી ગઈ સેવવો પાદ તારા,
ન સેવતી, તેની ચિંતના છે,
ન યાદ આવું બરબાદ થાઉં;
બોલાવવી એક પ્રભુ વૃત્તિ તારી,
બોલાવજે પ્રેમ કરી મુરારિ,
બોલાવતા ના તુજ કષ્ટ ભાસે,
તે એક નાદે સહુ સિદ્ધ થાશે.
ત્યજી દઈ કામ સમસ્ત મારાં,
સજી લઈ વસ્ત્ર સમસ્ત પ્યારા,
આવીશ પાસે પ્રભુપાદ તારા,
પૂરીશ મારા મનના મિનારા.
વાર્યા પ્રભુ જો વ્રજનાં પશુઓ,
ગોપાળ ને સહુ ગોપનારી,
વારી કહો નાથ આવશે મારી?
વારિ વિના અન્ય ન હોય બારી.

શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી

## આપ્યાથી વધુ લીધું

આખી જિંદગી લઈ શું કરીશ?
લીધું છે તે ભોગવ ને.
તુજને શું કહું માનવી, તારે
સંચયની લગની છે.
તું જ અસંતોષી જીવડો છે,
પ્રભુને હાથ હજારો!
વિભુ ઇચ્છે તો એક જ પળમાં
ભરે ખજાનો તારો.
દિવ્ય શક્તિમાં આસ્થા તુજને,
પ્રભુ છે એવો દાનો.
તે આપે તો આપ્યાં કરશે,
ભરશે તુજ ખજાનો.
ઊડતી વાત સુણી કે હરિને
હાથ થયા છે કરોડો!
બે હાથે લેનારા હવે સૌ
ધન લેવાને દોડો!
સૌ દોડ્યા ને તું પણ દોડ્યો,
દેનારો નહિ થાકે
લૂંટ ચલાવી લેનારાએ
ધનનો ઢગલો ઝંખે.
લક્ષણ લેનારાનાં એવાં
લેવાથી નહિ થાકે.
'લાવ, લાવ ને' કહીને લીધું
છો દેનારો થાકે.
ઢગલે ઢગલે સોનું લેતો
જીભથી 'બસ' નહિ કહેતો.
દેનારો વળીવળીને બોલે:
'ભોગવ ને જે લીધું.'
પણ લેનારો થાકયો નહિ, કે
લોભ એનો ના ખૂટ્યો.
ને લાખ હાથથી દેનારાએ
કરોડ હાથથી લીધું.
એક પલકમાં ડુંગર ડોલ્યો,
દીધાથી વધુ લીધું.

શ્રી મંગળદાસ જ. ગોરધનદાસ

# ક્ષમા

શ્રી 'પરમાનંદ'

ક્ષમા એ તો ભગવાનનો ગુણ છે, દૈવી ગુણ છે. જે ભગવાનનું શરણ લે તેનામાં આ ગુણ પ્રગટ થાય છે. જ્ઞાનીઓ અને ભક્તોમાં આ ગુણ સાહજિક હોય છે. ક્ષમાનો પાઠ તેમને ગોખવો પડતો નથી. મહાત્માઓ કેવી રીતે ક્ષમા આપે છે તે જુઓ.

તુકારામના ગામમાં એક મંબોજી બુવા રહેતા. મંબોજી કથા-કીર્તનનો ધંધો કરતા. દેહુ ગામમાં તુકારામના ભજન-કીર્તનમાં લોકો વધવા લાગ્યા. આ બાજુ મંબોજીને દાન-દક્ષિણા આપવાનું લોકોએ બંધ કર્યું. લોકો સમજી ગયા હતા કે બુવા તો પૈસા લઈને કથા કરે છે. ઢોંગી ગુરુ હોય અને ઢોંગી ચેલા હોય ત્યાં બુવા જેવા પ્રવચનકારો હોય. તુકારામના ભજનમાં જે આવે તેને તુકારામ ખરો પ્રસાદ આપતા. જે પ્રસાદથી સર્વ દુઃખોનો નાશ થાય એવો ભજનાનંદનો પ્રસાદ તુકારામ પાસેથી મળતાં મંબોજીની કથા બંધ થઈ ગઈ.

તુકારામ જ્યાં કથા-કીર્તન કરતા હોય, ત્યાં મંબોજી આવી તુકારામને ગાળો દેતા. તુકારામ તેને હાથ જોડીને કહેતા કે 'મી અસા જ આહે.' કેટલોક વખત આમ ચાલ્યું. મંબોજીના મનમાં વિચાર આવ્યો કે તુકડ્યો આમ માનશે નહીં.


એક વાર તુકારામ સવારમાં ક્યાંક બહાર ભંડારા ઉપર જતા હશે ત્યાં મંબોજીએ તેમને ઊભા રાખ્યા અને કહ્યું કે 'હે તુકડ્યા, તેં મારું મકાન ભ્રષ્ટ કર્યું. તને કથાનો અધિકાર નથી અને તું કથા કરે છે. બ્રાહ્મણને જ કથાનો અધિકાર છે.' આટલું બોલીને મંબોજીએ એક કાંટાવાળું ઝાડુ લઈને તુકારામને ખૂબ માર્યા. તુકારામે પાંડુરંગ એમ બોલ્યા કર્યું. તેમણે તો સહન જ કર્યું. તુકારામનું બેઠા ઘાટનું મજબૂત શરીર અને મંબોજી તો શરીરે નબળો જ હતો. મંબોજીએ ખૂબ માર માર્યો. મંબોજી માર મારતાં મારતાં થાકીને પડી ગયો. તુકારામે કહ્યું: 'આ શરીર માર ખાવાને લાયક જ છે. મંબોજીએ તો માઝ્યા વર ફાર ઉપકાર કેલા...એ મારથી તો મારાં પાપ ઓછાં થયાં છે.' કેટલી ક્ષમા!

જો મહાન તત્ત્વને પોતામાં લેવું હોય તો જે સદા દાસ બને તેને જ ભગવાન સહાય કરે છે એ ખ્યાલમાં રાખવું.

આપણે તો દીન થવાનું છે. દીન થશો તો ક્ષમાનો ગુણ આવશે. જે સહન કરીને દીન બને છે તે મહાન છે. જે દીન અને દયાળુ છે તે જ ક્ષમા આપી શકે છે. જેણે સહન કર્યું છે એને બીજાને શું કષ્ટ પડશે એની ખબર પડે છે. જેણે ગાળ ખાધી છે તે ગાળ નથી દેતો, સહન કરતાં તે શીખ્યો માટે જ ક્ષમા આપી છે.

**आत्मौपम्येन सर्वत्र**...તે સમજે છે કે હું આને ગાળ દઈશ તો એને દુઃખ થશે. જો કહીશ કે હું તને ક્ષમા આપું છું તો તેને નીચું જોવા જેવું થશે. જે પોતે સહન કરીને બીજાને સુખ આપે છે તે જ ખરો યોગી છે. હવે જો આપણે આ ગુણ કેળવવાનો પ્રયત્ન કરીએ તો જન્મોજન્મની રામાયણ જાય અને પ્રેમ પ્રગટ થઈ જાય.

*



**શ્રી બેચરદાસ અંબાલાલ પંડ્યા**

જેમના દાનશીલ તથા સેવાપરાયણ જીવનને લીધે અનેક માનવોને સહાયતા મળી છે. પોતાના સમૃદ્ધ તથા ઉમદા ગુણોથી તેઓ અધિકાધિક સુવાસ પ્રસરાવી રહ્યા છે.

# જીવન એટલે શું?

**શ્રી મુકુલભાઈ**

એક વાર એક માણસે આવીને મહાત્મા ટૉલ્સ્ટૉયને પૂછ્યું : "જીવન એટલે શું?"

થોડી વાર શાંત રહીને ટૉલ્સ્ટૉય બોલ્યા : "એક વખતે એક માણસ જંગલમાંથી પસાર થતો હતો. એવામાં એક જંગલી હાથીની નજર તેના ઉપર પડી અને એ તેને પકડવા દોડ્યો.

"પેલો માણસ તો આવી પડેલા આ સંકટને જોઈને ગભરાઈ ગયો. શું કરવું અને શું નહીં, એની તેને સમજ પડી નહિ. ઝાડ પર પણ શી રીતે ચડી શકાય? હાથી તો ખૂબ નજીક આવી ગયો હતો! તેથી તેણે હિંમતભેર ઝડપથી દોડતા માંડ્યું. પાછળથી હાથી પણ દોડતો આવી રહ્યો હતો.

"એટલામાં રસ્તા ઉપર એક કૂવો નજરે પડ્યો. હાથીના સકંજામાંથી બચવાનો બીજો માર્ગ ન હોવાથી તે માણસે એ કૂવામાં ઝંપલાવ્યું! કૂવામાં વડલાનાં કેટલાંક મૂળિયાં બહાર નીકળેલાં હતાં. એમાંના એક મૂળિયાની જડ તેના હાથમાં અચાનક આવી ગઈ. એટલે તેણે એ પકડી લીધી.

"થોડી વાર પછી તે માણસે કૂવામાં ડોકિયું કર્યું તો એ પુરાણા કૂવાના પાણીમાંથી મગરો બહાર નીકળીને મોં ફાડી ઊભા હતા! ક્યારે તે માણસ નીચે પડે અને ગળી જાઉં, એની જ તે રાહ જોતા હતા. ઉપરની બાજુએ પેલો માતેલો હાથી એ માણસ ક્યારે બહાર નીકળે એની રાહ જોતો ઊભો હતો.

"હવે જે જગ્યાએ પેલો માણસ લટક્યો હતો એની ઉપરની બાજુએ મધપૂડો હતો અને તેમાંથી મધ ટપક્યા કરતું હતું. એ મધનાં ટીપાં મોંમાં ઝીલી લઈને પેલો માણસ નભી રહ્યો હતો.

"પરંતુ આ શું! જે મૂળને પકડીને તે લટકી રહ્યો હતો એને એક કાળો અને એક સફેદ ઉંદર નિરંતર કાપી રહ્યા હતા!"

આટલું કહીને મહાત્મા ટૉલ્સ્ટૉય જરા અટક્યા અને પછી બોલ્યા : "પેલો હાથી એ કાળ હતો; મગર મૃત્યુ હતું; મધ એ જીવનરસ હતો, અને કાળો તથા સફેદ ઉંદર એ રાત-દિવસ હતા. આ બધું મળીને જે થાય એનું નામ જીવન!"

*

# આ શરીર પણ સમાજનું

**શ્રી સાને ગુરુજી**

મહાત્માજી નિર્ભય હતા. પ્રચંડ હિંસાનો એમણે આત્મબળ વડે સામનો કર્યો. મૃત્યુ તો તેમને કદી ભયભીત કરી શકતું નહોતું. અને તેમ છતાં ગાંધીજી પોતાની તબિયતની અત્યંત કાળજી લેતા. શરીરની અવગણનાને તેઓ પાપ માનતા. આ શરીરની માલિકી સમાજની છે, સમાજની એ થાપણ છે, એ થાપણનો દુરુપયોગ કરવાનો મને અધિકાર નથી, એવી એમની ભાવના હતી.

એક દિવસ એમને ઠેસ વાગી અને અંગૂઠામાંથી લોહી વહેવા લાગ્યું. પાસે કસ્તુરબા હતાં, એમને કહ્યું, 'જલદી ગ્યાસલેટનું પોતું લાવ, ને મારા અંગૂઠાએ બાંધ.'

બા વિનોદમાં બોલ્યાં : 'મરવાની બીક અને દુઃખ તમને નથી એમ કહેતા હો છો ને? પછી જરા અમથી ઠેસ વાગી, ને જરા લોહી નીકળ્યું એટલામાં આટલું ગભરાવાનું શું?'

બાપુ ગંભીરતાથી બોલ્યા : 'બા, આ શરીરની માલિકી જનતાની છે. મારી બેદરકારીને કારણે અંગૂઠામાં જો પાણી પેસે અને એ વધારે બગડે તો હું સાત-આઠ દિવસ કામ ન કરી શકું. આનાથી લોકોનું ભલા, કેટલું નુકસાન થાય? લોકોએ આપણામાં મૂકેલ વિશ્વાસનો એ તો ઘાત જ કર્યો કહેવાય.'

બા શરમાયાં. એમણે તરત જ ગ્યાસલેટનું પોતું આણી બાપુજીના અંગૂઠાએ બાંધ્યું.

રાષ્ટ્રના હિતની બાપુને કેટલી ચિંતા હતી!

*

# ભક્ત દામોદર અને તેમનાં આદર્શ પત્ની

[ કઠોર હૈયાંઓને માટે આવી વાર્તાઓની અસર થવી અસંભવિત હોય છે. ભગવાને આપેલ ધન, માન, મોટાઈ અને સ્ત્રી–પુત્રાદિના સુખમાં જેઓ ચકચૂર છે અને પોતાની ચાલાકીથી જ પોતે તે બધું મેળવ્યું છે એમ માને છે, એવા માણસોને આવા ત્યાગનો અને આવી લાગણીનો સ્પર્શ થઈ શકતો નથી. જોકે ધન વગેરે તો કુદરતની યોજના પ્રમાણે તે માણસોને પોતાની લાગણી માખણ જેવી સુકોમળ અને શુદ્ધ બનાવવા માટેની તક રૂપે સદુપયોગ માટે મળ્યું હોય છે. પરંતુ તેમને આવું ભાન તો ત્યારે જ થાય છે કે જ્યારે કુદરત તેમની તે કઠોરતાને ઓગળી જવા માટે તેમને દયાજનક સ્થિતિમાં–સંજોગોમાં–જન્મમાં મૂકે છે. અને ત્યાં સુધી ભગવાન તેમને માટે અત્યન્ત દૂર જ છે. જેની લાગણી, જેનું હૃદય ગંગા સમાન નિર્મળ છે, જેને ભગવાનનો–સત્યનો–ન્યાયનો ભરોસો છે અને એને આધારે જે જીવનમાં ચાલે છે તેને માટે પૂર્ણ જીવન, આત્મદર્શન, મુક્તિ, વૈકુંઠ અથવા ભગવાનની પ્રાપ્તિ તેના હાથમાં જ રહેલી છે. વેદ કહે છે : 'तद् दूरे तद् उ अन्तिके।" ]

દામોદર કાંચી નગરીમાં રહેતા હતા, જાતે બ્રાહ્મણ હતા, કંઈ સંતાન નહોતું, ઘરમાં કેવળ એકલી બ્રાહ્મણી હતી. ભીખ એ જ તેમનું જીવિકાનું સાધન હતું. સમસ્ત સંસાર શોધવા છતાંયે દામોદર જેવો બીજો દરિદ્ર ભિખારી મળવો મુશ્કેલ હતો. દામોદર દરરોજ પ્રાતઃકાળે ઊઠીને સ્નાન–સંધ્યા વગેરે નિત્યકર્મ કરતા અને મસ્તક ઉપર ચંદન તથા પ્રસાદી, તુલસીપત્ર ધારણ કરીને રામ–કૃષ્ણ–હરિનું કીર્તન કરતા કરતા ભીખ માગવા માટે નગરમાં ચાલ્યા જતા. ભિક્ષામાં કંઈ મળી ગયું તો સારી વાત, ને ન મળ્યું તો કંઈ અસંતોષ નથી! રોજ જે કંઈ મળતું તે લાવીને બ્રાહ્મણીને આપી દેતા. પતિભક્ત બ્રાહ્મણી ખૂબ આનંદથી રસોઈ બનાવતી. ભગવાનને ભોગ ધરાવીને બંને જીવ એ જ પ્રસાદ જમીને પ્રસન્ન રહેતા. તે દિવસે જો કોઈ ભૂખ્યો–તરસ્યો અતિથિ આવી જતો, તો પહેલાં તેને ભોજન કરાવતાં ને પછી કંઈ બચતું તો ખાઈ લેતાં નહિ તો તે દિવસે ઉપવાસ થતો. તેઓ આથી કંઈ દુઃખ લગાડતાં નહિ પરંતુ પરમ આનંદથી ઉપવાસ કરતાં.

બન્નેનું મુખ્ય કામ હતું શ્રી ગોવિંદજીનું ભજન. તેઓ રાત્રિ–દિવસ તેમાં જ મસ્ત રહેતાં. ન બીજાની ચર્ચા કરવી કે ન કોઈની નિંદા કરવી. હૃદય જીવદયાથી હંમેશાં ભરપૂર રહેતું. ઘરમાં કાંઈ પણ હતું નહિ; પરંતુ તેઓ પોતાને માટે ભગવાન પાસે કશું માગતાં ન હતાં. ભગવાન પાસે જો તેઓ કંઈ પણ ઇચ્છતાં તો તે જીવોનું કલ્યાણ ઇચ્છતાં હતાં. ભજન કરતાં કરતાં જ્યારે એવો ભાવ થતો કે હવે ભગવાન દર્શન દેશે, ત્યારે તેઓ હાથ જોડીને પ્રાર્થના કરતાં કે—

**'હે મંગલમય! જગતના જીવોએ તો તમારી મંગલમય મૂર્તિ નથી જોઈ, તેઓ તો અમંગલને જ મંગલ સમજીને ભેટી રહ્યા છે. નાથ! તેમના ઉપર દયા કરો, તેમનો ભ્રમ દૂર કરો, તમારી આનંદની મંદાકિનીના પવિત્ર પ્રવાહથી તેમના હૃદયને સિંચી દો, જેથી હિંસા–દ્વેષ ભૂલીને બધા પરસ્પર પ્રેમ રાખે. તમારી સર્વનું કલ્યાણ કરનારી મૂર્તિ સૌના હૃદયમાં જાગ્રત રહો.'**

ચામડાથી ઢંકાયેલી હોવા છતાં પણ કસ્તૂરીની સુગંધી બહાર નીકળ્યા વિના રહેતી નથી. આ જ પ્રમાણે દામોદરના યશની સુગંધી પણ તેનાં ફાટેલાં ચીંથરાં–કપડાં અને તૂટીફૂટી ઝૂંપડીના પડદાને ભેદીને આખા દેશમાં ફેલાઈ ગઈ. ક્રમે ક્રમે તે પેલા પરમ દેશ સુધી પણ જઈ પહોંચી! તે દેશના રસિક નરેશ મહામહેશ્વર એ જ ગંધને લીધે એક દિવસ કાંચીનગરીમાં આવીને હાજર થયા. ઉદ્દેશ્ય હતો સાચા–ખોટાની પરીક્ષા કરવાનો. આ નરેશ છે મહા માયાવી! આવતાંવેંત વૃદ્ધ સંન્યાસી બની ગયા. શરીર એટલું દુર્બળ અને વૃદ્ધ કે જાણે પગલું પણ ચાલવાની શક્તિ નથી. લાકડીને આધારે ધીરે ધીરે ચાલતાં તેઓ દરિદ્ર દામોદરને બારણે આવી પહોંચ્યા!

ભગવાનની માયા હતી, દામોદરને તે દિવસે એક મૂઠી ચોખા પણ ન મળ્યા. તે ખાલી હાથે જ ઘેર પાછા ફર્યા. પતિ–પત્ની બન્ને ભૂખ્યાં જ જમીન ઉપર સૂઈ ને ચિંતામણિનાં સુંદર ચરણોનું ચિંતન

કરવા લાગ્યાં.

તેઓ મનોમન કહેવા લાગ્યાં, 'પ્રભો! તમે સ્વામી છો, નિગ્રહ–અનુગ્રહ (કૃપા–અવકૃપા) જે ઇચ્છો તે કરી શકો તેમ છો, પરંતુ દીન જનોને તમારા સિવાય બીજા કોનો આશરો છે? તેમના તો એક માત્ર બંધુ તમે જ છો. આથી લોકો તમને અપાર કરુણાસાગર અને દીનબંધુ કહે છે. જેની રક્ષા કરનારું બીજું કોઈ નથી, તેની રક્ષા કરનાર તમે વજ્રકવચની પેઠે તમારા સેવકના શરીર ઉપર રહીને તેના બધા દોષો દૂર કરી દો છો. પ્રભો! તમે દુર્જનરૂપી દેડકાંને માટે કાળસર્પ છો, જગતના લોકોને માટે અમૂલ્ય ચિંતામણિ છો, મદોન્મત્ત માનવ–હાથીને માટે સાક્ષાત્ સિંહ છો, સમસ્ત જીવોના સ્વામી છો, એથી આ ક્ષુદ્રથી પણ ક્ષુદ્ર અધમ જીવ તમારે શરણે આવેલો છે. એને એક ભયથી બચાવો. પ્રભો! જલદી જલદી બચાવો! ભય બીજો કંઈ પણ નથી. મહામહિમાવાળા નામના અપાર મહિમાથી આ દાસ, જગતના તુચ્છ ભયની તો વાત જ શી છે, મહાન મૃત્યુના ભયથી પણ નથી ડરતો. તે કોઇ એવા ભયના નાશને માટે પ્રાર્થના પણ નથી કરતો. એને તો ભય એ જ છે કે આ વખતે જો કોઈ અતિથિ આવી પહોંચ્યા, તો તેમને ભોજન ક્યાંથી આપી શકાશે?'

'જ્યાં વાઘનો ડર હતો, ત્યાં જ સાંજ પડી.' દામોદર અને તેમની પત્ની આ ચિંતા કરતાં હતાં, તેવામાં જ તેમના કાનોમાં અતિથિના આ કરુણ સ્વરોએ પ્રવેશ કર્યો કે 'ઘરમાં કોણ છે? હું અતિથિ તમારે બારણે ઊભો છું.' અતિથિનો અતિ કરુણ અવાજ કાને પડતાં જ દામોદર ગભરાતા ગભરાતા બહાર આવ્યા. જોયું તો એક થાકયાપાકયા વૃદ્ધાવસ્થાથી જીર્ણ થયેલા શરીરવાળા તેજસ્વી યોગી મહાપુરુષ ઊભા છે. દામોદરે ભક્તિભાવથી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને અત્યંત વિનયી ભાવથી હાથ જોડીને તેમને પૂછ્યું, 'સ્વામિન્! દાસને શી આજ્ઞા છે?' સાધુએ કહ્યુ; 'ભાઈ! તારું નામ ખૂબ સાંભળ્યું છે કે તું અતિથિ–અભ્યાગતને ખૂબ સ્વાગત-સત્કારપૂર્વક ભોજન કરાવે છે. હું ગમે તેના ઘરમાં ભોજન કરતો નથી, અતિથિસેવામાં જેને શ્રદ્ધા નથી, એવો મનુષ્ય મને પગે પડે તોયે હું તેને ઘેર ભોજન માટે જતો નથી, પરંતુ શ્રદ્ધાળુ ભક્તોનું અન્ન માગીને ખાઈ લઉં છું. અતિથિ સેવકોની યાદીમાં તમારું નામ મેં ઘણી વાર સાંભળ્યું છે, તેથી તમારા અન્નને માટે મારું મન ખૂબ લલચાયું છે. આજે વિચાર્યું કે ચાલો એકવાર દામોદરદાસને ઘેર જ ભોજન કરી આવું. તેથી આવ્યો છું. ભાઈ, વૃદ્ધ શરીર છે, ડરવાફરવાનું મહામુશ્કેલીથી બને છે. તમારું અન્ન જમવાના લોભથી અહીં ચાલ્યો આવ્યો છું. કહો, મને એક મૂઠી અન્ન મળશે કે નહિ?'

દામોદરદાસ જે વાતથી ડરતા હતા, તે જ આગળ આવીને ઊભી રહી! અતિથિની વાત સાંભળીને ભારે ચિંતા થઈ. આખરે 'જેમ રામે ધાર્યું હશે તેમ થશે' એમ સમજીને દામોદરે ઠંડા પાણીથી યોગીના પગ ધોઈને મધુર સ્વરથી કહ્યું; 'મહારાજ! તમને અત્યન્ત થાકેલા જોઉં છું. આપ આ દર્ભના આસન ઉપર બેસો ને થોડીવાર આરામ કરો. હું હમણાં જ આવું છું.' એમ કહીને દામોદરે બ્રાહ્મણીની પાસે જઈને ધીરથી કહ્યું; 'સતિ! બારણે અતિથિ આવેલા છે, ભોજન ઇચ્છે છે, ઘરમાં તો કંઈ નથી. હવે શું કરવું? બ્રાહ્મણી બોલી; 'સ્વામિન્! હું શું બતાવું, તમારાથી તો કંઈ છૂપું નથી. ઘરબાર વેચવા છતાંયે એક પણ કોડી મળવી કઠણ છે. ઘરમાં એક કપડું હોત, તો તે વેચીને પણ કંઇક લાવત, મારી પાસે તો તે પણ નથી. ફાટેલું ચીંથરું અને માટીની આ ફૂટેલી હાંલ્લી, એ તો આપણા ઘરની કુલ સંપત્તિ છે. એના બદલામાં કોઈ શું આપે? એમ કહીને અતિથિસત્કારમાં પોતાની અયોગ્યતા સમજીને સતીની આંખોમાં આંસુ આવી ગયાં. પત્નીની આ હાલત જોઈને દામોદરની આંખો પણ ભીંજાવા લાગી. તેમણે એક ઊંડો નિસાસો નાખીને કહ્યું, 'ત્યારે શું થશે સતિ! શું અતિથિસેવા નહિ થાય? અતિથિ ભૂખ્યો પાછો ફરે તો પછી આપણા જીવનનું શું પ્રયોજન છે! ગોવિંદ! આટલી બધી કઠોર પરીક્ષા શા માટે?

બ્રાહ્મણી ચિંતાતુર થઇને વ્યાકુળ હૃદયથી શ્રીહરિને પોકારવા લાગી. ક્ષણવાર પછી તે પોતાના હાસ્યથી દામોદરને આશ્ચર્યચકિત કરતી બોલી; 'નાથ! આટલા બધા ભયભીત શા માટે થયા છો? આપણા પ્રભુ તો જગન્નાથ છે. તેઓ અવશ્ય અતિથિને માટે અન્ન આપશે. આપ એક કામ કરો, હજામને ઘેરથી

એક કાતર માગી આવો, પછી હું ઉપાય બતાવીશ.' દામોદર શું કરે, જલદીથી દોડીને કાતર માગી લાવ્યા અને બ્રાહ્મણીને કહેવા લાગ્યા; 'કહે, હવે શું કરવાનું છે?' તેણે હસીને પોતાના લાંબા વાળ બતાવતાં કહ્યું; 'જુઓ, મારા આ સુંદર વાળને કાતરથી કાપી નાખો. પછી આપણે બન્ને મળીને એની વેણી બાંધવાની દોરીઓ વણી લઈશું. આપ તે વેચીને પૈસા લઈ આવજો. આટલો આધાર છે તો અતિથિ-સેવાની શી ચિંતા છે?'

દામોદર બ્રાહ્મણીની આ અસાધારણ અક્કલ અને મનોહર ત્યાગવૃત્તિ ઉપર મુગ્ધ થઈને પોતાને હાથે તેના વાળ કાપવા લાગ્યા. ચારે બાજુ થોડા થોડા વાળ છોડીને વચ્ચે વચ્ચેના બધા વાળ એક જ સપાટે કાપી નાખ્યા. બન્નેએ મળીને તરત સુંદર દોરીઓ વણી લીધી. દામોદર તેને વેચવા માટે બજારમાં ગયા. સદ્‌ભાગ્યવશાત્ એક ગ્રાહક પણ મળી ગયો. તેણે કંઈક પૈસા આપીને તે દોરીઓ ખરીદી લીધી. દામોદર તે પૈસાથી અતિથિસત્કાર માટે દાળ, ચોખા, ઘી, દૂધ, દહીં, શાકભાજી વગેરે બધી ચીજો ખરીદી અને અત્યંત આનંદથી હસતા હસતા ધર્મ-શીલ પત્ની પાસે આવ્યા અને તેમણે બધી ચીજો તેની આગળ મૂકી. બ્રાહ્મણી રસોઈ બનાવવામાં ઘણી ચતુર હતી. જોતજોતામાં તેણે રસોઈ બનાવી દીધી. દામોદરે બહાર જઈને અતિથિદેવને ભોજન કરવા પ્રાર્થના કરી. અતિથિ ઘરની અંદર આવ્યા. બંને સ્ત્રી-પુરુષે ઘણા ભાવથી આજે તેમના ચરણો ધોયા. શ્રદ્ધાભક્તિથી ચરણોદક લીધું અને પોતાના મસ્તક ઉપર છાંટયું. આજે દંપતીના આનંદનો પાર નથી.

ખરેખર આજે એમના ભાગ્યનો મહિમા કોણ ગાઈ શકે તેમ છે? બ્રહ્મા પોતાના કમંડળમાં હોવા છતાં પણ જે જળનું એક ટીપું પણ પામી શકતા નથી, તે પવિત્ર ચરણોદકનું પાન આજે તેમણે ઘેર બેઠાં અનાયાસે જ કરી લીધું! ભગવાન ભાવને વશ છે, જ્યાં ભક્તકમળ ખીલે છે, ત્યાં એ મધલોભી ભમરાની પેઠે આવીને હાજર થાય છે, પરંતુ ભાવ-હીન મનુષ્ય કોઈ પણ પ્રકારે તેમને મળી શકતો નથી. અસ્તુ.

બ્રાહ્મણને ઘેર એક તૂટીફૂટી માંચી હતી, તેના ઉપર ખૂબ આદરભાવથી પતિ-પત્નીએ સાધુને બેસાડ્યા. કેળના પત્તા ઉપર ભોજન પીરસવામાં આવ્યું. બ્રાહ્મણી પીરસવા લાગી, દામોદર પંખો નાખવા લાગ્યા અને લીલામય શ્રીગોવિંદ મહાન આનંદથી ભોજન કરવા લાગ્યા. 'સાધુ અત્યંત વૃદ્ધ છે, વધારે નહિ ખાઈ શકે' એમ વિચારી બ્રાહ્મણીએ થોડું પીરસ્યું હતું, તે માયાથી વૃદ્ધ થયેલા શ્રી હરિ તરત જ બધું ખાઈ ગયા અને બોલ્યા; ઘણી સરસ રસોઈ બની છે, થોડું હોય તો કંઈક વધારે આપો. આજે ભોજન કરવાથી અત્યંત તૃપ્તિ થઈ રહી છે.' બ્રાહ્મણીએ જે કંઈ વધ્યું હતું, તે લાવીને તરત જ તેમના પત્રાળામાં પીરસી દીધું. અંતર્યામી જાણી ગયા કે આમના ઘરમાં બીજું ખાવાનું કંઈ જ નથી, તેથી ચાટીચાટીને બધું જ ખાઈ ગયા. પછી હાથ-મોં ધોઈને આરામથી બેઠા બેઠા પાન ચાવતાં વિચારવા લાગ્યા; 'અહો! આમનું જીવન ધન્ય છે, ઘરમાં કંઈ પણ નથી, સામાનમાં એક ફાટેલું ચીંથરું અને ફૂટેલી હાંલ્લી જ છે, પરંતુ અતિથિસેવામાં એમને કેટલો બધો અપૂર્વ પ્રેમ છે. મને સર્વ કંઈ ખવરાવીને બંને ભૂખ્યાં રહ્યાં, પરંતુ એમના ચહેરા ઉપર ક્યાંયે જરા પણ અસંતોષ નથી. જે માથાના વાળ માટે સ્ત્રીઓ કોણ જાણે શુંનું શું કરી નાખે છે, તે વાળ આજે અતિથિસેવાને માટે કાપવામાં બ્રાહ્મણીને સહેજ પણ આસક્તિ જણાઈ નહિ. આમની સરખામણી જગતમાં કોની સાથે થઈ શકે?

ભાવના ભૂખ્યા ભક્તપ્રિય માધવ પ્રિય ભક્તના પ્રેમભાવમાં ડૂબી જઈને કોણ જાણે શું વિચારવા લાગ્યા. થોડી વાર પછી દામોદરદાસને પોતાની પાસે બોલાવીને તેમણે કહ્યું—

'ભક્ત! તમારી સેવાથી મને અત્યંત સંતોષ થયો છે. ભાઈ! જુઓ છો, હવે રાત પડી ગઈ છે, વૃદ્ધ શરીર છે. જણાય છે કે આજે આ રાતને વખતે હું ચાલી શકીશ નહિ. માટે રાત અહીં જ ગાળીને સવારે જઈશ. સાંજના ભોજન સારુ મારા માટે વધારે સામાન લાવવાની જરૂર નથી. એક હાંલ્લી ચોખા જ ચાલશે!'

દામોદરે 'જેવી આજ્ઞા' કહીને પત્ની પાસે જઈને ચિંતાગ્રસ્ત મનથી કહ્યું; 'સતિ! અતિથિમાં આજે ચાલવાની શક્તિ નથી; તેઓ રાત્રે અહીં જ રહેશે. હવે ભોજન માટે શો ઉપાય કરવો?' પતિવ્રતા

બ્રાહ્મણીને તો ઉપાયની ખબર હતી. તેણે હસતાં હસતાં કહ્યું; 'એ વાતની શી ચિંતા છે? આ બાકી રહેલા વાળ કાપી નાખો. હમણાં જ તેની દામણી વણી લઈશું, તમે તે વેચીને સામાન લઈ આવજો. આટલા બધા ગભરાઓ છો શા માટે?' પત્નીની વાત સાંભળીને દામોદરનું હૃદય ભરાઈ આવ્યું. તેમણે માથાના બધા વાળ કાપી નાખ્યા. બંનેએ તે જ વખતે દામણી વણી લીધી. પહેલાંની પેઠે તે વેચીને બ્રાહ્મણ સામાન લઈ આવ્યા. બ્રાહ્મણી પ્રફુલ્લ ચિત્તથી રસોઈ બનાવવા લાગી. બ્રાહ્મણીએ વાળરહિત મસ્તકને એક કપડું લપેટીને ઢાંકી લીધું! પુણ્યશાળી સતીના અદ્‌ભુત ત્યાગથી અતિથિસેવા થઈ શકી એ જોઈને દામોદરને અતિશય આનંદ છે. પરંતુ જ્યારે બ્રાહ્મણીના મસ્તક તરફ દૃષ્ટિ જાય છે, ત્યારે તેને માટે આંસુ રોકવાં કઠણ થઈ પડે છે.

રસોઈ થઈ, અતિથિ જમવા બેઠા. 'થોડુંક વધારે' કહેતાં કહેતાં તેમણે બધી રસોઈ ફરીથી પૂરી કરી દીધી. કીડી ધરાય તેટલું અન્ન પણ બચ્યું નહીં. અતિથિએ હાથ-મોં ધોયાં, દામોદરે તેમને માટે ઘાસ-પાનનું ભાંગ્યુંતૂટયું આસન બિછાવી દીધું. સાધુ તેના ઉપર પ્રસન્નતાથી સૂઈ ગયા!

જે નારાયણ શેષનાગની શય્યા ઉપર, ગરુડની પીઠ ઉપર, મુનિઓના હૃદયોમાં અથવા ભોળાનાથ શંકરના અંતસ્તલમાં વિરાજે છે, તેઓ જ આજે ભક્તના પ્રેમને વશ થઈને 'દર્ભાસન'ના બિછાના ઉપર આરામથી સૂઈ રહ્યા છે. ધન્ય છે ભક્તના વિશુદ્ધ પ્રેમને અને ધન્ય છે તે પ્રેમાધીન પરમાત્માને!

દામોદર ધીરે ધીરે ચરણ દબાવવા લાગ્યા અને તેમની પત્ની સાડીના ફાટેલા છેડાથી ધીરે ધીરે હવા નાખવા લાગી. અને પ્રેમમાં પોતાની જાતનું ભાન ભૂલી ગયેલા પ્રભુ વૈકુંઠના સુખને અત્યંત તુચ્છ સમજી જાણે સુખની નિદ્રા લેવા લાગ્યા.

અતિથિને સૂતેલા જોઈને બ્રાહ્મણીએ પતિને કહ્યું 'અહા! સાધુ મહારાજ અત્યંત વૃદ્ધ છે, કમજોર શરીરથી તેઓ સવારે પણ કેવી રીતે ચાલી શકશે? કાલે સવારે તમે ભીખ માગવા શહેરમાં જજો. ભાગ્યવશ જે કંઈ મળશે, તેનાથી તેમની સેવા થશે. આપણે આજની પેઠે કાલે પણ ભૂખ્યાં જ રહી જઈશું.' જેવી બ્રાહ્મણી તેવો જ બ્રાહ્મણ હતો. તેણે કહ્યું; 'હા, હા, એ વાત બરાબર જ છે.'

જે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ ત્રણેથી અતીત છે, તેમનું સૂવાનું ને જાગવાનું કેવું? ભગવાન આંખો મીંચીને બધું સાંભળી રહ્યા છે. પતિ-પત્નીની મધુર વાણી અને તેમની અતિથિવત્સલતા જોઈને ભગવાનની આંખો ભીની થઈ. અહો! આંખના એક ખૂણામાંથી કરુણાની ધારા પણ વહેવા લાગી. હવે ભગવાન રહી શકયા નહિ. તરત માયા-નિદ્રાથી બ્રાહ્મણદંપતીને ઊંઘાડી દઈને તેઓ ઊઠીને બેઠા થયા. જોયું તો પતિ-પત્ની બન્ને પોતાનાં ચરણોમાં પડેલાં છે. ભગવાને તરત પતિવ્રતાના મૂંડાયેલા મસ્તક ઉપર હાથ મૂકયો અને તે ફેરવતાં તેઓ બોલ્યા; 'પતિવ્રતા! માતા! અહો આ 'માતા' શબ્દમાં કેટલી મીઠાશ છે, તો જરા ફરી કહું, માતા! માતા! તારું મસ્તક સુંદર વાળથી હમણાં જ ભરપૂર બની જાઓ. મા! તારું મસ્તક વિવિધ પ્રકારનાં મણિરત્નોનાં આભૂષણોથી ચમકવા લાગો! માતા! તારાં બધાં અંગો સૌન્દર્યની શોભાથી ઝગમગી ઊઠો!' ભગવાન જેમ જેમ બોલતા ગયા તેમ તેમ એ પ્રમાણે થતું ગયું. ભગવાન ઊઠીને ઊભા થયા. ચારે બાજુએ જોયું, પછી કરુણા-ભર્યા અવાજે કહેવા લાગ્યા; ઝૂંપડી! તું રાજમહેલ થઈ જા! તરત એ પ્રમાણે જ થઈ ગયું. પ્રભુ ફરીથી બોલ્યા; ઘરબાર! તમે ધન-રત્નોથી ભરાઈ જાઓ!' એ પ્રમાણે જ બની ગયું. હવે ભગવાને બન્નેના મસ્તક ઉપર હાથ મૂકીને અમૃતવૃષ્ટિ કરતાં કરતાં કહ્યું; 'અરે, તમે બન્ને જ્યાં સુધી જીવો ત્યાં સુધી સુખેથી જીવો અને જીવન પૂરું થતાં સીધાં વૈકુંઠમાં ચાલ્યાં જાઓ. હું તમારો જીવનમરણનો સાથી હંમેશાં તમારી સાથે રહીશ!" ધન્ય છે.

ભક્તને દુર્લભ આશીર્વાદ આપીને ભગવાન અંતર્ધાન થઇ ગયા. સવાર થયું. બ્રાહ્મણી જાગી. આંખો ખોલતાં જ તે આશ્ચર્યમાં લીન થઇ ગઇ.વિચારવા લાગી, 'અરે, હું શું એ જ છું. મારું સાડીનું ફાટેલું વસ્ત્ર કયાં ગયું? આ ઘણાં કીમતી વસ્ત્રો આવી ગયાં? મારું શરીર ઘરેણાંથી કયાંથી લદાઇ ગયું!' તે મસ્તક ઉપર હાથ મૂકીને વિચારવા લાગી. હાથને વાળનો સ્પર્શ થતાં જ તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. અરે! વાળરહિત માથા ઉપર રાતની રાતમાં આટલા બધા સુંદર વાળ કયાંથી પેદા થઇ

ગયા ! અરે ! આ ઘરડા શરીરમાં આટલું બધું સૌન્દર્ય ક્યાંથી આવી ગયું ? હું સ્વપ્ન તો નથી જોઈ રહી ? પેલા વૃદ્ધ સાધુ ક્યાં ગયા ? બ્રાહ્મણી ગભરાઈ ઊઠી. હવે તો તેના આશ્ચર્યનો કંઈ પાર જ રહ્યો નહિ. નથી તો એ ઝૂંપડી કે નથી ઘાસ-પાનનું બિછાનું, નથી તૂટીફૂટી હાંલ્લી કે નથી ચીંથરું. બ્રાહ્મણી પણ સુદામાની પેઠે આભી બનીને કહેવા લાગી કે—

અહો, આવડો મોટો મહેલ, આટલા બધા મોટા ઓરડા મણિ-રત્ન, ધન—ધાન્ય, અને ઘરેણાં –કપડાંથી ભરપૂર છે. અરે, સ્વામીનું રૂપ પણ બદલાઈ ગયું ! તેઓ કામદેવના જેવા ક્યાંથી બની ગયા ? શી આશ્ચર્યની વાત ! બ્રાહ્મણીએ વ્યગ્ર થઈને છેડો ખેંચીને પતિને જગાડયા અને મોટે અવાજે કહેવા લાગી; 'નાથ ! જુઓ તો ખરા, કેવી નવાઈની વાત છે.' દામોદર આંખો ચોળતા 'શું–શું' કહીને ઊઠીને બેઠા થયા અને ચારે બાજુ આશ્ચર્યથી જોવા લાગ્યા. સતી હવે વિલંબ કરી શકી નહિ. પતિનો હાથ પકડીને બહાર લઈ ગઈ અને બોલી; 'નાથ ! આ બધું પછી જોજો, પહેલાં ચાલો અતિથિને તો શોધીએ તેઓ ક્યાં ચાલ્યા ગયા ? તેઓ સામાન્ય સાધુ નહોતા !' દામોદરે જોયું કે પહેલાંના કોઈ પણ વસ્તુ નથી. સર્વકંઈ બદલાઈ ગયું છે દુ:ખ અને દરિદ્રતાને બદલે દેવદુર્લભ ઐશ્વર્યના શીતળ પ્રકાશનાં મનોહર કિરણો ચારે બાજુ ફેલાઈ રહ્યાં છે. બ્રાહ્મણ આગળ વધી શક્યો નહિ. પ્રેમમગ્ન અવસ્થામાં જ તેઓ ત્યાં ઊભા રહી ગયા ! શરીર પુલકિત થઈ ગયું. આંખોમાંથી અશ્રુધારાઓ વહેવા લાગી ! દામોદરે ગદ્ગદ સ્વરે કહ્યું; 'પ્રિયે ! ઊભી રહે, તે વૃદ્ધ અતિથિ શું કોઈ મનુષ્ય હતા, કે જેમને શોધવા બહાર જાઉં ? તેઓ જ્યારે દયા કરીને દર્શન દેવા ઇચ્છે છે ત્યારે અંદર જ તેમનો મેળાપ થઈ જાય છે. જ્યાં સુધી તેમની ઇચ્છા થતી નથી ત્યાં સુધી અંદર –બહાર ગમે તેટલું ભટકવા છતાં પણ તેમનો પત્તો લાગતો નથી. બતાવો ! એ સનાતન પરમ પુરુષને શોધવા ક્યાં જાઉં ? **તેઓ છે તો બધી જગાએ છે, નહીં તો ક્યાંયે નથી !** દર્શન દેવા ઇચ્છે તો એમ જ દઈ દે છે, નહિ તો કંઈ જ નથી દેતા. શું હજી પણ તું એમને ઓળખી ન શકી ? જેના નામથી પાણી ઉપર પથ્થર તરી ગયા, જેના ચરણસ્પર્શથી પથ્થર અહલ્યા સુંદરી મુનિપત્ની બની ગઈ, જેના અંગસ્પર્શથી કુબ્જા પરમ રૂપવતી બની ગઈ, એ ભક્તવત્સલ ભગવાન સિવાય આવું કામ કોણ કરી શકે છે ? તારા ચહેરા તરફ તો જો ! જે આ વિશ્વ-બ્રહ્માંડનું સર્જન, પાલન અને સંહાર કરે છે, તે જ પુરાણપુરુષ વૃદ્ધ અતિથિના રૂપમાં આપણું ઘર પવિત્ર કરવા પધાર્યા હતા. સતિ ! દેવિ ! આવો, આપણે તેમને શરણે જઈએ, કરુણ સ્વરથી ક્ષમા માગીએ. અરે, આપણે તો એમને સામાન્ય માણસ જ માન્યા હતા. ખબર નથી કે તેમની સેવામાં કેટલીયે ખામીઓ રહી ગઈ હશે. હાય ! આપણે હાથ આવેલું રત્ન ગુમાવી દીધું ! આ પ્રમાણે કહીને તેઓ બન્ને પસ્તાવો કરવા લાગ્યાં.

'પ્રભો ! કરુણાસિન્ધો ! અમારો અપરાધ ક્ષમા કરો, અમારાથી ભૂલ થઈ ગઈ છે. પરંતુ તમે તો નાથ ! કરુણાના અપાર સાગર છો. દેવ ! તમે આ બ્રહ્માંડના એકમાત્ર સ્વામી છો, પ્રત્યેક જીવના હૃદયમાં નિત્ય વિહાર કરો છો, તમારાથી કંઈ પણ છૂપું નથી. આથી એ પ્રાર્થના છે કે હે નાથ ! અમે અજ્ઞાનથી કરેલા અપરાધોને માટે ક્ષમા કરો !'

દામોદરદાસ અને તેમની પત્નીએ પ્રેમાવેશમાં ઘણી વાર સુધી ભગવાનની સ્તુતિ કરી. બન્ને રડયાં, જમીન ઉપર આળોટયાં અને બેભાન થઈ ગયાં. અંતે ચૈતન્ય પ્રાપ્ત થતાં મહામહોત્સવની તૈયારી કરવા લાગ્યાં. તેમનું સમસ્ત જીવન ભગવાનની સેવાના ભાવથી જ ભગવત્-રૂપ ભક્તોની સેવા અને સત્પુરુષો તથા દીન-દુ:ખીઓની સેવામાં જ વીત્યું. દેહાવસાન થયા પછી બન્ને દિવ્ય દેહ ધારણ કરીને વૈકુંઠમાં શ્રીવૈકુંઠનાથના સ્વરૂપને પ્રાપ્ત થયાં.

*

---

જેઓ પરમ કૃપાનિધિની શોધમાં છે, જેઓ ભગવત્પરાયણ છે, તેમના સત્કાર્યમાં સર્વ વસ્તુઓ મદદગાર થાય છે.

# સમાચાર સમીક્ષા

### મહાસત્તાઓનું વલણ

રશિયા અને અમેરિકા જેવી મહાસત્તા પાકિસ્તાન તરફી છે અને ભારત કશી રાજદ્વારી મદદ કે ટેકો મેળવવાની સ્થિતિમાં નથી. અમેરિકા પાકિસ્તાન ઉપરાંત ચીન સાથે પોતાના સંબંધો સુધારવા માંગે છે એટલે ભારત પ્રત્યે તેની સહાનુભૂતિ પ્રગટ થવાની નથી. ચીને ભૂતકાળમાં અકસાઈ ચીન માર્ગ બાંધ્યો ત્યારે જુદી વાત હતી. ત્યારે અમેરિકાએ સહાનુભૂતિ દર્શાવી હતી. ૧૯૬૨માં ચીની આક્રમણ વખતે અમેરિકાએ ભારતને લશ્કરી મદદ કરી હતી. પણ અત્યારે ભારત બે મોટી સત્તાઓ પાસેથી કશો ટેકો મેળવી શકે તેમ નથી કેમ કે તેમનું વલણ ભારત-વિરોધી કે પાકિસ્તાનતરફી છે.

### કાશ્મીરમાં ગંભીર પરિસ્થિતિ

પાર્લામેન્ટના કેન્દ્રીય ખંડની વાતચીત મુજબ એમ લાગે છે કે કાશ્મીરમાં ગંભીર પરિસ્થિતિ આકાર લઈ રહી છે. શ્રી. સાદીક અને શ્રી. મીર કાસીમનાં જૂથો વચ્ચેની તડ તાજેતરમાં વિસ્તૃત બની છે અને તે એટલી હદે વિકસી રહી છે કે હવે સાથે મળવું કદાચ શક્ય નથી. તેનું પરિણામ સ્પષ્ટ છે. શેખ અબ્દુલ્લા અને તેના લોકમત મોરચાને લોકો તરફથી વધુ ટેકો મળી રહ્યો છે, તેઓ વધુ મજબૂત બની રહ્યા છે.

શેખ અબ્દુલા અને તેના ટેકેદારોએ કાશ્મીરમાં બધી ચૂંટણીઓ લડવાનો નિર્ણય કર્યો છે, અને તેઓએ શરૂઆત પંચાયતની ચૂંટણીઓથી કરી છે. પંચાયતની ચૂંટણીઓ માત્ર બે જ વિસ્તારોમાં યોજાઈ છે પરંતુ પરિણામો કોંગ્રેસ માટે આઘાત-જનક છે.

તાજેતરમાં લોકમત મોરચાના નેતા શ્રી. અફઝલ-બેગે એક મહત્ત્વનું નિવેદન કર્યું છે. તેમણે એક સભામાં જણાવ્યું હતું કે, એક વખત અમે કાશ્મીરમાં ચૂંટણીઓ જીતીશું. ત્યારે અમે કાશ્મીરમાંથી બધા વિદેશી સૈનિકો પાછા ખેંચી લેવાની માંગણી કરીશું. શ્રી. બેગ વિદેશી સૈનિકોનો અર્થ ભારતના સૈનિકો કરે છે.

નવી દિલ્હી માને કે ન માને પણ એક બાબત ખૂબ સ્પષ્ટ છે કે જો શેખ અબ્દુલ્લા અને તેના લોક-મત મોરચાને ચૂંટણીઓમાં સફળતા મળશે તો તેઓ નવી દિલ્હી માટે મુશ્કેલી ઊભી કરશે. શ્રી. સાદીક અને શ્રી. મીરકાસીમ જૂથ વચ્ચેનો આંતરિક ઝઘડો બીજાં રાજ્યોના કોંગ્રેસી જૂથો વચ્ચેના ઝઘડા કરતાં નવી દિલ્હી માટે વધુ ગંભીર પ્રશ્નો ઊભા કરશે. આ ઝઘડાથી કાશ્મીરનો કેસ નબળો બની જશે.

### સરહદ પર રસ્તો

ભારત સરકારના વિદેશ ખાતાએ ઉત્તર કાશ્મીરમાં મોરખુનથી કાશ્મીર-સિંકીયાંગ સરહદ પરના ખુનજેરાબ ઘાટ સુધીનો રસ્તો બાંધવા સામે પાકિસ્તાન અને ચીનને વિરોધ યાદી પાઠવી છે. આ રસ્તાથી પાકિસ્તાન અને ચીન ઇચ્છે ત્યારે ભારતની સલામતીને જોખમમાં મૂકી શકે છે.

આ રસ્તો જો ચીન સાથેના સંબંધો બગડે તો ખુદ પાકિસ્તાનને માટે જોખમી નીવડે તેમ છે. પાકિસ્તાન કરતાં આ માર્ગ ચીનને વધુ ઉપયોગી અને અનુકૂળ થઈ પડે તેમ છે.

આ માર્ગ બાંધવામાં ૧૨ હજાર ચીની લશ્કરી માણસોને રોકવામાં આવ્યા છે. આવી ગંભીર બાબત છતાં વિદેશ ખાતાએ બે દેશના રાજદૂતોને બોલાવીને ગંભીર ચેતવણી પણ આપી નહિ. રાબેતા મુજબની વિરોધ યાદી કોઈ અસર કરતી નથી. હકીકતે ચીની અને પાકિસ્તાની સરકારોની ફાઈલો ભારતની આવી વિરોધ યાદીઓથી ઊભરાઈ પડી છે.

### તેલંગણની સમસ્યા

આંધ્રની ઉકળતી સમસ્યાઓનો કોંગ્રેસ સંસદીય બોર્ડના છેલ્લા નિર્ણયથી અંત આવે તેવું લાગતું લાગતું નથી આંધ્રનું નવું વિભાજન ન થવા દેવા આગેવાનો કૃતનિશ્ચય હોય તોયે એ તેલંગણની પ્રજાના મનનું સમાધાન થાય એવું કોઈ પગલું ભરવા તત્પર થઈ નથી. અને ઊલટું શ્રી બ્રહ્માનંદ રેડ્ડીના રાજીના-માને કારણે મેળની અને ચર્ચા-વિચારણાની જે ભૂમિકા ઊભી થઈ હતી, તેને રાષ્ટ્રપતિના ટૂંકમુદતી શાસન દ્વારા સુદૃઢ કરવાને બદલે તેનો ધ્વંસ થાય એવું વલણ તેણે અખત્યાર કર્યું છે.

શ્રી રેડ્ડીના રાજીનામા પાછળનો આશય તેલંગણની પ્રજાની એક માંગ પૂરી કરવાનો હતો. સમગ્ર આંધ્રની પ્રજાના વિધાનસભાના પ્રતિનિધિઓનો તેમને ટેકો છે કે નહિ, તે આ ચર્ચામાં ગૌણ પ્રશ્ન છે. વિધાનસભાના કોંગ્રેસ પક્ષના સભ્યો તેમને બહુમતીએ પાછા મુખ્ય મંત્રી બનાવતા હોય, તેથી આ પ્રશ્ન ઊકલે છે ખરો? આંધ્રની વર્તમાન નેતાગીરીમાં તેલંગણની પ્રજાને વિશ્વાસ રહ્યો નથી. આ વિસ્તારના મંત્રીઓએ પોતાના હોદ્દાનાં રાજીનામાં આપ્યાં છે. તેલંગણનો કોઈ પ્રતિનિધિ આ જવાબદારી સ્વીકારવા તત્પર નથી. તે સંજોગોમાં તેની માગણી અનુસાર ટૂંક સમય માટે રાષ્ટ્રપતિ શાસન સ્થાપવાનો નિર્ણય લેવાયો હોત તો તે વધુ ઉચિત થાત. કોંગ્રેસની આગેવાની જો આંધ્રના ભાગલા ન ઇચ્છતી હોય, તો તેલંગણના આગેવાનો સાથે મંત્રણાઓની અનુકૂળ ભૂમિકા ઊભી થાય, એ જ આ નિર્ણયના હિતમાં છે, એ વાત તેને કેમ નહિ સમજાઈ હોય?

બિહારમાં રાજકીય અસ્થિરતાને કારણે રાષ્ટ્રપતિ શાસન અનિવાર્ય લેખતી આગેવાનીને આંધ્રમાં આવી અસ્થિરતાનાં દર્શન નથી થતાં, તે નવાઈ જેવું લાગે છે! બંને રાજ્યોમાં પરિસ્થિતિનું સ્વરૂપ જુદું હોય તોયે તેનું હાર્દ એક જ છે. બંને રાજ્યોમાં શાસન અસ્થિર છે, ઊલટું આંધ્રમાં એક આખા વિસ્તારે લગભગ બળવો પોકારી વ્યાપક અસલામતી જન્માવી છે.

કેન્દ્રની આગેવાની અનિર્ણયની બંદીવાન બની પ્રશ્નોને હડસેલો મારે છે, પરંતુ તેમાં દેશને નબળો પાડે છે. આ જવાબદારીમાંથી તે કેવી રીતે છટકી શકશે?

*

# સંસ્થા સમાચાર

## માનવ મંદિર–મુંબઈ અને શાખા–સુરેન્દ્રનગર

વિવિધ ક્ષેત્રે માનવતાની સેવા માટે મથી રહેલ આ સંસ્થાની સ્થાપના મુંબઈમાં સન ૧૯૫૬માં થયેલી છે.

ભારતના પ્રસિદ્ધ લોકસંત અને સંકીર્તનાચાર્ય શ્રી દેવેન્દ્રવિજયના અધ્યક્ષપણા નીચે આ સંસ્થાની પ્રવૃત્તિ મુંબઈમાં વિવિધ ક્ષેત્રોમાં વિસ્તરતી રહી છે. આ સંસ્થા રજિસ્ટર્ડ પબ્લિક ટ્રસ્ટ છે. તેના સુવ્યવસ્થિત વહીવટ નીચે સુરેન્દ્રનગરમાં ચાલુ વર્ષે તેની શાખાની સ્થાપના થઈ છે. શાખાની સ્થાપનાને સુરેન્દ્રનગરની જનતાનો પણ સારો સહકાર મળ્યો છે.

સંસ્થાનું મુખ્ય ભવન 'શ્રી ગાયત્રી કૃપા' તૈયાર થઈ ગયું છે. ગત ચૈત્ર નવરાત્રમાં તેનો ભવ્ય ઉદ્‌ઘાટન સમારોહ અને પ્રતિષ્ઠામહોત્સવ યોજાયા હતા. આ સંસ્થાના પ્રાણ સમા શેઠશ્રી પી. પી. સંઘવી સંસ્થા સર્વાંગી રીતે જલદી વિકાસ સાધે તે માટે ખૂબ ઉત્સાહપૂર્વક પ્રયાસ કરી રહ્યા છે. સંસ્થામાં 'માતુશ્રી સૂરજબા પ્રભાશંકર સંઘવી–છાત્રાલય'ની સ્થાપના થઈ છે. તેમ જ શેઠશ્રી વ્રજલાલ દુર્લભજી પારેખે પોતાનાં માતુશ્રી અમૃતબાઈના પુણ્યસ્મરણાર્થે રૂ. ૫૧૦૦૦/– ની સખાવત કરી છે તેમાંથી માતૃવૃદ્ધાશ્રમની સંસ્થા આકાર લઈ રહી છે. શ્રી અમૃતબાઈ દુર્લભજી પારેખ–માતૃવૃદ્ધાશ્રમમાં વૃદ્ધ વયની માતાઓને આશ્રય મળી રહેશે. સંસ્થાના મુખ્ય ભવન ગાયત્રીકૃપાની આજુબાજુ ભગવાનના ચોવીસ અવતારોની પ્રતિમાઓનાં મંદિર નિર્માણ કરવાની યોજના વિચારાઈ છે. સંસ્થા અને તેની શાખાની પ્રગતિઓની વિગતો વખતોવખત 'આશીર્વાદ' માસિકમાં પ્રસિદ્ધ થતી રહે છે.

---

માલિક : શ્રી ભાગવત વિદ્યાપીઠ અને માનવ મંદિર વતી પ્રકાશક : શ્રી દેવેન્દ્રવિજય વિજયશંકર દવે, રાયપુર, ભાઉની પોળની બારી પાસે, અમદાવાદ.

મુદ્રક : શ્રી જગદીશચંદ્ર અંબાલાલ પટેલ, એન. એમ. પ્રિન્ટિંગ પ્રેસ, દરિયાપુર, ડબગરવાડ, અમદાવાદ–૧.